ॐ

# કહાન ક્રમબદ્ધ કથા
## અધ્યાત્મયુગપ્રવર્તક એક વીર મહાપુરુષની યશોગાથા
(ભાગ–૧)

## સત્યની ઝંખના, ખોજ અને પ્રાપ્તિ

ણમો અરિહંતાણં,

ણમો સિદ્ધાણં,

ણમો આઈરિયાણં,

ણમો ઉવજ્ઝાયાણં,

ણમો લોએ સવ્વસાહૂણં.

**અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો;**
**જિન–કુંદ–ધ્વનિ આપ્યા, અહો ! તે ગુરુ કહાનનો.**

ભારતીય ધર્મવિચારની ચિંતનધારામાં જૈનતત્ત્વજ્ઞાનનું પ્રદાન અનન્ય છે. અનેક તીર્થંકરો, શાસ્ત્રો અને આચાર્યોએ જ્ઞાન વિકાસની કેડીઓ કંડારી આપી છે. અતિ પ્રાચીન તીર્થસ્થાનો; ઊંડા, ગંભીર અને સૂક્ષ્મ સત્ય સિદ્ધાંતો; મહાપુરુષોની જીવનસાધના વગેરેથી સમૃદ્ધ જૈનધર્મે માનવમાત્રના શાશ્વત કલ્યાણનો માર્ગ બતાવ્યો છે.

પોતાની યથાર્થ અસ્તિના સ્વાનુભવપૂર્વકના સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન સહિત રાગ-દ્વેષ-મોહ-

મમતારૂપી ગાંઠ વિનાના નિર્ગ્રંથોએ એટલે કે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓએ આત્મસ્થિરતા દ્વારા મન, વાણી અને કાયાના યોગોને મર્યાદામાં લાવીને તેમ જ તમામ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને સર્વ દોષોથી મુક્ત થવા મોક્ષમાર્ગમાં અગ્રેસર થયા. આ મોક્ષમાર્ગની સાધના કરીને જ તેઓ પૂર્ણ વીતરાગ અને સર્વજ્ઞદશામય અરિહંતપદને પામ્યા અને આયુષ્ય પૂર્ણ થતાં અશરીરી સિદ્ધપદને પામ્યા.

અરિહંત એટલે કે રાગ-દ્વેષનો સંપૂર્ણપણે નાશ કરનાર પૂર્ણ વીતરાગી અને સર્વ પદાર્થોના જાણનાર-દેખનાર સર્વજ્ઞ અર્થાત્ ત્રણકાળ ત્રણલોકના જ્ઞાતા એવા દેવાધિદેવ પરમાત્મા. જેના વડે સંસારસાગર તરાય એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ તીર્થના કરનાર–રચનાર હોવાથી તેઓ તીર્થંકર પણ કહેવાય છે. તેઓ સંસારસમુદ્રને સ્વયં તરે છે અને અનંત જીવોને પણ તારે છે, તેથી જહાજ સમાન તરણતારણ છે. ધર્મનું સત્યસ્વરૂપ સમજાવી સનાતન મોક્ષમાર્ગ ખુલ્લો કરી તેઓ જગતનું કલ્યાણ કરે છે. જૈનધર્મ સંસારરૂપી ખાડામાં પડતા જીવોને આધારરૂપ–ટેકારૂપ છે અને તેના પ્રકાશક તીર્થંકર છે.

મોહ–મમતારૂપ અંતરંગ શત્રુઓને જીતવા માટે પવિત્ર આત્મસાધના જ સમર્થ છે અને આ સાધના જ વાસ્તવમાં જૈનધર્મ છે. આ ભરતક્ષેત્રમાં આ હુંડાવસર્પીણી કાળમાં આત્મસાધનાનું પાવન તીર્થ ખુલ્લું મૂકનાર દેવાધિદેવ શ્રી ઋષભદેવ–કે જેઓ 'આદિનાથ' તરીકે પણ પ્રસિદ્ધ છે, તેમનાથી માંડીને શ્રી મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકર થયા. રાગ-દ્વેષ-મોહને જિતનારા આ જિનેન્દ્રદેવની વાણીને સત્યાર્થપણે જાણી–માનીને મોહ-મમતા-તૃષ્ણા-કષાયરૂપી હિંસાને ટાળવાના માર્ગ ઉપર ચાલે એટલે કે જિનની આજ્ઞા સ્વીકારે તે જ સાચો જૈન કહેવાય છે.

જૈનધર્મના તીર્થંકરોનું સાધનામય પવિત્ર જીવન મુમુક્ષુના સર્વ આત્મપ્રદેશોમાં આત્મસાધનાનો રણકાર જગાડે છે, આત્માને ઢંઢોળે છે અને સાચી શ્રદ્ધા, સમજણ તેમ જ ચારિત્રની પ્રાપ્તિની પ્રેરણા આપી આત્માર્થી જીવોને સ્વાનુભૂતિનો માર્ગ દર્શાવે છે. પરંતુ અત્યારે તીર્થંકરના વિરહમાં આ માર્ગ ઉપર આંગળી પકડીને આપણને કોણે ચઢાવ્યા ? ભવપરિભ્રમણના આતાપથી દાઝેલા જિજ્ઞાસુ જીવોને આત્મિક શીતળતા કોણે આપી ? પરમ મહિમાવંત તીર્થંકર ભગવંતોની ઓળખાણ કરાવી, તેમણે ઉપદેશેલા મોક્ષમાર્ગની આરાધનાની રીત કોણે બતાવી ? આ સર્વ પ્રશ્નોનો એક જ ઉત્તર છે : શ્રી સીમંધરપ્રભુના દિવ્ય સંદેશા ભરતે લાવનાર સીમંધરદૂત–સીમંધરલઘુનંદન, વીરમાર્ગપ્રકાશક, સમયસારાદિ સત્શ્રુતોના રહસ્ય ઉકેલનાર, શ્રી કુંદકુંદાદિ આચાર્યોના હૃદય ખોલનાર, સિદ્ધપદ સાધક મુનિવર–સંતોના પરમ ભક્ત, અધ્યાત્મયોગી, અચિંત્ય જ્ઞાનવૈભવધારી, ભવ્ય ભક્તોના તારણહાર, દિવ્યદ્રવ્યદૃષ્ટિધારક, સમ્યક્રત્નશોભિત, આત્માનુભવી સંત પૂજ્યશ્રી કાનજીસ્વામી... કાનજીસ્વામી... કાનજીસ્વામી...

કોણ છે એ કાનજીસ્વામી ? ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શબ્દોમાં કહીએ તો... 'ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેમને અંદરમાં ચૈતન્યચમત્કાર પ્રગટ્યો હતો. તેમની દિવ્ય મુખમુદ્રા ઉપર જ્ઞાન-વૈરાગ્યની નિસ્પૃહતાભરી ખુમારી દેખાતી. તેમની આંખોમાં ચૈતન્યનું તેજ ને ચમત્કૃતિ હતાં. તેમનો દેદાર જોતાં જ એમ લાગે કે આ મહાપુરુષ છે.

શાસ્ત્રોમાં ભરેલ ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે, આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે ? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે ? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠાં હતા ? – જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઊડાડી દે એવી દૈવી વાણી હતી. આપણા ભાગ્ય કે ગુરુદેવની એ મંગલમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી.

કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે. ગુરુદેવનું જેટલું બહુમાન કરીએ–તેમના જેટલા ગુણગાન ગાઈએ તેટલા ઓછા છે.'

હે ગુરુદેવ ! આપના અધ્યાત્મના ઘોલનનું પ્રતિબિંબ પાડતી અતિ ગંભીર મુખમુદ્રા, નિજ શુદ્ધાત્મતત્ત્વના પ્રત્યક્ષ અનુભવજ્ઞાનનો ચિતાર આપતું સ્પષ્ટ મુંઝવણવિહીન મુખકમળ, અલૌકિક આદર્શરૂપ પવિત્ર જીવન અને અંતર અતીન્દ્રિય આનંદને જાણે કે ઝીલતું હોય એવું પ્રસન્ન નિર્દોષ હાસ્ય તથા સ્વરૂપ સન્મુખના પ્રખર પુરુષાર્થને દર્શાવતી દ્રઢ મુખાકૃતિ હજારો મુમુક્ષુઓના હૃદય–મનને ડોલાવતી હતી.

ભગવાનઆત્મા... ભગવાનઆત્મા... ભગવાનઆત્મા... એમ જીવનના અંતિમ શ્વાસ સુધી આનંદનો કંદ અને જ્ઞાનનો પિંડ એવા પવિત્ર ભગવાનઆત્માના ગાણાં ગાનાર અને તેના જ શ્રદ્ધા-જ્ઞાન-આચરણની પ્રેરણા આપનાર યુગાન્તરકારી સત્પુરુષ શ્રી કાનજીસ્વામીને હજારો શ્રોતાની સભામાં પ્રવચન આપતા આપતા પણ, ભલે ક્ષણ વાર માટેય, નિજ આત્મામાં સ્થિર થતાં–જામી જતાં હજારો આંખોએ જોયા છે. તેઓશ્રી શું કહે છે ? તેઓશ્રીના કહેવાનો ભાવ શું છે ? એ વાતને સમજનારા ભલે ઓછા લોકો હોય, પણ એવો અનુભવ તો બધાને અવશ્ય થયો જ હશે કે ગુરુદેવશ્રી જે કાંઈ કહી રહ્યાં છે તે જોઈને–જાણીને–અનુભવીને કહી રહ્યા છે. તેઓશ્રીની વાત અંતરના ઊંડાણમાંથી આવે છે; માત્ર કહેવા ખાતર નહિ.

ભલે સભા નાની હોય કે મોટી, શ્રોતા જાણીતા હોય કે અજાણ્યા, એક આત્માની

જ વાત કરતા. અંદર કાંઈ હોય અને બહાર કાંઈક કહેવું એવી વિસંગતતા / વિરુદ્ધતા તેઓશ્રીના જીવનમાં ક્યારેય જોવા મળતી નહિ. નિર્મળ અરીસા જેવું સીધું, સાદુ અને સરળ તેઓશ્રીનું જીવન હતું. તેઓશ્રીની વાણીમાં કોઈની ટીકા–નિંદા આવતી નહિ. કોણ નિંદા કરે છે ? શા માટે કરે છે ? તેની પરવાહ કર્યા વગર સત્યનું સ્થાપન કરતા અને સાધનાના માર્ગ પર અડગ રહેતા. વિરોધી પ્રત્યે તો તેઓશ્રીની વાણીમાં કરુણા ટપકતી. આત્મકલ્યાણની વાત આગમ સાક્ષીપૂર્વક તર્કથી સિદ્ધ કરીને અને આચાર્યો–સંતોને હૃદયમાં રાખીને અનુભવના પ્રમાણથી અતિ નમ્રતાપૂર્વક છતાં દૃઢતાથી કરતા. જીવનને ધર્મમય બનાવનાર ગુરુદેવશ્રી લૌકિક વાતોથી બહુ દૂર રહેતા.

આ કળિકાળમાં એક જ પુરુષના જીવનમાં પવિત્રતા અને પુણ્યનો સહજ સંયોગ હોય એવું અતિ દુર્લભ છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી એવા યુગપુરુષ હતા કે જેઓ પવિત્રતા અને પુણ્ય બન્નેના સ્વામી હતા. તેમના સોના જેવા પવિત્ર જીવનમાં પુણ્યરૂપી સુગંધ ભળી હતી.

તેઓશ્રી અંતરબાહ્ય વ્યક્તિત્વના સ્વામી એવા મહાપુરુષ હતા. એક તરફ જ્યાં સ્વચ્છ, શ્વેત પોષાકથી સર્વાંગ ઢંકાયેલી એકદમ રૂપાળી વિરાટ કાયા, તેના ઉપર ઉગતા સૂર્ય સમાન તેજસ્વી ઉન્નત ભાલ તથા કોઈવાર અંતર્મગ્ન, ક્યારેક ગંભીર અને ક્યારેક અંતરમાંથી પ્રગટેલા આનંદના હિલોળાથી ખીલતા ગુલાબના પુષ્પ જેવું બ્રહ્મતેજથી ઝળહળતું મુખમંડળ હજારો શ્રોતાઓને – ભલે કદાચ તેઓ તેઓશ્રીની વાણીમાંથી કાંઈપણ ન સમજે તો પણ – મંત્રમુગ્ધ કરતું હતું. તો બીજી તરફ સ્વભાવથી સરળ, સંસારથી ઉદાસ, નિરંતર આત્મ-અનુભવ ને સ્વાધ્યાયમાં મગ્ન, વિરોધી પ્રત્યે પણ સમતા ને કરુણા રાખનાર, નિરાભિમાની છતાં સિદ્ધાંતોના ભોગે કદી ન ઝુકનાર, અત્યંત નિસ્પૃહી ને દૃઢ શ્રદ્ધાની, ગણધર જેવા વિવેકી, વજ્રથી પણ કઠોર હોવા છતાં ફૂલથી પણ કોમળ ગુરુદેવશ્રીનું અંતઃકરણ મોટા વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

કહાનગુરુના વ્યક્તિત્વમાં એક તેજ–આભા હતી. તેમની આસપાસ જ્ઞાનતેજનું આભામંડળ રચાયું હતું. તેઓશ્રીની અપૂર્વ, અસ્ખલિત, અમૃતમય મીઠી–મધુરવાણીનો જાદુ ચોતરફ છવાઈ જતો. તેઓશ્રીની પ્રખરવાણી અને આધ્યાત્મિક વિચારધારાથી પ્રભાવિત થઈને જૈનસમાજના વિદ્વાન સિદ્ધાંતાચાર્ય પંડિત કૈલાસચંદજી નોંધે છે કે 'કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, પણ જો કદી કોઈ તટસ્થ ઇતિહાસકાર જૈન સમાજના આ ત્રણ દાયકાનો ઇતિહાસ લખશે તો તે આ કાળને 'કાનજીયુગ' તરીકે જ સ્વીકારશે.'

પુરુષાર્થ પ્રેરણામૂર્તિ ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ એમના ભૂતકાળના અવતારમાં શ્રી સીમંધરસ્વામીના મંગલ દર્શન કર્યા હતા અને દિવ્યધ્વનિનું વર્ષો સુધી પ્રત્યક્ષ શ્રવણ પણ કર્યું હતું. આજથી બે હજાર વર્ષ પૂર્વે મહાન દિગંબર સંતશ્રી કુંદકુંદાચાર્યદેવ જ્યારે વિદેહક્ષેત્રે

પધાર્યા હતા ત્યારે તેમના પ્રત્યક્ષ દર્શન પણ કર્યા હતા. વિદેહથી ભારતભૂમિમાં પધારીને ગુરુદેવશ્રીએ અધ્યાત્મની જ્ઞાનગંગા વહેવડાવી હતી. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઇતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર અને ભાવિના ભગવાન એવા મહાન યુગપુરુષ જો કોઈ થયા હોય તો તે કૃપાસિંધુ સ્વાનુભૂતિપ્રાપ્ત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જ છે.

સૌરાષ્ટ્રની ધરતીમાં કોણ જાણે એવી કોઈ વિશેષતા છે કે તેણે આવા મહાપુરુષને જન્મ આપ્યો. પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ ૪૫-૪૫ વર્ષના દીર્ઘકાળ સુધી ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લામાં આવેલા સોનગઢમાં રહીને આધ્યાત્મિક સ્વતંત્રતાનું પથપ્રદર્શન કર્યું. સ્વયં તેના ઉપર ચાલ્યા ને બીજાઓને પણ ચાલવાના પ્રેરણાસ્રોત બન્યા. સોનગઢ–કે જે 'સુવર્ણપુરી' ના નામે મુમુક્ષુઓમાં પ્રખ્યાત છે તે – આજે તીર્થધામ બની ગયું છે. કેમ ન બને ? કેમ કે જ્યાં જ્યાં સંતોના–જ્ઞાનીઓના–ધર્માત્માઓના ચરણ પડે છે તે સ્થાન તીર્થધામ બની જાય છે. તો પછી સોનગઢ તીર્થધામ કેમ ન બને ? ત્યાં તો મોક્ષમાર્ગના પાવન પથિક એવા ગુરુદેવશ્રીએ આત્મસાધના કરી હતી અને ભવ્ય જીવોને આત્મસાધનાનો માર્ગ દેખાડ્યો હતો.

આજે એવો ક્યો જૈન હશે કે જે ગિરનારજી અને શત્રુંજયની યાત્રાએ ગયો હોય પણ સોનગઢ ન ગયો હોય, અને ત્યાં જઈને વિશાળ જિનમંદિર, સુંદર સમવસરણ મંદિર, ભવ્ય માનસ્તંભ, અદ્વિતીય પરમાગમ મંદિર, મનોરમ્ય પંચમેરુ–નંદીશ્વર જિનાલય અને ગુરુદેવશ્રીની જીવનગાથા ગાતા સ્વાધ્યાય મંદિરના દર્શન કરી કૃતાર્થ ન થયો હોય ? એવો ક્યો આત્માર્થી મુમુક્ષુ સાધક હશે કે જેણે 'તૂં ભગવાન આત્મા છો' એવા સિંહનાદોથી ગાજતી ગુરુદેવશ્રીની તપોભૂમિ સોનગઢ જોયું નહિ હોય અને સમયસારમાં વર્ણવેલા આત્મનાદના ગુંજન સાંભળ્યા નહિ હોય ? આજે સોનગઢ, સમયસાર અને પૂજ્યશ્રી કાનજીસ્વામી એ ત્રણેય પર્યાયવાચી બની ગયા છે. સોનગઢના પરમાગમ મંદિરમાં આરસના પાટિયા ઉપર સર્વશ્રેષ્ઠ દિગંબર આચાર્ય શ્રી કુંદકુંદાચાર્ય રચિત પંચ પરમાગમોને કોતરીને તેમની વાણીને અમર બનાવી છે. આચાર્યદેવનું આનાથી ઉત્તમ સ્મારક બીજું કયું હોઈ શકે ? પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રી તો આચાર્યદેવના તથા તેમના સમયસારના જીવંત સ્મારક હતા. કેમ ન હોય ? સમયસારે તો તેઓશ્રીનું જીવ બદલી નાખ્યું હતું. એક સમયસાર શાસ્ત્ર મેળવીને તેઓશ્રીએ શું ન મેળવ્યું ? સર્વસ્વ મેળવ્યું.

અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાને પ્રકાશેલો, શ્રી કુંદકુંદાચાર્ય આદિ સંતો દ્વારા શાસ્ત્રોમાં સંગ્રહાયેલો, તર્કથી સિદ્ધ થયેલો અને અનુભવની કસોટીમાંથી પાર ઉતરેલો એવો અધ્યાત્મવિદ્યાવાળો સ્વાનુભવપ્રધાન વીતરાગ જૈનધર્મ રૂઢિચુસ્ત સંપ્રદાયમાં અને બાહ્ય ક્રિયાકાંડમાં અટવાઈને લુપ્તપ્રાયઃ થઈ રહ્યો હતો. એવા આ વિષમ યુગમાં ભારતના સુપાત્ર

જીવોના મહાપુણ્યોદયે આ ધર્મપુરુષે અહીં અવતાર લઈને વીતરાગમાર્ગમાં પ્રાણ પૂર્યા છે, આત્મ-આરાધનાનો પંથ ઉજાળ્યો છે અને તેને ચેતના અર્પી છે, તેમ જ વાડાના બંધનમાંથી મુક્ત કરી લાખો જીવોમાં તત્ત્વ સમજવાની જિજ્ઞાસા જાગૃત કરી સમજણના માર્ગે દોર્યા છે. સ્વાનુભવસભર જ્ઞાનકળાથી જિનશાસનના સૂક્ષ્મ રહસ્યોને પ્રગટ કરી આત્માની શક્તિરૂપ પ્રભુતાનો વિશ્વાસ કરાવ્યો છે. ધર્મજિજ્ઞાસુ જીવો ઉપર જેમનો અત્યંત ઉપકાર છે એવા અધ્યાત્મયુગસૃષ્ટા વીતરાગમાર્ગપ્રભાવક પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગનું જાજ્વલ્યમાન અને અસાધારણ બુદ્ધિમત્તા ધરાવતું એક મહાન બહુમુખી વ્યક્તિત્વ હતું. તેઓશ્રીને સાતિશય પ્રભાવનાયોગ હતો. તેઓશ્રીની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી બહુ દૂર જન્મ લઈને કોઈના પણ આધાર વિના સ્વયં સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પૌરુષથી જીવનમાં તેને આત્મસાત પણ કર્યું. આ જીવનમાં શુદ્ધ આત્મતત્ત્વની દેશના માટે તેઓશ્રીને કોઈ ગુરુનો યોગ મળ્યો નહોતો, છતાં પણ તત્ત્વને પ્રાપ્ત કરી લીધું હતું. કેમ કે ગુરુદેશના તેઓશ્રીએ પૂર્વ જન્મમાં જ પ્રાપ્ત કરી લીધી હતી. તેમનાથી પ્રાપ્ત સંસ્કાર આ ભવાંતરમાં પણ તેઓશ્રીની સાથે રહ્યા અને તેના થકી અલૌકિક પ્રકાશ પથરાયો, આત્મ-અનુભૂતિ પ્રાપ્ત થઈ અને તેઓશ્રીએ અલૌકિક અધ્યાત્મક્રાંતિ ફેલાવી.

અનાદિકાળથી ભવવનમાં ભટકતા ભક્તોને મોક્ષમાર્ગનો સત્યપંથ દર્શાવનાર, સંસારસમુદ્રમાં ડૂબતાં જીવોને ભેદજ્ઞાનરૂપી નૌકા દ્વારા તારનાર અને જન્મ-જરા-મરણના ત્રિવિધ તાપથી આકુળ-વ્યાકુળ એવા ભવ્યજીવોને દિવ્યધ્વનિ સમાન અમૃતમય વાણીથી શાંત કરનાર પરમોપકારી કરુણાસાગર પૂજ્યશ્રી કાનજીસ્વમીના ગુણ ગાવાને કોણ સમર્થ છે ? કેમ કે તેઓશ્રીના ઉપકારો અનંત છે, જ્યારે જીભ એક જ છે અને શબ્દો પણ થોડા જ છે. પૃથ્વી જેટલો કાગળ લઈએ, સમુદ્રોના જળની શાહી બનાવીએ અને વનવૃક્ષોની કલમથી લખીએ તો પણ આ મહાપુરુષના ગુણ–કે જે અનંત છે તે–લખી શકાય નહિ. અનંત ગુણધારી ભાવિ તીર્થંકર ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યેની ભક્તિને વશ થઈને તેમ જ તેઓશ્રીના જીવન અને કાર્યો વિષે જાણવાની ઉત્કંઠાથી તેઓશ્રીના જીવનપ્રસંગોને સંગ્રહિત કરવાનો યત્કિંચિત્ પ્રયત્ન કર્યો છે. તેઓશ્રીની આ જીવનગાથા સર્વ જીવોને સત્ અને સંત–બન્ને પ્રત્યે પરમ બહુમાન જગાડીને આત્માર્થતાનું પોષણ કરશે એવી ભાવના છે. તો ચાલો, આપણે સૌ તેઓશ્રીની પ્રભાવશાળી જીવનગાથા માણીએ.. જાણીએ...

તારીખ ૨૧-૪-૧૮૯૦, વિક્રમ સંવત ૧૯૪૬, વૈશાખ સુદ બીજને રવિવારના શુભ દિને વહેલી સવારે સૌરાષ્ટ્રના ઉમરાળા ગામે પ્રકાશનો ઝબકારો થાય છે અને તે દિવસે બે સૂર્ય ઉદીત થાય છે. એક સૂર્ય આકાશમાં કાળઝાળ ગરમી રેલાવા ઉદય પામે છે, જ્યારે બીજો સૂર્ય લોકાના અજ્ઞાન-અંધકારને નાશ કરી સમ્યક્જ્ઞાનપ્રકાશ પાથરવા ઉદીત થાય છે.

અનાદિકાળથી પરમાંથી સુખ લેવા માટે આકુલિત થયેલી પરિણતિને પરમ શાંતરસરૂપી અમૃતપાન કરાવવા માટે જેમ જ્ઞાનધારા પ્રગટ થાય, તેમ આ સૂર્યનો ઉદય થોય હોય એમ લાગે છે. આજે ગામના લોકોના આનંદનો પાર નથી. કુદરત પણ આનંદથી પ્રમુદિત થઈ ઉઠી છે. દરરોજ કાળઝાળ ગરમી રેલાવતો સૂર્ય પણ આજે પ્રમાણમાં કાંઈક શાંત હોય તેમ લાગી રહ્યું છે. શું કારણ છે ? શા માટો લોકો આનંદથી ઉલ્લસિત થઈ રહ્યા છે ? વાતાવરણમાં પ્રફુલ્લિતતા શા માટે છે ? ભારતવર્ષની બહુરત્ના વસુંધરા શા માટે થનગની રહી છે ? આકાશમાં દુંદુભીનાદ શા માટે સંભળાઈ રહ્યો છે ? કારણ કે દશાશ્રીમાળી વણિક પરિવારમાં શ્રી મોતીચંદભાઈને ત્યાં ઉજમબાની કુંખે એક પવિત્ર આત્માનું જગત ઉદ્ધાર અર્થે આગમન થયું છે.

ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા,

જન્મ્યા તારણહાર રે,

સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;

ઉજમબા–માતાના નંદન આનંદકંદ,

શીતળ પૂનમનો ચંદ રે,

સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે... ૧.

મોતીચંદભાઈના લાડીલા સુત અહો !

ધન્ય માતા–કુળ–ગ્રામ રે,

સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે... ૨.

દુષમ કાળે અહો ! કહાન પધાર્યા,

સાધકને આવ્યા સુકાળ રે,

સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે... ૩.

સગાસંબંધીઓ બાળકની કોઈ અનોખી મુખમુદ્રા જોતાં તૃપ્તિ પામતા નથી. માતા–પિતાના હર્ષનો–પ્રસન્નતાનો પાર નથી. જોષી જોષ જોવા આવે છે, બાળકને વિસ્મય નેત્રથી જોઈ રહે છે અને જાહેરાત કરે છે : ‘અહો ! આ બાળક તો જગતનો તારણહાર છે. જાણે કોઈ અસાધારણ મહાત્મા આંગણે પધાર્યા છે !’ પવિત્ર, અલૌકિક બાળકના જન્મની વાત સાંભળતા માતા-પિતા ભાવવિભોર થઈ જાય છે અને બાળકનું નામ ‘કાનજી’ રાખવામાં

આવે છે.

કાનજી સહિત પરિવારમાં ચાર ભાઈઓ છે. સૌથી મોટા દીપચંદભાઈ, એ પછી ખુશાલભાઈ, ત્યારબાદ પોતે કાનજી અને લઘુબંધુ મગનભાઈ. બાપ-દાદાનું મૂળ ગામ ગઢડા. દાદા ગામના નગરશેઠ અને પૈસાદાર મોભી. તેમનું નામ પુરુષોત્તમ કુંવરજી હોવા છતાં 'ગીગાકુરા'ના નામે જાણીતા હતા. તેઓ કવિ હતા અને કવિતા પણ રચતા. ગઢડામાં સૌ પ્રથમ મેડીબંધ મકાન તેમનું બન્યું હતું. વર્ષમાં સીઝન હોય ત્યારે બે મહિના જ ધંધો કરતા. તેમાં જે પૈસા મળે તેનાથી સંતોષ માનતા ને બાકીના દશ મહિના નિવૃત્તિથી રહેતા. સમય જતાં ઉમરાળા આવીને વસવાટ કર્યો.

ઉમરાળાના નૈસર્ગિક વાતાવરણમાં બાળક કાનજીનો ઉછેર શરૂ થાય છે. અંતરંગમાં વ્યાપેલી નિર્દોષતા, કોમળતા, નિસ્પૃહતા તથા ઉદાસીનતા જાણે કે બાહ્ય દેહમાં પણ છવાયેલી રહે છે. બાળપણથી જ સ્વભાવ શાંત, ઠરેલ. હોનહાર મહાપ્રતાપી પુરુષના મુખ ઉપર સૌમ્યતા ને વૈરાગ્યની છાપ એવી તો અંકિત થયેલી રહે છે કે તેને જોતાં જ લોકોના મન પર એક અમિટ છાપ પડી જાય છે. તેની આંખોમાં બુદ્ધિ ને વીર્યનું તેજ સદાય તરવરતું રહે છે. જે કોઈ અસાધારપણાનું અને અલૌકિતતાનું દર્શન કરાવે છે. તીક્ષ્ણ દૃષ્ટિ, દરેક વસ્તુમાં ઊંડા ઉતરવાની ટેવ, સર્વાંગે વિચક્ષણ નિરિક્ષણ અને દરેક વાતના હાર્દમાં ઉતરી નિર્ણય કરવાની શક્તિ અજબ છે. અતિશય ગોરો વાન અને કોમળ શરીર જોઈ મિત્રો તેને 'મઢમ' કહીને ચીડવે છે. રૂની પૂણી જેવું શરીર જોઈને કુટુંબીજનો 'પુઈ' કહીને બોલાવે છે.

સાત વર્ષની ઉંમર થતાં બાળ કાનજી ધૂળી નિશાળમાં ભણવા બેસે છે. ત્યાં એવી પદ્ધતિ કે પ્રથમ ધૂળમાં આંકડા લખાવે, પછી પાકા આવડી જાય એટલે પાટીમાં લખાવે. કાનજી સૌ પ્રથમ શીખે છે : 'સિદ્ધોવર્ણ સમામ્નાયઃ' તેનો અર્થ : વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે. તીવ્ર સ્મરણશક્તિ અને પ્રખર બુદ્ધિમત્તાને કારણે બાળ કાનજી શાળામાં પ્રાયઃ પ્રથમ નંબરે પાસ થાય છે. છતાં નિશાળના લૌકિક અભ્યાસથી સંતોષ પામતા નથી. બાળપણથી જ સત્યની ખોજ અતિશયપણે અત્યંતપણે રહે છે અને તેથી તે અંગેના વિચારો પણ ઘણા આવે છે. તેને ઊંડે ઊંડે એમ રહ્યા કરે છે કે 'હું જેની શોધમાં છું તે આ નથી.' આ ખટક કોઈ કોઈવાર તો તીવ્રતા ધારણ કરે છે અને એક વખત તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડે છે.

કણબીવાડમાં નરોત્તમ નામના શિક્ષક એકલા રહે. તે રસોઈ કરે ત્યારે કાનજી સહિત બે-ચાર હોંશિયાર વિદ્યાર્થીઓને બોલાવે. કાનજી હોંશિયાર વિદ્યાર્થી ગણાય છે એટલે તે પણ જાય છે. તે કહે : 'હું જે પાઠ ભણાવવાનો છું તે વાંચીને આવજો. પછી હું અર્થ કરું ત્યારે તમે વાંચેલું હોય અને મેં અર્થ કર્યો હોય તેમાં શો ફેર પડે છે તે તપાસજો. પરીક્ષા

સમયે કાનજીને કાંઈ વિશેષ લાગતું નથી, કેમ કે હોંશિયાર હોવાથી જે જે પરીક્ષા આપે તેમાં પહેલે નંબરે જ પાસ થાય છે.

લૌકિક અભ્યાસની સાથે સાથે જૈનશાળામાં ધાર્મિક અભ્યાસ પણ શરૂ થાય છે અને તેજસ્વી વિદ્યાર્થી હોવાથી ત્યાં પણ પ્રથમ નંબર રાખે છે.

## સંવત ૧૯૫૬

આ વર્ષમાં છપ્પનિયો દુષ્કાળ પડે છે. ૧૦ વર્ષના બાળ કાનજી ઉપર આ દુષ્કાળની ઊંડી અસર થાય છે. આસપાસ ઢોરઢાંખર ભૂખે-તરસે મરતા જોઈ તેનું મન કકળી ઊઠે છે. તે જુએ છે કે એક ભરવાડ ગાયના ટેકે માથું નાખી રડે છે. ગાયની આંખમાં પણ આંસુ છે. આ વેદના તેનાથી જોઈ શકાતી નથી, પણ જોયા સિવાય પોતે બાળક બીજું કરી પણ શું શકે ? આ દુષ્કાળ નાનકડા કાનજીના મનમાં અતિકરુણ છાપ મૂકે છે.

## સંવત ૧૯૫૭

૧૧ વર્ષની ઉંમરે પોતે એકવાર જૈનશાળાના પગથિયાં ઉતરતા હોય છે. ત્યારે રતનચંદજી નામના તેરાપંથી સ્થાનકવાસી સાધુને વૈરાગ્યની મસ્ત ચાલથી જતાં જુએ છે. તે એવા નિઃસ્પૃહી કે તેમને કોઈ પૂછે કે 'મહારાજ ! ગામમાં કેટલું રહેશો ?' તો એક જ ઉત્તર આપે કે, 'ભગવાન દેખ રહા હૈ.' તેમને એકલા જતા જોતાં જ તરત જ હોનહાર મહાપુરુષના હૃદયમાં સોંસરવટ ઘા પડે છે. અંદરમાં આશ્ચર્ય થાય છે કે 'અહા..! કેવી વૈરાગ્યની ધુન ! કોઈ સાથી કે સંગાથી નહિ, સાવ એકલા, કેવી અદ્‌ભુત દશા !' – આમ બાળવયથી વૈરાગી જીવન પ્રત્યે ચિત્ત આકર્ષિત થાય છે.

નાનપણથી જ કાનજીના વ્યક્તિત્વમાં નાશવાન ચીજ પ્રત્યે ઉપેક્ષા, શાશ્વત હિતની ભાવના, સત્યનિષ્ઠા, વિચારકપણું, નિડરતા, પ્રમાણિકતા જેવા અનેક આદર્શ સદ્‌ગુણો વિકસે છે. તેને નિશાળમાં સાથે ભણતો બાળપણનો એક મિત્ર છે. તેનું નામ છે સુંદરજી રૂપા. તેને એક એવી ટેવ કે વારંવાર નાકમાંથી ગુંગો કાઢી દાંત વચ્ચે દબાવે. એટલેથી જ તેને સંતોષ ન થાય. તે પછી જીભનું ટેરવું તેને અડાડે ને સ્વાદ લે. મિત્રભાવે કાનજી પ્રેમથી

ઘણીવાર કહે : 'અરે.. પણ સુંદરજી ! આ તું શું કરે છે ? આપણને આ ગુંગાના સ્વાદ ન શોભે.' શરમાઈને સુંદરજી નીચે જુએ ને કહે : 'શું કરું ભાઈ? મને ટેવ પડી ગઈ છે.' તે ઉપરથી એ સિદ્ધાંત છે કે રાગ-દ્વેષરૂપી અશુદ્ધતાનો સ્વાદ લેવાની આપણને પણ આવી જ ટેવ પડી છે ને ? સમજાણું કાંઈ ?

એક વાર ગારિયાધાર બેનના ઘરે કેટલોક વખત રહીને પાછા ઉમરાળા આવીને સ્કૂલમાં ગયા ત્યારે છેલ્લા નંબરે બેસવું પડે છે. કેમ કે તે પાછળથી આવે તેને તો છેલ્લે જ બેસાડે ને ? પ્રથમ નંબરે થોડા જ બેસાડે ? આથી ખૂબ જ રડવું આવે છે કે મારો છેલ્લો નંબર ? જો કે પછી તો બીજે મહિને, હોંશિયાર હોવાથી પહેલા નંબર ઉપર આવી જાય છે.

સમયાંતરે જૈનશાળામાં કરાવવામાં આવતા ધાર્મિક અભ્યાસની રુચિ–પ્રેમથી લૌકિક અભ્યાસનો રસ ઓછો થતો જાય છે. તેને કાગળ પરની ભૂમિતિમાં રસ ઓછો પડે છે. એકવાર શિક્ષક ધ્યાન પણ દોરે છે : 'બીજા વિષયોમાં જેમ પ્રથમ નંબર આવે છે તેમ ભૂમિતિમાં પણ પ્રથમ નંબર આવવો જોઈએ.' શિક્ષકને શું ખબર કે આ ભૂમિતિનો અભ્યાસ છોડી બાળકાનજીએ ક્યારનો ત્રણે ભુવનમાં સારભૂત અભ્યાસમાં જીવ પરોવ્યો છે. એક વાર શિક્ષક કહે : 'જૈનશાળાના અભ્યાસમાં ઓછું ધ્યાન આપો તો ચાલે.' ત્યારે વિદ્યાર્થી કાનજી કહે : 'અમારે તો જૈનશાળાનો અભ્યાસ જ પહેલો ને મુખ્ય છે. જો તેમાંથી વખત મળે તો આ અભ્યાસ છે.' તે પછી ૧૩ વર્ષની ઉંમરે છ ધોરણ સુધીનો અભ્યાસ કરી લૌકિક શિક્ષણને તિલાંજલી આપે છે. નિશાળના લૌકિક અભ્યાસમાં બધા ધોરણમાં પહેલા નંબરે પાસ થાય છે, છતાં ધર્મના સંસ્કારથી તેમ જ જૈનશાળામાં ભણવા માટે નિશાળે જવાનું છોડે છે. જૈનશાળા પહેલી, નિશાળ પછી. જે ધર્માત્મા લોકોને મુક્ત થવાની વિદ્યા શીખવવાના છે તેને આવા તુચ્છ લૌકિક ભણતરમાં રસ ક્યાંથી આવે ?

એક વખત પતંગ ચડાવતા બીજાનો પતંગ કપાઈ જાય છે. આથી તેને દુઃખ થાય છે. તેનું દુઃખ જોઈને પોતાને અત્યંત શરમ થાય છે ને કાયમ માટે પતંગ ચડાવવાનું બંધ કરે છે.

કાનજીના ઘરની બાજુમાં ભૂંભલી ગામના (માતાનું પિયર) મુળજીભાઈ નામના એક બ્રાહ્મણ રહે. તેને કાનજી 'મુળજીમામા' કહીને બોલાવે. તે ન્હાતી વખતે ગાય : 'અનુભવીને એકલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે...' આ કડી કાનજીને ખૂબ ગમે. એથી તેમને ઘણીવાર પૂછે : 'મામા ! તમે આ શું ગાવ છો ?' ત્યારે મુળજીમામા કહે : 'તેના અર્થની મને ખબર નથી.' આ વાત સાંભળી કાનજી હસી પડે અને કહે : 'મામા ! તમે ગાવ છો તો પણ તેના અર્થની તમને ખબર નથી ? આવું તે કેમ ચાલે ?'

## સંવત ૧૯૫૯

આ વર્ષે ઉમરાળામાં પ્લેગ ફાટી નીકળે છે. આ રોગથી બાળક કાનજીને બચાવવા માતાશ્રી ઉજમબા વ્હાલસોયા બાળકને ઉમરાળાથી દૂર ગારિયાધાર મોકલે છે. વહેલી સવારે અંધારામાં બાળક કાનજીને લઈને એકો ઉપડવાની તૈયારીમાં છે. માતા કહે : 'ભાઈ કનુ ! બેનને સાંઈ કહેજે.' આ છે છેલ્લા સાંભળેલા માતાના શબ્દો અને માતા-પુત્રનું અંતિમ મિલન. કેમ કે અમુક દિવસ પછી ગારિયાધારમાં સમાચાર મળે છે કે ૪૮ વર્ષની વયે માતાશ્રી ઉજમબાએ સદાયને માટે વિદાય લીધી છે.

એકવાર ગારીયાધારમાં જમણ વખતે તબિયત ઠીક નહિ હોવાથી જમવા જતા નથી. જમાડનાર આગ્રહ કરે છે કે જમવા આવો, કાંઈ નહિ તો છાશ-ભાત ખાજો પણ જમવા આવજો. કેમ કે આ બધામાં કોઈ તીર્થંકરનો જીવ પણ હોઈ શકે, તેનો લાભ ન છોડાય. અવ્યક્તપણે પણ વાત સાચી જ છે ને !

સૌથી મોટાભાઈ દીપચંદભાઈનું અવસાન ૨૮ વર્ષની ભરયુવાન વયે સંવત ૧૯૫૭ માં થયેલું અને હવે સંવત ૧૯૫૯માં માતાનો પણ વિયોગ થાય છે. ભાઈઓ નાના હોવાથી પિતાજી એકલા પડી જાય છે. આ કારણે તથા વ્યવસાય અર્થે સંબંધીઓ પિતાશ્રી મોતીચંદભાઈને પાલેજ બોલાવે છે. તેથી ૧૩ વર્ષના કાનજી પણ પિતાશ્રી સાથે સંવત ૧૯૫૯ના આસો મહિનામાં પાલેજ આવે છે. અહીંયાં પિતાશ્રી મોતીચંદભાઈ ભાગીદારીમાં દુકાન શરૂ કરે છે. પરંતુ ચાર વર્ષ બાદ સંવત ૧૯૬૩માં ૫૩ વર્ષની વયે પિતાજી આ નશ્વર દેહ છોડી વિદાય લે છે. યુવાનીને ઉંબરે પગ મૂકતા કાનજીને ઉપરાઉપરી આઘાત સહન કરવા પડે છે. અરે..! આવા સંસારના દુઃખ ! બસ, હવે આવા દુઃખથી બસ થાઓ, બસ થાઓ.

પિતાજીના અવસાન બાદ ૧૯૬૩માં બીજી દુકાન શરૂ કરવામાં આવે છે. મોટાભાઈ ખુશાલભાઈ ને કુંવરજીભાઈ–એક દુકાને અને કુંવરજીભાઈના કાકાના દિકરા આણંદજીભાઈ ને કાનજી–બીજી દુકાને. એમ બે દુકાન થાય છે. ઉદાસીનવૃત્તિથી છતાં કુશળતાપૂર્વક અને ઇમાનદારી સાથે વ્યવસાય શરૂ કરે છે. કદી કોઈને ઓછું તોળીને આપતા નથી.

કાનજીનો ગૃહસ્થાશ્રમનો પહેરવેશ (ડ્રેસ) આ પ્રમાણે છે : આલપાકનો કોટ, જરીની ટોપી, ધોતિયુ અને શાલ.

યુવાન કાનજી વેપાર શરૂ કરે છે પણ વૈરાગ્યના કારણે વેપાર પ્રત્યે ઉદાસીનતા રહે

છે; ક્યાંય રસ આવતો નથી. અંદરમાં તેની લાઈન બીજી જ છે. દુકાનમાં પણ મુખ્યત્વે કાનજીનું મન તો વૈરાગ્યપ્રેરક ધાર્મિક ગ્રંથો વાંચવામાં જ મગ્ન રહે છે. તેને દુકાનના થડે બેસવું બહુ ગમતું નથી. છતાં ભાગીદાર ન હોય ત્યારે થડે બેસવું પડે છે. થડે બેઠા બેઠા પણ ધ્યાન તો જે વાંચવાનું બાકી રહ્યું હોય તે તરફ જ રહે છે. તેથી જેવા ભાગીદાર પાછા આવે કે તુરત જ શાસ્ત્ર ખોલીને વાંચવા બેસી જાય છે.

## સંવત ૧૯૬૩

૧૭ વર્ષની ઉંમરે કાનજી દુકાનમાં બેઠા છે. ત્યાં પોલીસ બક્ષીસ લેવા આવે છે. કાનજી આઠ આના બક્ષીસરૂપે આપે છે. પોલીસ કહે : 'આઠ આના નહિ, રૂપિયો આપો.' કાનજી કહે : 'કેમ ભાઈ ? રૂપિયો શા માટે ? અમારે અને તમારે શું લેવા-દેવા ? અમારો ધંધો સીધો છે, તેથી તમારી સાથે અમારે શું કામ પડે ? માટે આઠ આના બરાબર છે.' પોલીસ કહે : 'ના, પૂરેપૂરો રૂપિયો આપો.' આમ રકઝક થાય છે. કોઈપણ વ્યક્તિ પોતાની વાત કાનજી ઉપર ન્યાય વિના પરાણે ઠોકી બેસાડવાની કોશીશ કરે તે તેને સ્વીકાર્ય નથી. બસ, થઈ રહ્યું. પોલીસ નારાજ થઈને પૈસા લીધા વગર ચાલ્યો જાય છે.

વડોદરા જઈને થોડા જ દિવસોમાં એ પોલીસ 'તમે અફીણનો ધંધો કરો છે' એવી મતલબનો એક ખોટો કેસ કરે છે. આથી વડોદરાની કોર્ટમાં જવાનું થાય છે. ૧૭ વર્ષના રૂપાળા કાનજીના મુખ ઉપર તરવરતી નિર્દોષ વ્યક્તિત્વની, સરળતાની અને નિર્ભિકતાની ઊંડી છાપ અંગ્રેજ જજ ઉપર પડે છે અને કહે છે : 'આ લોકો અફીણના ગુનેગાર દેખાતા નથી. આ તો વાણિયા છે.' પછી તે કાનજીને આરોપીના પાંજરાને બદલે આદરભેર બહાર ઉભા રાખી પ્રશ્નો કરે છે.

ત્રણ કલાક ઉલટતપાસ સાક્ષી-જુબાની ચાલે છે. સત્યનિષ્ઠ, પ્રમાણિક કાનજીને કાંઈ છુપાવવાનું તો છે નહિ, તેથી સત્ય કહેવામાં શું વાંધો હોય ? તે તો જે સત્ય હતું, જે હકીકત બની હતી તે બધી જ પૂર્ણ નિડરતાપૂર્વક, નિખાલસપણે, નિઃશંકતાથી, સ્પષ્ટતાથી તેમ જ ધૈર્ય અને ગંભીરતાથી કહી બતાવે છે. બહાર સગાસંબંધી ચિંતામાં ડૂબેલા છે, કેમ કે ઉલટતપાસ લાંબી ચાલે છે ને ? તેમને એમ થાય છે કે શું થયું હશે ? માટે જેવા કાનજી બહાર આવે છે તેવા જ સંબંધીઓ ઘેરી વળે છે અને પૂછે છે : 'શું થયું ભાઈ ?' કાનજી કહે : 'શું થયું શું ? કાંઈ જ નથી થયું. મેં તો જે કાંઈ બીના બની હતી તે કહી સંભળાવી.

મેં તો સત્ય હતું તે કહી દીધું કે બિલકુલ વાત જૂઠી છે, અમે વેપારી છીએ ને અફીણ-બફીણ લાવ્યા નથી, અમારે અફીણનું શું કામ હોય ? મને ડર કોનો ? બેધડક જવાબ આપ્યા છે. મારે તો સત્ય હતું તે કહેવું હતું, કાંઈ કલ્પનાથી કહેવું ન હતું–માટે મુંઝવણ ન થઈ.' પછી તો અદાલત તપાસ કરવા છેક પાલેજ આવે છે અને ચુકાદો આપે છે : 'આ લોકો બિલકુલ ગુનેગાર નથી. કેસ તદ્દન ખોટો ઉભો કર્યો છે.' ન્યાયાધીશ હુકમ પણ કરે છે : 'કેસ અંગે જે કાંઈ ખર્ચ થયો છે તે પોલીસ પાસેથી વસૂલ કરી શકો છો.' કેસ ૩૭ દિવસ ચાલે છે. પોલીસ ગરીબ હોય છે એટલે કાનજી ઉદારતા દર્શાવે છે અને વિચારે છે : 'હશે, એના પરિણામ એ ભોગવે...' 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'. આવા છે કરુણાના સાગર, ન્યાય–નીતિ ઉપર ચાલવાવાળા યુવાન કાનજી...

## સંવત ૧૯૬૪-૬૫

આ સાલથી જ શાસ્ત્ર-અભ્યાસ શરૂ થઈ જાય છે. પહેલુંવહેલું વૈરાગ્યનું પુસ્તક 'અધ્યાત્મ કલ્પદ્રુમ' વાંચે છે. પછી આચારાંગ આદિ વાંચે છે. દુકાનમાં કાંઈ કામ, (ઘરાકી) ન હોય તો ભાગીદાર કાંઈક ને કાંઈક કાર્ય કરવા બેસી જાય છે. પરંતુ કાનજી તો તુરત શાસ્ત્ર વાંચવા લાગી જાય છે. કેમ કે ધર્મની લગની છે ને ! મારે મારું હિત કરવું છે એ જ ભાવના પહેલેથી છે.

નાની ઉંમરથી જ ધર્મનો રસ હોવાથી ગામમાં કોઈ સાધુ આવે તો કાનજી માટે ઉત્સવ જેવો પ્રસંગ બની જાય છે. તે સાધુના આહાર-પાણીની વ્યવસ્થા કરવા દોડી જાય છે. પછી દુકાનનું થવું હોય તે થાય. ચોમાસા દરમિયાન મહિનાના ચાર અને પર્યુષણ પર્વ પ્રસંગે પાણી વિનાના ચાર ઉપવાસ કરે છે.

એક દિવસ પાણી વિનાનો ચોવિહારો ઉપવાસ હોય છે. આખો દિવસ દુકાનનું કામકાજ કરે છે તેથી સાંજ પડતા એવી તરસ લાગે છે કે કુંવરજીભાઈની દુકાને જઈ પાછળના ભાગમાં માટલું રહેતું હોય છે તેમાંથી પાણી પીએ છે. નિજ દોષનો નિર્દોષપણે કેવો સ્વીકાર !

પર્યુષણમાં પોતે સામાયિક કરે છે અને પ્રતિક્રમણ પણ કરાવે છે. આમ વેપાર કરવા છતાં પણ ધાર્મિક પ્રવૃત્તિ, રુચિ અને રસ ઓછા થતા નથી. 'ભવનો અંત આવે એવું કાંઈક કરવું છે.' એવી ભાવના સદાય રહે છે. સજ્જનતા, ઉદાસીન જીવન, સરળ સ્વભાવ, બાહ્યમાં રસરહિત પ્રવૃત્તિ અને ધર્મની વિશેષ રુચિ વગેરે સદ્દ્ગુણોના કારણે સૌ સગાસંબંધી તેને

'ભગત' ના હુલામણા નામે સંબોધે છે. ભગતનું મન વેપારમય કે સંસારમય ક્યારેય થતું જ નથી. તેનો આત્મા અંદર જુદી જ શોધમાં છે. તેનો અંતર ઝુકાવ સદા ધર્મ અને સત્યની શોધ પ્રત્યે જ હોય છે.

યુવાન કાનજીની સત્યનિષ્ઠા પણ તેના વ્યક્તિત્વ જેવી જ અલૌકિક. એકવાર ભાગીદાર સાથે માલ ખરીદવા મુંબઈ જવાનું થયું. ટ્રેન દ્વારા પાછા ફરતાં માલ-સામાન ઘણો વધી જાય છે. તેથી મુંબઈ સ્ટેશને ભાગીદારને વધારાના વજનની ટિકીટ લેવા કહે છે. ત્યારે ભાગીદાર કહે : 'વધારાના વજનની ટિકીટ શું લેવી હતી ? અહીંથી બેઠા પછી કોણ પૂછવાનું હતું ? અને પાલેજના સ્ટેશન માસ્ટર આપણા ઓળખીતા છે એટલે કાંઈ નહિ કરે, જવા દેશે.' આ વાતથી કાનજીનું મન દુભાય છે. તે તુરત જ કહે : 'કોઈ પૂછે કે ન પૂછે, નિયમનું પાલન તો કરવું જ રહ્યું. આપણાથી જરાપણ ખોટું તો કેમ થાય ?' ભાગીદારને કાનજીની નિયમબદ્ધતા પ્રત્યે ઝુકવું પડે છે ને વધારાના વજનની ટિકીટ લેવી પડે છે.

આવો જ એક બીજો પ્રસંગ પણ યાદગાર છે. મુંબઈમાં જે દુકાનેથી પોતે માલ ખરીદતા તે દુકાનનો નોકર ઉમરાળાનો હોય છે અને જાણીતો હોય છે. એકવાર તે બીલ પ્રમાણે માલ આપી માલિકની જાણ બહાર બીજો વધારાનો માલ આપે છે ને ઉપરના પૈસા માગે છે. પ્રમાણિક કાનજી કહે : 'ના, ચોરીનો માલ અમને ન ખપે, અમે તો બીલ પ્રમાણે જેટલા પૈસા દુકાને ભર્યા છે તેટલો જ માલ લઈશું.'

આ રીતે પ્રમાણિકતાથી વેપાર કરતાં પેઢીની શાખ તો વધે છે, પણ પોતાને અંતરમાં સંતોષ થતો નથી. કેમ કે પોતે જેની શોધમાં છે તે હજુ પ્રાપ્ત થયું નથી. ચિત્ત વેપારમાં કે સંસારમાં – ક્યાંય લાગતું નથી. તે જ કારણે દુકાન ઉપર પણ શાસ્ત્ર વાંચે છે ને અધિક સમય ધાર્મિક પ્રવૃત્તિમાં જ ગાળે છે. દુકાને માલ લેવા ઘણા લોકો આવે છે. તેમાંથી કોઈકની સાથે ધાર્મિક ચર્ચા પણ થાય છે. કોઈક ગ્રાહક કહે : 'ઈશ્વર જગતનો કર્તા છે.' યુવાન કાનજી કહે : 'ઈશ્વરનો કર્તા કોણ છે ?' ઉત્તર મળે : 'કોઈ નહિ.' કાનજી કહે : 'તો પછી જગતના પણ કોઈ કર્તા નથી એમ માનવામાં શું વાંધો આવે છે ?'

સત્યનિષ્ઠા, નીતિમત્તા અને પ્રમાણિકતાની સાથે સાથે ઉગતા યૌવનમાં પણ યુવાન કાનજીની રગેરગમાં વૈરાગ્યની લગની તીવ્ર છે.

હવે એવા દિવસો આવે છે કે જેના પ્રત્યેક પ્રસંગ વૈરાગ્યના પથદર્શક બનવા લાગે છે. પિતાજીની ગેરહાજરી હોવાથી દુકાન માટે માલ ખરીદવા પોતાને અવારનવાર બહારગામ જવું પડે છે. ત્યારે સાંજના નિવૃત્તિના સમયમાં નાટકો જોવા જાય છે. તે સમયમાં નાટકોની ભજવણી પ્રસંગે નાટકોના સંવાદોની પુસ્તિકા પણ મળે. કાનજી આ પુસ્તિકા અચુક ખરીદે,

જેથી નાટકમાં શું કહેવા માગે છે તેનો ભાવાર્થ બરોબર પકડી શકાય. આ જ પદ્ધતિનું અનુકરણ તેઓશ્રીએ પછીથી કર્યું હતું. જ્યારે પોતે પ્રવચન આપતા ત્યારે શ્રોતા પણ શાસ્ત્ર હાથમાં રાખે તેવો આગ્રહ રાખતા, જેથી ક્યા શબ્દનો શું અર્થ થાય છે તે સમજી શકાય. હાલમાં નાટકો નિહાળતી વખતે દુનિયાના જીવોનું મન શૃંગારિક પ્રસંગોમાં જ રમ્યા કરતું હોય છે, પણ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે કાનજી શૃંગારના ભાવો ગ્રહણ ન કરતાં વૈરાગ્યના ભાવો જ ગ્રહણ કરે છે અને તેની ઊંડી અસર દીર્ઘકાળ સુધી રહે છે. તેના ચિત્તમાં વૈરાગ્યના ભાવો જ નિરંતર ઘૂટાતા રહે છે. નાટકમાંથી દુનિયા જ્યારે અન્ય રસ ગ્રહણ કરતી ત્યારે તે જ નાટકમાં આવતા બીજા કોઈપણ રસની અસર તેના ઉપર ન થતાં વૈરાગ્યપ્રેરક દૃશ્યથી તેનો આત્મા વૈરાગ્યરસથી ભીંજાઈ જતો. રૂંવાટાં ઊભા થઈ જતા.

આ જ વર્ષમાં એટલે કે સંવત ૧૯૬૪ માં પાલેજમાં રામલીલા ભજવતી મંડળી આવે છે. રાત્રે નિવૃત્તિ હોવાથી પોતે રામલીલા જોવા જાય છે. એક બાજુ ખૂબ જ વૈરાગ્યથી રામલીલા ભજવાઈ રહી છે અને બીજી બાજુ કાનજીની હૃદયોર્મિઓ વૈરાગ્યના શાંતરસથી તરબોળ થતી જાય છે. યુવાન કાનજીને આ રામલીલા જોઈને વૈરાગ્યની ધુન એવી તો ચડે છે કે અંદરથી વાત આવવા માંડે છે ને વૈરાગ્યભાવથી તરબોળ એક કાવ્ય સહજપણે રચાઈ જાય છે. પોતે તો વેપારી છે, કાંઈ કવિ નથી; છતાં અંતરની સ્ફૂરણાથી કાવ્ય બની જાય છે. ભવ્યતાથી શોભતું આ કાવ્ય આવનાર ભવ્ય ભાવિ કાળનું સૂચક છે. મંગળમય ઉજ્જવળ ભાવિનો સૂચક અને પૂર્વ આરાધનાથી સીંચેલો સંસ્કારનો એક અંકુર ફૂટી નીકળે છે અને રોમરોમમાંથી ધ્વનિ સરી પડે છે. 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...' રોમાંચ ઉલ્લસિત થાય છે અને ભાવનાના પ્રવાહમાં ને પ્રવાહમાં આવી બાર લીટીની છ કડી બની જાય છે. અવ્યક્તપણે સર્વ પ્રથમ પૂર્વના સંસ્કાર બહાર આવે છે. તે પંક્તિનો અર્થ એવો છે કે, 'આ જગતની સ્ત્રીનો રમનાર તું નહિ, તું તો શિવ–મુક્તિરૂપી રમણીનો રમનાર છો અને તું દેવાધિદેવ અર્થાત્ તીર્થંકર છો.' પોતાને ખબરેય પડતી નથી કે આ શું આવે છે ? પણ પૂર્વના સંસ્કાર છે ને ? એટલે અંદરથી આ વાત આવે છે.

અહા..! ધન્ય છે તે વૈરાગ્યને ! ઉદાસીનતાને ! ધન્ય છે તે મહાત્માઓને કે જેઓ સાંસારિકરસના પ્રબળ નિમિત્તો વખતે પણ વૈરાગ્યભાવના જગાડે છે. આ કાવ્ય પોતાની નોંધપોથીમાં લખી તો લે છે પણ પછી ગામનું તળાવ ફાટવાથી દુકાનમાં પાણી આવે છે અને તેથી તે નોંધપોથી પલળી જાય છે.

એકવાર 'રાજા ભરથરી'નું નાટક જુએ છે. તેમાં એમ આવે છે કે 'રાજા ભરથરી' ઉદાસીનતા થતાં રાજ્ય છોડી સાધુ થાય છે અને પછી ગાય છે : 'દેખા નહિ કુછ સાર

જગત મેં, દેખા નહિ કુછ સાર...' આ કડી તેના હૃદયમાં એવી ગુંજે છે કે તેને સંસાર ખરેખર અસાર લાગે છે. જુઓ તો ખરા ! પાત્ર જીવના સંસ્કાર ! અહા..! કેવા પ્રસંગે–નિમિત્તે પણ ઉછળી જાય છે !

આ વર્ષે ભરૂચમાં 'મીરાબાઈ'નું નાટક નિહાળે છે. તેના અમુક વૈરાગ્ય પ્રસંગોની એવી ઊંડી છાપ પડે છે કે તે નાટકના ગીતોની કડીઓ ઉપરથી જોડીને પાછળના વર્ષોમાં પોતાના પ્રવચનોમાં ગાતા : 'લગની લાગી મારા આતમાની સાથ, રાગના મીંઢોળ નહિ રે બાંધું, નહિ રે બાંધું પ્રભુ ! નહિ રે બાંધું... લગની લાગી મારા આતમની સાથ.'

૧૮ વર્ષની વયે વડોદરામાં 'સતિ અનસુયા'નું નાટક નિહાળે છે. તેમાં એવું આવે છે કે પોતાના દીકરાને ઘોડીયામાં સુવાડીને સતિ અનસુયા હાલરડું ગાય છે : 'બેટા ! શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ, ઉદાસીનોસિ...' વગેરે ઘણા શબ્દો હોય છે, પણ આ ચાર જ શબ્દો યાદ રહી જાય છે. આ શબ્દો મનમાં એવા તો કંડારાઈ જાય છે કે મનમાં સતત રમ્યા કરે છે. તેનો અર્થ એ છે : 'બેટા ! તું શુદ્ધ ચૈતન્યઘન છો. બુદ્ધ અર્થાત્ જ્ઞાનસ્વરૂપી છો. પવિત્ર જ્ઞાનની મૂર્તિ છો. નિર્વિકલ્પ છો એટલે કે રાગ વિનાની ચીજ છો અને ઉદાસીન છો એટલે કે આખા જગતથી–દુનિયાથી તારું આસન ભિન્ન છે.' બસ ! પછી તો વહેતા વૈરાગ્યના ઝરણાને જાણે કે ઢાળ મળી જાય છે અને પૂરની જેમ ધસમસતા આ વૈરાગ્યના ઝરણા વચ્ચે પોતે શુદ્ધ-બુદ્ધ હોય એવો કાંઈક ભાસ થવા લાગે છે. રુચિપૂર્વક ઝીલાયેલા પૂર્વના અધ્યાત્મના સંસ્કાર ફરીવાર થનગને છે. એ સિદ્ધાંત છે ને ? કે એકવાર પણ યથાર્થ રુચિપૂર્વક ગ્રહણ કરેલા સ્વરૂપના સંસ્કાર નિષ્ફળ જતા નથી.

આમ નાટકના વૈરાગ્ય પ્રસંગો પણ તેના હૃદય ઉપર ઊંડી અસર કરે છે. વૈરાગ્યનો રસ નાની ઉંમરથી જ છે ને ! પૂર્વના સંસ્કાર હોવાથી પહેલેથી જ ધર્મનો રસ છે. નાનપણથી જ ધર્મનો મારગ શું છે ? સત્ય શું છે ? એ શોધવાની લગની રહે છે અને તેથી જ બીજે ચિત્ત ચોંટતું નથી. સંવત ૧૯૬૪-૬૫ની સાલથી તો અંતરનો અભ્યાસ શરૂ થઈ જાય છે.

આ જ સમયની વાત છે. પાલેજમાં એક સંબંધી ગાતા :

**જગતડા કહે છે કે ભગતડા ઘેલા છે,**
**પણ ઘેલા ન માનશો રે પ્રભુને ત્યાં એ પહેલા છે.**
**જગતડા કહે છે કે ભગતડા કાલા છે,**
**પણ કાલા ન માનશો રે પ્રભુને એ વ્હાલા છે...**

આ કડી કાનજીને બહુ ગમે. કેમ કે સગાસંબંધી તેને 'ભગત' કહે છે ને ? ઘણા વ્યવહારીક પ્રસંગોએ ડાહ્યા કહેવાતા લોકો તેને ભોળા સમજે છે. પણ તેને મનમાં થાય

છે કે અમને ઘેલા ન માનશો; કારણ કે પ્રભુની પાસે અમે તો પહેલા છીએ. અરે..! અમને કાલા ન માનશો. કેમ કે પ્રભુને અમે તો વહાલા છીએ.

એકવાર એવું થાય છે કે બહારગામના એક જાણીતા વેપારી પાલેજ આવે છે. તેને ઘરે જમાડવાના હોય છે. આથી ભાગીદાર કાનજીને કહે : 'ઘરે જઈને કહી આવો કે મહેમાન જમવાના છે.' કાનજી 'મહેમાન ઘરે જમવા આવશે' તેમ કહે છે, પણ 'કંસાર બનાવજો' એમ ખુલાસો કરતા નથી. મહેમાન સાથે બધા ઘરે આવે છે. જમવાનું પીરસાય છે, પણ કંસાર આવતો નથી. તેથી ભાગીદાર મોટેથી કહે : 'કોણ જમવાનું કહેવા આવ્યું હતું ? ખબર નથી કે મહેમાન જમવા આવવાના છે ? મિષ્ટાન્ન બનાવવું જોઈએ ને ?' જવાબ મળે છે : 'ભગત કહેવા આવ્યા હતા, પણ ખુલાસો કર્યો નહોતો કે મિષ્ટાન્ન કરવું.' ભાગીદાર કહે : 'ભગત તો એવા જ છે, કાંઈ ખબર જ ન પડે.' અહા..! જુઓ તો ખરા ! ઘરમાં રહેવા છતાં તથા વેપારાદિનું કામકાજ કરવા છતાં તેનું મન કેટલું અલિપ્ત રહે છે ! ખરેખર તો બાહ્ય કોઈ સંબંધોમાં તેનું મન ક્યારેય લાગતું જ નથી. તેની અંતર ભાવના કાંઈક જુદી જ છે.

પાલેજમાં એકવાર સૌ સાથે જમવા બેઠા છે. ભોજનમાં અથાણું પીરસાય છે. તેને વિચાર આવે છે : 'આ અથાણું ક્યાં રાખે છે ? ક્યાંથી લાવે છે ? લાવ, જોઉં તો ખરો.' એમ વિચારીને જ્યાં અથાણાની બરણી રહેતી હોય છે ત્યાં જઈને જુએ છે તો અથાણાની બરણીને ફરતે મેલું કપડું વીંટાળેલું હોય છે અને તેની ઉપર અસંખ્ય કંથવા દેખાય છે. આ જોતાં મનમાં ત્રાસ થાય છે કે અરે..રે..! આ બરણી ઉઘડે તો તો કંથવા અંદર પડે અને આવું અથાણું આપણે ખાવું ? આ તો માંસાહાર જેવું થાય. બસ, ત્યારથી જ એટલે કે સંવત ૧૯૬૫ થી અથાણું ખાવાનું છોડી દે છે અને રાત્રિના આહાર-પાણી લેવાના પણ છોડી દે છે.

પાલેજની દુકાને જ 'સજ્જાયમાળા'ના ચાર ભાગ વાંચે છે. તેમાંથી બે વાત બહુ ગમે છે. એક તો એ છે : 'કેવળી આગળ રહી ગયો કોરો.' અને બીજી એ છે : 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' – આ વાંચતા મનમાં થાય છે કે અહો ! આ શું કહે છે ?

કાનજીનો કંઠ મધુરો. તેથી મુસલમાન ભાઈઓ પણ કહે : 'કાનજીભાઈ ! પદો ગાવને !' અને જ્યારે કાનજી સજ્જાયમાળાના પદો ગાતા ત્યારે આજુબાજુના ઘણા લોકો સાંભળવા આવતા.

સજ્જાયમાળાનું આ પદ બહુ ગમે :

**સહજાનંદી રે આતમા, સૂતો કંઈ નિશ્ચિંત રે,**
**મોહતણા રે રણિયા ભમે, જાગ જાગ મતિવંત રે,**
**લુંટે જગતના જંત રે, નાખી વાંક અનંત રે,**
**વિરલા કોઈ ઉગરંત રે.. સહજાનંદી રે આતમા...**

## સંવત ૧૯૬૫-૬૬

પાલેજ સ્ટેશન નજીક એક ધર્માશાળામાં બે સાધુ વચ્ચે ચર્ચા થાય છે. કાનજીને ધર્મનો રસ હોવાથી તે પણ દુકાન છોડી ચર્ચા સાંભળવા જાય છે. ઈશ્વરકર્તા માનવાવાળો એક સાધુ કહે : 'ઈશ્વરે આ જગતને બનાવ્યું છે. ઈશ્વરે જ બધાને બનાવ્યા છે.' સામે બીજો સાધુ કહે : 'જો ઈશ્વરે જગતને બનાવ્યું હોય તો ઈશ્વરને કોણે બનાવ્યા ? અને ક્યાં ઉભા રહીને તેણે જગતને બનાવ્યું ? બધી સામગ્રી ક્યાંથી લાવ્યા ? શું 'નથી' માંથી દુનિયા બનાવી ? 'હોય' તેને બનાવવું અને 'ન હોય' તેને બનાવવું તે બિલકુલ જૂઠ છે.' પછી જૈનોની સામે જોઈને કહે : 'કેમ જૈનો ! બરાબર છે ને ?' કાનજી કહે : 'વાત બરાબર છે.' કારણ કે જૈનો ઈશ્વરને જગતના કર્તા માનતા નથી ને ! આ પ્રસંગ પણ તેની ધર્મજિજ્ઞાસાને જાહેર કરે છે.

પોતાની ઉંમર છે ૨૦ વર્ષની. ભાગીદાર કુંવરજીભાઈ દુકાનને થડે બેઠા છે અને જમવાનો સમય થયો હોવાથી તેઓ ઘરે જવાની તૈયારીમાં છે. મોટાભાઈ ખુશાલભાઈ પણ બેઠા છે. ત્યારે સહજપણે કુદરતી રીતે કાનજી ભાગીદારને કહે છે : 'આટલી મમતા ? મને તો એમ લાગે છે કે મરીને ઢોરમાં જશો. કારણ કે તમારા એટલા પુણ્ય નથી કે તમે દેવમાં જાવ. પુણ્યના ઠેકાણા ન હોવાથી દેવમાં જવાના લક્ષણ દેખાતા નથી. તેમ જ મનુષ્ય થાવ એવી લાયકાત પણ મને દેખાતી નથી. અને આપણે વાણિયા છીએ એટલે માંસ, દારૂ, જુગાર આદિ પાપ તો છે નહિ એટલે નરકમાં પણ નહિ જાવ. બસ, રહી એક તિર્યંચ ગતિ, યાદ રાખજો કે આટલી મમતા છે તો મરીને ઢોરમાં જશો.' પૂર્વના સંસ્કાર હોવાથી આમ કહે છે.

ભાગીદાર ઉંમરમાં મોટા છે. છતાં કાનજીથી આમ કહેવાય જાય છે. અને તો પણ ભાગીદાર સામું બોલતા નથી, વાત સાંભળી લે છે. કેમ કે બધા સગાસંબંધી કહેતા : 'ભગત કહે છે તે સાંભળો. તે જે કાંઈ કહેતા હશે તે સમજીને જ કહેતા હશે.' અહા..! વેપાર તો કાનજી પણ કરે છે, પરંતુ આટલો બધો લોહવાટ, મમતા કે હાયવોય નથી. જ્યારે ભાગીદારને તો એટલું બધું અભિમાન છે કે હું જ બધું કરું છું. હું દુકાન સારી ચલાવું

છું. બીજાની દુકાન તો પડી ભાંગી છે ને મારી દુકાન સારી ચાલે છે. તેમ જ નોકરો શેઠ.. શેઠ.. કરે ત્યાં રાજી રાજી થઈ જાય. આવું ભાગીદારનું વર્તન ને વેપારનો તીવ્ર રસ જોઈને કાનજી ઉપર પ્રમાણે કહે છે. તે ઘણીવાર કહે : 'ગામમાં સાધુ આવ્યા છે, સામું તો જુઓ !' છતાં ભાગીદાર દુકાન બંધ કરી, નામું લખી અને બીજા બધા કામ પતાવીને જ પછી રાત્રિના સાધુ પાસે જાય. સાધુ કહે : 'રાતડિયાં શ્રાવક આવ્યા.' જ્યારે કાનજીને બહારના સંસારના કાર્યોનો રસ નહિ હોવાથી ને ધર્મનો રસ હોવાથી ગામમાં સાધુને જોતાં જ તેની પાસે દોડી જાય.

## સંવત ૧૯૬૬-૬૭

દુકાન માટે માલ લેવા મુંબઈ જવાનું થાય છે. તે વખતે કોલાબા જોવા જાય છે. ત્યાં સટ્ટાનો એક વેપારી આવેશમાં આવીને 'લીધા-દીધા' એમ બોલ્યા કરે છે. આ જોઈને તે વખતે જ મનમાં એવું લાગે છે કે આ ગાંડો–મૂર્ખ જેવો છે. વર્ષો પહેલા આવો વિચાર આવેલો, હોં !

## સંવત ૧૯૬૮

ભાવનગરમાં ધ્રુવનું નાટક જુએ છે.

આ જ વર્ષના મહા મહિનામાં માલની ખરીદ કરવા અંતિમ વાર મુંબઈ જવાનું થાય છે અને પાલેજવાળા મગનલાલ આડતિયાને ઘરે ઉતરે છે. જમવાનો સમય થતા તેઓ બન્ને જમવા બેસે છે. ત્યાં કોઈનો ફોન આવતા જમતા–જમતા મગનભાઈ ઉભા થાય છે. યુવાન કાનજી કહે : 'ખાવા માટે તમે કમાવ છો, છતાં ખાતી વખતે પણ શાંતિ નહિ ?' અંતિમ વારની ખરીદી ચારસો મણ (સો ગુણી) ચોખા અને ખજૂરના વાડીયાની કરે છે.

આ પ્રમાણે પાલેજમાં સંવત ૧૯૬૩ થી ૧૯૬૮ એમ પાંચ વર્ષ સુધી દુકાનનો વ્યવસાય સંભાળે છે અને તે દરમ્યાન વૈરાગ્યનું પલડુ વધુ ને વધુ નમતું જાય છે. તેમનો અંતર વ્યાપાર બાહ્ય વેપારાદિથી કાંઈક જુદો જ છે. ધર્મ અને સત્યની શોધનો અંતર વ્યાપાર મનમાં રમ્યા જ કરે છે. જ્ઞાનના વ્યાપારના અભિલાષી કાનજીનું મન પૈસાના વ્યાપારમાં

ન લાગ્યું તે ન જ લાગ્યું અને દીક્ષા લેવાના ભાવ જાગે છે.

આ અરસામાં વડીલ બંધુ ખુશાલભાઈના લગ્ન થાય છે અને કાનજીના વેવિશાળની વાત આવે છે. જેના સંસારનો કિનારો હવે નજીક છે અને જે થોડા જ ભવમાં મુક્તિરૂપી કામિનીને વરવાના છે એવા કાનજી માટે લાખોપતિ એવા ગૃહસ્થના ઘરની કન્યાનું કહેણ આવે છે. તેથી ખુશાલભાઈ દુકાને આવે છે અને કહે છે : 'ભાઈ ! તારું સગપણ કરવું છે. તૈયારી રાખજે.' તુરત જ લાગણીના પ્રવાહમાં તણાયા વિના આત્મવિશ્વાસથી કાનજી કહી દે છે : 'મોટાભાઈ ! મારું નામ ન લેશો. મારે તો જાવજીવનું બ્રહ્મચર્ય છે અને મારા ભાવ દીક્ષા લેવાના છે.' પોતાની કોઈ ઉચ્ચ લોકોત્તર ભાવનાને કામિનીનું માધુર્ય પરાસ્ત કરી શક્યું નહિ. કોઈપણ ઉપાયે પોતાના જીવનમાં સ્ત્રીને સ્વીકારવા સંમત ન થયા. આ રીતે વૈરાગ્ય-ઉદાસીનરસથી તરબોળ કાનજી લગ્ન કરવાની સ્પષ્ટ શબ્દોમાં સાફ સાફ ના પાડે છે. એકમાત્ર વડીલ તરીકે મોટાભાઈ ખુશાલભાઈ જ છે અને તેમને કાનજી ઉપર ખૂબ જ પ્રેમ. તેથી તેઓ દીક્ષા ન લેવા સમજાવવા માટે પ્રેમથી કહે : 'ભાઈ ! તારે પરણવું ન હોય તો કાંઈ નહિ, તારી ઇચ્છા. તેમ જ દુકાને ન બેસવું હોય તો પણ કાંઈ નહિ. પરંતુ તું દીક્ષા ન લે. તું તારે ઉમરાળામાં આપણા ઘરે નિવૃત્તિથી રહેજે. જે કાંઈ ખર્ચ થશે, તે અમે મોકલી આપશું. પણ દીક્ષા ન લે.' આમ ઘણું ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગ્યથી ભીંજાયેલા ચિત્તને દુકાનમાં, ઘરમાં કે સંસારમાં રહેવું પસંદ ન પડ્યું તે ન જ પડ્યું. સહુ પ્રિયજનો પણ દીક્ષા ન લેવા સમજાવે, પણ પોતાની ભાવનામાં, પોતાના નિર્ણયમાં કાનજી મક્કમ રહે છે. તે સહુને એક જ ઉત્તર આપે : 'ભાઈ ! તમે ગમે તે કહો, પણ મારે તો મારા આત્માનું કરવું જ છે, મારે તો નિજ કલ્યાણ અર્થે, ધર્મસાધના કરવા માટે દીક્ષા લેવી જ છે.'

વૈશાખ મહિનાના એક દિવસે ૨૨ વર્ષના યુવાન કાનજી પોતાના જીવનમાં એક અગત્યનો નિર્ણય લે છે. ઘણા સમયથી તેને કુટુંબ, વેપાર-ધંધામાં અંશમાત્ર રસ રહ્યો નથી. તેથી તે બધાને છોડીને પ્રથમ અભ્યાસ માટે અને પછી દીક્ષા લેવા માટે દુકાન છોડે છે. તે વિચારે છે : 'આ ભવ, ભવના અભાવ માટે મળ્યો છે. માટે હવે ત્વરાથી ગુરુ પાસે જઈને અભ્યાસ કરવો છે અને ત્યારબાદ દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવું છે.'

અંતરમાં સંસારભોગ પ્રત્યે વિરક્તિ વધતી જાય છે પણ દીક્ષા લેવા માટે કોઈ આત્માર્થી ગુરુ તો જોઈએ ને ? તેથી યોગ્ય ગુરુની શોધ શરૂ થાય છે. કાઠિયાવાડ, ગુજરાત અને મારવાડના ઘણા ગામો ફરે છે, ઘણા સાધુઓને મળે છે, પણ ક્યાંય મન ઠરતું નથી. ખરી વાત તો એ છે કે પૂર્વ ભવની અધૂરી મૂકેલી સાધનાએ અવતરેલા તે મહાત્મા પોતે જ ગુરુ થવાને યોગ્ય છે. અંતે, બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજ પસંદ પડે છે. તેઓ

એકદમ સરળ, વૈરાગી, નિસ્પૃહ અને શાંતપ્રકૃતિના ભદ્રિક છે. સંપ્રદાયની ક્રિયાઓ કડક રીતે પાળે છે અને તેમનો કષાય ઘણો મંદ છે. આથી અહીં મન ઠરે છે અને તેમના હાથે દીક્ષા લેવાનું નક્કી કરે છે.

દીક્ષા લીધા પહેલાં ખસ ગામમાં કાનજી પોતાને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા દેવા ગુરુને વિનંતી કરે છે. ગુરુ તેમના અન્ય શિષ્ય મૂળચંદજીને બોલાવે છે અને કહે છે : 'આ મોતીચંદ શેઠનો દીકરો બ્રહ્મચર્ય લેવા માગે છે, પરંતુ મોટાભાઈની રજા લીધી નથી.' ત્યારે કાનજી કહે : 'મહારાજ ! મને બ્રહ્મચર્ય વ્રત આપો. આ વાત હું મનથી કહું છું, મારો જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળવાનો ભાવ છે. આ માટે મારે કોઈની રજાની જરૂર નથી. હું સ્વતંત્ર છું. મારા પર કોઈ પ્રતિબંધ નથી. માટે નિઃસંકોચપણે પ્રતિજ્ઞા આપો.' અને આમ, આત્મવિશ્વાસ સાથે હોનહાર મહાત્મા, સંસારમાં પડવું ગમતું નહિ હોવાથી, કુમારવયે ભરસભામાં બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લે છે.

## સંવત ૧૯૬૯

આ વર્ષે સંસ્કૃત શીખવા માટે ખાનગી ટ્યુશન દોઢ મહિના માટે રાખે છે. તેમાં પાંચ સંધિ સુધી ભણે છે. એક વખત 'दश अष्ट ठाणा' એવું સૂત્ર ભણવામાં આવે છે. તેથી શિક્ષકને પૂછે છે : 'दश अष्ट ठाणा' એટલે શું ? ૧૮ કે ૮૦ ?' શિક્ષક કહે : 'ખબર નથી. શાસ્ત્ર પ્રમાણે જે અર્થ થતો હોય તે કરવો.' ત્યારે મનમાં થાય છે કે માત્ર ભાષાજ્ઞાનથી શાસ્ત્રના અર્થનું સાચું જ્ઞાન થશે નહિ. તે માટે ગુરુગમ અને શાસ્ત્રનો ઊંડો અભ્યાસ જોઈએ.

આ જ વર્ષમાં લગ્ન પ્રસંગે જાનમાં જવાનું બને છે. લગ્નના ગામે જાનને પહોંચતા રાત્રિ થઈ જવાનો ડર લાગે છે. તેથી કાનજી કહે : 'હું રાત્રે ખાતો નથી. જાનનું સામૈયુ કરશે ને વાર લાગશે તો હું રાત્રે નહિ ખાઉં.' આ કારણે જે કાંઈ ખાવાનું મળ્યું તે ખાઈને, રસ્તામાં જ ચોવીહાર કરી લે છે. એકવાર પ્રતિજ્ઞા લીધા પછી ભંગ થોડો જ કરાય છે !

તે પાલેજ છોડે છે અને ગુરુ પાસે જઈ અભ્યાસ શરૂ કરે છે. પાળિયાદમાં ત્રણ મહિના રહીને અભ્યાસ કરે છે, જે દરમ્યાન ષટ્ ગુણ હાનિ-વૃદ્ધિના બોલ શીખે છે. તે પછી પાલેજમાં રહેતા સગાસંબંધીઓની રજા લેવા માટે પાળિયાદથી પાલેજ જવા નીકળે છે. રસ્તામાં બોટાદ ઉતરવાનું થાય છે, જ્યાં ગુલાબચંદજી નામના સાધુ મળે છે. તેમની સાથે વાતચીત થતાં તેઓ કહે : 'સાધુ માટે બનાવેલા મકાનમાં સાધુથી રહેવાય નહિ અને જો રહે તો એ

સાધુ નહિ. કારણ કે તેમાં અનુમોદના કોટિ તૂટે છે અને એક કોટિ તૂટે તો નવેય કોટિ તૂટે છે.' કાનજી વિચારમાં ચડી જાય છે. ચિંતન કરતા વાત તો સાચી લાગે છે કે સાધુ માટે બનાવેલા મકાનમાં એટલે કે ઉપાશ્રયમાં સાધુથી રહેવાય નહિ. તો પછી આ બધું શું છે ? ગુરુ હીરાચંદજી સહિત બધાય સાધુ તો ઉપાશ્રયમાં જ રહે છે. અને આ શું કહે છે ? આપણે તો કોઈ દિ' આવું સાંભળ્યું નથી. હું પણ સાધુ થયા પછી તેમાં જ રહેવાનો છું. જો હું તેમાં રહીશ તો અનુમોદના કોટિ તૂટશે અને એક કોટિ તૂટશે તો નવ કોટિ અખંડ રહેશે નહિ. આમ વિચારતાં એવી ઇચ્છા થઈ આવે છે કે હાલ પુરતું દીક્ષા લેવાનું મુલત્વી રાખું. પોતે પાલેજ પાછા ફરે છે. ત્યાં બીજો વિચાર આવે છે કે ના, એવું નથી કરવું. લાવને ગુરુને પૂછી તો જોઉં. વૈરાગ્ય તો છે ને દીક્ષા પણ લેવી છે. પરંતુ યથાર્થ રીત શું છે તેનો નિર્ણય તો કરવો જોઈએ ને ? તેથી રાણપુર આવે છે ને સંવત ૧૯૬૯માં રાણપુરમાં ચોમાસુ કરી રહેલા ગુરુને પૂછે છે : 'મહારાજ ! સાધુ માટે ઉપાશ્રય બનાવે અને જો સાધુ વાપરે–ઉપાશ્રય કર્યો નથી, કરાવ્યો નથી ફક્ત વાપરે તો દોષ શું ? કઈ કોટિ તૂટે ?' ગુરુ હીરાચંદજીને ખબર હતી કે કાનજી દીક્ષા લેવાનો છે, એટલે પ્રેમથી સમજાવતા કહે : 'ખુશાલભાઈ તમારા માટે મકાન બનાવે અને તેમાં તમે રહો તો શું વાંધો આવે ?' આ જવાબ કાનજીને યોગ્ય લાગતો નથી અને તેનાથી મનમાં સંતોષ પણ થતો નથી. કેમ કે આ રીતે ઉપાશ્રયમાં રહેવાથી તો છ કાયની હિંસાની અનુમોદના થાય છે અને અનુમોદનાની એક કોટિ તૂટતાં બધીય કોટિ તૂટે છે. આથી આઠ મહિના તો ગઢડામાં ગડમથલમાં કાઢે છે કે શું કરવું ? દીક્ષા લેવી કે નહિ ?

મેં દીક્ષા લેવાનું તો નક્કી કર્યું છે, પરંતુ જે પંથમાં મારે દીક્ષા લેવાની છે તેમાં જો મારા પ્રશ્નોના ઉત્તર ન મળે તો – મારી શંકાનું સમાધાન ન થાય તો – સત્ય ક્યાંથી મળવાનું ? એમ વિચારણા, મનોમંથન ખૂબ ચાલે છે. પણ પછી વિચાર થાય છે કે ચાલો, દુકાન તો છોડી છે અને વળી બ્રહ્મચર્ય પણ લીધું છે, માટે દીક્ષા તો લેવી, પરંતુ સત્ય મારે જ ગોતવું પડશે. આમ વિચારી–નક્કી કરી કાનજી સહુની રજા લેવા પાલેજ જાય છે અને ત્યાંથી ઉમરાળા આવે છે. ઉમરાળામાં સંવત ૧૯૭૦ના કારતક વદ અમાસના દિવસે રૂગનાથ શેઠની દુકાને નક્કી થાય છે કે માગસર સુદ નોમ ને રવિવારના દિવસે કાનજીને દીક્ષા આપવી. જેની ઘણા વખતથી ઇચ્છા હતી તે દીક્ષા લેવાની ભાવના, આજે રજા મળી જતાં ફળે છે.

## સંવત ૧૯૭૦

માગસર સુદ નોમને રવિવારે ઉમરાળામાં ૨૪ વર્ષની ભરયુવાન વયે નિજ કલ્યાણની ભાવનાથી ગૃહસ્થજીવનનો ત્યાગ કરી કાનજી સ્થાનકવાસી સંપ્રદાયનું દીક્ષાજીવન સ્વીકારે છે. એકાંત અને નિવૃત્તિના પ્રેમી આ મહાત્માને ક્યાંય ગમતું ન હતું. તેથી નિવૃત્તિથી ધર્મસાધના કરવા માટે સગાસ્નેહીઓનો તથા પ્રતિષ્ઠિત ઉજળા ગૃહસ્થજીવનનો ઉદાસીનભાવે ત્યાગ કરે છે અને દીક્ષા ગ્રહણ કરે છે. આ પ્રસંગ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. તે પ્રસંગે લગભગ ૨૦૦૦ માનવોનો સમુદાય ઉમટે છે. ગામમાં હો.હા થાય છે કે કાનજીભાઈ દીક્ષા લે છે પણ આવું સુંદર રૂપાળું શરીર છે તો દીક્ષા શી રીતે પાળશે ?

એ જમાનામાં મોટાભાઈ ખુશાલભાઈ રૂપિયા ૧૮૦૦ નો ખર્ચ કરે છે. દીક્ષાયાત્રા પ્રસંગે વલ્લભીપુરથી હાથી ખાસ મંગાવવામાં આવે છે. તેમ જ રાજ દરબારનો પોશાક પણ વલ્લભીપુરથી લાવવામાં આવે છે ને પહેરે છે. એ હાથી ઉપર ચડવા જતાં નિસરણીમાં ધોતીયું ભરાવાથી ફાટે છે. પોતાને શંકા થાય છે કે કાંઈક ખોટું થાય છે. પરંતુ એથી વિશેષ કાંઈ ખબર પડતી નથી. જો કે તેનો ખુલાસો પછીથી થાય છે કે વસ્ત્રસહિત મુનિપણું ન હોય. પોતાના થકી સનાતન દિગંબર જૈનધર્મનો પ્રચાર-પ્રસાર થવાનો છે તેનો આ જાણે કે કુદરતનો સંકેત છે. દીક્ષાયાત્રા જોવા ગામના વહીવટદારો, ન્યાયાધીશો વગેરે પણ બહાર જોવા માટે આવે છે. પછી રાજના ઉતારામાં દીક્ષા લેવા પહેલા જ્યારે ખુશાલભાઈની રજા માગે છે ત્યારે અતિ પ્રેમને કારણે ખુશાલભાઈ મૂર્છિત થઈ જાય છે.

દીક્ષા લીધા બાદ તુરત જ શ્વેતાંબર શાસ્ત્રોનો ગહન અભ્યાસ શરૂ થાય છે. શાસ્ત્ર-અભ્યાસની એવી તો ધુન લાગે છે કે ભોજનાદિ શારીરિક આવશ્યકતાઓ પાછળ સમય વેડફાય તે પણ ખટકે છે; પોષાતું નથી. કોઈ દર્શન કરવા આવે તોપણ તેના સામું જોતા નથી. એ તો માત્ર અધ્યયનમાં જ મશગૂલ રહે છે. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા જોવામાં આવે છે. શાસ્ત્રવાંચન તો તેમનો ખોરાક બની જાય છે. આ અલ્પ સ્થિતિવાળા મહા મોંઘેરા માનવજીવનમાં નિજ હિત સાધી લેવું એ જ પરમ કર્તવ્ય છે એવી ભાવના રોમરોમમાંથી ઉઠે છે. 'મારે ભવનો અંત કરવો છે' – એ જ એમના જીવનનો ધબકાર છે. ભવના અભાવની વાત સાંભળતા કે વાંચતા આનંદીત થઈ ઉઠે છે.

દીક્ષા લીધા પછી પોષ મહિનામાં જેતપુર જાય છે. ત્યાં કંદોઈનો એક છોકરો હોય

છે. તેનું નામ છે ભગવાન, પણ તે બહુ ભોળો હોવાથી લોકો તેને 'ભગુ' કહે છે અને તેની વાત કરતા હોય ત્યારે એમ બોલે : 'ભગુ પશુ છે.' તેથી તે છોકરો પણ જ્યારે કાનજીસ્વામી પાસે આવે ત્યારે એમ બોલે : 'મહારાજ ! ભગુ પશુ છે.' અરે...! આવી જ રીતે અજ્ઞાની જીવ પણ શક્તિ અપેક્ષાએ સ્વયં ભગવાન હોવા છતાં પોતાને પશુ સમાન પામર જ માને છે ને !!

દીક્ષા લીધા પછી પ્રથમ ચોમાસુ બોટાદમાં કરે છે. તે વખતે વિક્રમ સંવત ૧૯૭૦ ના અષાઢ સુદ પૂનમના રોજ રતનશી ભાવસાર કહે : 'મહારાજ ! ઢાળસાગર નામનું પુસ્તક વાંચો, માણસો ભેગા થશે.' તેમને કહે : 'ભાઈ ! એ બધી તો વિકથા છે.' તે પ્રશ્ન કરે છે : 'પરંતુ ગુરુ તો વાંચે છે ને !' સમાધાન કરતા કહે છે : 'ગુરુ વાંચે છે તેથી શું થયું ? તેમાં તો લોકરંજનની-માણસો ભેગા થાય-એવી વાત છે. તેમાં ધર્મની વાત ક્યાં છે ? જેમાં વૈરાગ્યની વાત ને આત્માની કથા નથી તે બધી વિકથા જ છે. લોકરંજન માટે ધર્મનો ઉપદેશ ન હોય.' લોકો રાજી રહે તેવી વાત કહેવી યોગ્ય છે કે આત્મહિતકારી સત્ય વાત કહેવાયોગ્ય છે ?

ગુરુ હીરાચંદજી મહારાજ બહુ સરળ પરિણામી ને ભદ્રિક. ક્યારેય મોટા અવાજે બોલે નહિ. એકવાર કાનજીસ્વામી થાકી ગયા હોવાથી સૂતા-સૂતા સ્વાધ્યાય કરે છે. ત્યારે ગુરુ ઘણા જ પ્રેમથી કહે : 'કાનજી ! આપણને આ ન શોભે. જો થાકી ગયા હોઈએ તો શાસ્ત્ર બંધ કરીને આડે પડખે થવું, પણ આ રીતે સૂતા-સૂતા શાસ્ત્ર ન વંચાય, તેથી તો અશાતના થાય.'

કાનજીસ્વામી પ્રથમથી જ બ્રહ્મચર્યના અગાધ પ્રેમી. તેમનું જીવન બ્રહ્મચર્ય-શીલના અદ્ભુત તેજથી અતિશય શોભાયમાન છે. દીક્ષિત થયા પછી નિરંતર શાસ્ત્રસ્વાધ્યાય કરે છે અને તત્ત્વચિંતનની ધુન રહે છે. સાથે સાથે ચારિત્રનું પાલન પણ ઘણું કડક રીતે કરે છે. સ્ત્રીઓ તરફ ક્યારેય નજર કરતા નથી. તેમને સંબોધન કરતા નથી અને તેમની સાથે પ્રશ્નોત્તર કે વાતચીત પણ કરતા નથી. સ્ત્રીઓ પ્રત્યે સદા અત્યંત ઉપેક્ષાવૃત્તિ રહે છે. એકવાર ગુરુ કહે : 'કાનજી ! આ બહેનને શાસ્ત્રની ગાથા સમજાવ.' તુરત જ તે વાતનો વિનયપૂર્વક નકાર કરતા કાનજીસ્વામી કહે : 'મહારાજ ! આ રીતે સ્ત્રીઓ સાથે પ્રસંગ પડે એવું કોઈપણ કાર્ય મને કદી કહેશો નહિ.' અહા..! યુવાનવયે પણ કેવો ફાટફાટ વૈરાગ્ય ! કેવો બ્રહ્મચર્યનો અદ્ભુત રંગ !! તેમના દર્શન કરવા માટે એકલી સ્ત્રી તો આવી શકે નહિ. પરંતુ એકથી વધારે સ્ત્રીઓ પણ પુરુષની હાજરી વિના આવી શકે નહિ. આવો તો દઢ-ઉગ્ર શીલનો રંગ છે.

## સંવત ૧૯૭૧

એક દિવસ પૂર્વભવમાં સીંચેલા અંતરના સંસ્કાર જાગૃત થઈને બહાર આવે છે. વાત છે લાઠી ગામની. અહીંયાં આ વર્ષના ચોમાસા દરમ્યાન શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે એક દિવસ ચોવીહારો ઉપવાસ કરવો અને બીજે દિવસે એક ટંક ખાઈને પારણું કરવું, એવા એકાંતરા ઉપવાસ કરીને ચારે મહિના શાસ્ત્રના ઉપધાન કરે છે. તેમને જોઈને ગુરુ અને ગુરુભાઈ પણ આવી ક્રિયા કરે છે. તેમ જ અહીંયાંથી જ પ્રથમવાર જાહેરમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કરે છે. આઠમ અને પૂનમના દિવસે લોકો પૌષધ–ઉપવાસ કરીને ઉપાશ્રયમાં બેઠા હોય ત્યારે લોકો ગુરુ પાસે માંગણી–વિનંતી કરે છે : 'મહારાજ (હીરાચંદજી) ! તમો જ્ઞાની-ધ્યાની એવા નવા કાનજીમુનિને કહો કે વાંચે.' તેથી એક કલાક બપોરના વાંચે છે. જોકે સવારના ગુરુ વાંચે છે. બપોરના વાંચનમાં ચાલીસેક માણસો હોય અને તે પણ મહિનામાં ચાર વાર, દરરોજ નહિ.

તેમાં એકવાર ભેરી વગાડે છે. નગારા પીટીને, ધડાકાબંધ વાત કરે છે, ઢંઢેરો પીટે છે, સિંહગર્જના કરે છે : 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મ કે પરને લઈને તે બિલકુલ થતો નથી. આત્મામાં કર્મથી વિકાર થાય એ વાત જૂઠી છે, ખોટી છે. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સ્વયંના સવળા પુરુષાર્થથી તેને ટાળે છે.' અહો..! હજુ તો દીક્ષા લીધાને માત્ર દોઢ વર્ષ જ થયું છે અને દિગંબર ધર્મના શાસ્ત્રો હાથમાં આવ્યા પણ નથી, તો પણ આવી વાત કરે છે !!

આ જ સાલના ચોમાસા દરમ્યાન 'ભગવતી સૂત્ર' વાંચે છે. તેના ત્રીજા અધ્યયનના 'સંશય અધિકાર' માં એમ આવે છે કે સંશય પોતાથી થાય છે. – આ ઉપરથી આવો અર્થ તારવે છે. આવો અર્થ સાંભળતા કાયરોના કાળજાં કંપી ઉઠે છે, ખળભળાટ થઈ જાય છે. પરંતુ તેમના પ્રભાવ સામે તથા તેમની તર્કબદ્ધતા સામે કોઈ બોલી શકતું નથી. ગુરુએ ક્યારેય આવી વાત કહેલી નહિ હોવા છતાં ગુરુ, ગુરુભાઈ કે શ્રોતાઓમાંથી કોઈ પણ આ વાતનો વિરોધ કરતા નથી. માત્ર એક શેઠ વિરોધ કરે છે, વિરુદ્ધમાં પડે છે. છતાં તે શેઠ તેમની સામે બોલી શકતા નથી. એટલે અન્ય વ્યક્તિને ખાનગીમાં કહે : 'મહારાજે (કાનજીસ્વામીએ) આ નવું ક્યાંથી કાઢ્યું ? આપણા હીરાચંદજી ગુરુ તો ક્યારેય આવું કહેતા નથી, આપણે સાંભળ્યું પણ નથી, તેમ જ આપણે એવું માનતા પણ નથી. આપણે તો કર્મથી જ વિકાર થાય એમ માનીએ છીએ. તો પછી આ મહારાજે આ નવી વાત ક્યાંથી કાઢી ?

આ વગર દોરાની પડાઈ (અર્થાત્ પતંગ) ઊડી છે તે કોણ જાણે ક્યાં જઈને પડશે ?' અહા..! જુઓને ! તે દિગંબર જૈનધર્મમાં આવી ને ! જેઓ સત્યની પ્રાપ્તિ અર્થે નીકળ્યા છે તેમને સત્યના સંસ્કાર અંદરથી જ સ્ફુરિત થવા લાગ્યા છે ને !

આ જ વર્ષની વાત છે : પોતે 'આચારાંગ' નામના આગમનો પહેલો ભાગ વાંચે છે ત્યારે તેના અર્થો એવા વિશિષ્ટ રીતે કરે છે કે પોતાના ગુરુ અને ગુરુભાઈ પણ સાંભળવા બેસે છે. ગુરુભાઈ મૂળચંદજીને આશ્ચર્ય થાય છે ને કહે છે : 'મને આ ભાગ સમજાતો નથી ને તને સમજાય છે ?'

આ જ વર્ષમાં મૂળચંદજીને પ્રશ્ન કરે છે : 'ધર્માસ્તિકાયના કેટલા ગુણ ?' ઉત્તર મળે છે : 'બે. ગતિહેતુત્વ અને અરૂપી.' લ્યો, જૈનના બારિસ્ટર કહેવાતા હતા છતાં આટલી ખબર હતી !!

આ જ સાલમાં વેજલકા ગામે રાત્રિના એક સ્વપ્ન આવે છે. તેમાં એમ દેખાય છે કે પૂર્ણ આકાશ શાસ્ત્રો લખેલા પાટીયાઓથી ભરેલું છે. જાણે કે પરમાગમ મંદિરનો સંકેત ! અહો ! જેમની નિર્મળ શ્રુતજ્ઞાનધારા વડે સમ્યક્ મોક્ષમાર્ગનું રહસ્યોદ્‌ઘાટન થવાનું છે અને જેમના થકી આ ભરતક્ષેત્રમાં પરમાગમોની પ્રભાવના થવાની છે તેમને માનો કુદરતી સંકેત આવે છે !!

'ભગવતી સૂત્ર'માં એવી વાત આવે છે કે એક સાધુ પોતાની શક્તિથી એક મનુષ્યને અને ઘોડાને બાળી નાખે છે. આ અંગે આ જ વર્ષે આણંદપર ગામે ગુરુભાઈ મૂળચંદજી સાથે ચર્ચા થતાં તે કહે : 'તે મનુષ્ય જૈનશાસનનો વૈરી હતો, તેથી તેને બાળ્યો છે. માટે પ્રાયશ્ચિત્તની જરૂર નથી.' કાનજીસ્વામી કહે : 'ભલે તે જીવ શાસનનો વૈરી હોય; પણ તેને બાળે, બાળવાના ભાવ કરે તે સાધુ જ નથી. આવી વિપરીત વાત અમને માન્ય નથી.' આખરે કષાય તો કષાય જ છે ને ? દોષ જ છે ને ? તેથી તેનું પ્રાયશ્ચિત્ત પણ હોય જ ને ?

તેઓશ્રી તર્ક અને બુદ્ધિની એરણ ઉપર સતત સત્યને તપાસતા. એકવાર દામનગરમાં દામોદર શેઠ સૂચન કરે છે : 'વિકાર થવામાં જીવના પુરુષાર્થનો તમે બહુ આગ્રહ રાખો છો તો જીવના પુરુષાર્થના ૫૧ % અને કર્મના ૪૯ % રાખો.' ઊંડો શ્વાસ લઈ વસ્તુસિદ્ધાંતનો અબાધિત નિયમ સમજાવતા કાનજીસ્વામી કહે : 'ના, ના. વિકાર થવામાં કર્મનો એકેય ટકો નથી, જીવના જ સોએ સો ટકા છે. જીવ સ્વયં પોતાથી વિકાર કરે છે. પોતપોતાનું કાર્ય કરવામાં સોએ સો ટકા જીવના જીવમાં છે અને કર્મના કર્મમાં છે. જીવનો એકેય ટકો કર્મમાં છે કે કર્મનો એકેય ટકો જીવમાં છે એમ બિલકુલ નથી.' અહો ! કેવા અદ્‌ભુત

સત્ય સિદ્ધાંતો સ્વયંના અંતરપટમાંથી સ્ફુરાયમાન થાય છે ! આ રીતે જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ પૂર્વભવના સંઘરેલા સંસ્કારો અનેક પ્રકારે બહાર આવતા જાય છે અને સાથે સાથે અંતરંગમાં સત્યની શોધ ઉગ્ર બનતી જાય છે.

## સંવત ૧૯૭૨

આ વર્ષે એટલે કે ઇ. સ. ૧૯૧૬ માં ફાગણ સુદ તેરસ-ચૌદસની રાત્રે પાળિયાદની બાજુમાં આવેલ સરવા ગામે એક મહત્ત્વની ઘટના બને છે. તે રાત્રે ગુરુભાઈ મૂળચંદજી સાથે ચર્ચા થાય છે. તે ચર્ચાની શરૂઆત આ રીતે થયેલી : તે દિવસે ગુરુભાઈ જગજીવનજી વધેલો આહાર કૂતરાને નાખતા હતા ને બોલતા હતા કે 'વોસરે.. વોસરે...' એટલે કે ત્યાગ કરું છું. ત્યારે તેમને કહેલું : 'તમે આ શું કરો છો ? ભગવાનની આજ્ઞાની મશ્કરી કરો છો ?' સ્થાનકવાસી સંપ્રદાયમાં એવી વાત આવે છે કે વધેલો આહાર ઉકરડે ફેંકી દેવો, પણ તેની મમતા રાખીને બીજા કોઈને ખવરાવવો નહિ. આવો નિયમ હોવા છતાં અને ગુરુભાઈ જગજીવનજીને વધેલો આહાર ઉકરડે ફેંકી દેવા માટે કહેવા છતાં તેઓ વધેલા આહારને ફેંકતા નથી ને કૂતરાને ખવરાવે છે. ત્યારે ઉપર મુજબની વાત થાય છે. આમ ભગવાનની – કેવળીની વાત મનમાં ઘોળાતી હતી ને રાત્રિના ચર્ચા થાય છે.

ગુરુભાઈ કહે : 'કેવળીએ દીઠું હશે તેમ થશે. તેમણે જોયું હશે તે દિ' ભવ ઘટશે તેમાં આપણે શું પુરુષાર્થ કરી શકીએ ? કેવળીએ દીઠું હશે તો પુરુષાર્થ થશે, મોક્ષ થશે. જો કેવળી ભગવાને આપણા અનંત ભવ દીઠા હશે તો તેમાંથી એક પણ ભવ ઘટવાનો નથી.' આવી પુરુષાર્થહીન વાત અગાઉ પણ તેઓ વારંવાર કરતા, જે પુરુષાર્થના સ્વામી કાનજીસ્વામીને ગમતી નહિ. કેમ કે કાનજીસ્વામી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી છે. છતાં થોડો સમય તો, હજુ પોતે નવદીક્ષિત છે એટલે વાત સાંભળી લે છે. પરંતુ આજે હવે વધારે વખત આવી વાત સાંખી શક્યા નહિ હોવાથી દૃઢતાથી ગુરુભાઈને કહે : 'આ તમે શું કહો છો ? તમે શું બોલો છો તેની તમને ખબર છે ? 'ભગવાને જોયું હશે તે દિ' ભવ ઘટશે' – આ વાત ક્યાંથી વાંચી કે સાંભળીને બોલો છો ? આવી વાણી વીતરાગની કે આગમની ન હોય શકે. – પૂર્ણ વીતરાગતાને ભગવાન જ્યારે સાધતા હતા ત્યારે જે વિકલ્પ હતો તેનાથી વાણીને યોગ્ય પરમાણુ બંધાયા હતા. તેથી પૂર્ણતા થતાં જ્યારે વાણી છૂટે છે ત્યારે અલ્પજ્ઞતા ને રાગ ટળે એવો જ ઉપદેશ તેમાં હોય છે અને જે જીવ તે વાણીને અંતર લક્ષે સાંભળે છે તે પણ વીતરાગ થયા વિના રહેતો જ નથી.' વાહ ! કેવી અલૌકિક વાત

અંદરથી આવી હતી !

'કેવળી ભગવાનને જે જાણે – સર્વજ્ઞ જેના જ્ઞાનમાં બેઠા – તેને ભવ જ ન હોય. તેના ભવ તેમણે જોયા જ ન હોય. કેમ કે જે અરિહંતને જાણે છે તે પોતાના આત્માને પણ જાણે છે અને તેથી તેના મોહનો નાશ થાય જ છે. – આવો ભગવાનનો ઉપદેશ હોય છે. ભવના અભાવની વાત તેમાં હોય છે. સ્વયં કેવળી ભગવાન ભવનો અભાવ કરીને વિજ્ઞાનઘન થયા છે. તેથી 'અમારા દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જાણે તે પોતાના આત્માને જાણે અને તેને ભવ હોતા નથી.' – આવી ભવના અભાવવાળી વાણી તેમની હોય છે. સર્વજ્ઞ ભગવંતે અજ્ઞાન ને રાગનો નાશ કર્યો છે. તેથી તેમની વાણી પણ તેવી જ હોય છે અર્થાત્ ભવના છેદની વાત તેમની વાણીમાં હોય છે અને તે આગમ છે.' – આ શૈલીની વાત અંતરમાંથી આવે છે અને કહે છે.

કેવળીએ દીઠું હશે તેમ થશે એ વાત તો બરાબર છે, પણ કેવળજ્ઞાન જગતમાં છે તેની પ્રતીતિ કોને થાય ? જેને જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ થઈ હોય તેને જ એવી પ્રતીતિ થાય છે અને તેના ભવ કેવળીએ જોયા જ નથી. ત્રણકાળ–ત્રણલોકને જાણે એવું કેવળજ્ઞાન જેને અંતરમાં બેઠું તેના ભવ ભગવાને જોયા જ નથી. આત્માના એક જ્ઞાનગુણની એક સમયની પરિપૂર્ણ પર્યાય તે કેવળજ્ઞાન છે. એટલે કે આત્માના એક ગુણની પર્યાય એક સમયમાં ત્રણકાળ–ત્રણલોક જાણી શકે એવી તાકાતવાળી છે. આવા સામર્થ્યની જેને શ્રદ્ધા હોય તેને ભવ હોય જ નહિ અર્થાત્ ભગવાને જોયું છે તેમ થશે એવું જેની દૃષ્ટિમાં બેસી ગયું તેને ભવ હોય જ નહિ.' અહો..! આ જ ભાવ શ્રી પ્રવચનસારજીની ૮૦ મી ગાથામાં પણ છે ને ? કે,

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્માને, તસુ મોહ પામે લય ખરે.**

આ શાસ્ત્ર ત્યારે વાંચેલું પણ નહિ, હાથમાં પણ આવેલું નહિ, અરે...! દિગંબર નામનો ધર્મ છે તે સાંભળેલું પણ નહિ. છતાં અંદરમાં પૂર્વભવના સંસ્કાર છે, પૂર્વે સાંભળ્યું હતું તેથી આ ગાથાના ભાવ શાસ્ત્ર વાંચ્યા વિના પણ અંદરથી આવે છે. અહા..! પોતાને દીક્ષા લીધાને હજુ બે વર્ષ જ થયા છે, તેમ છતાં અંતરંગમાંથી કેવી પુરુષાર્થપ્રેરક વાતો આવે છે !!

જે સ્વયં પ્રચંડ પુરુષાર્થની ખીલવટ કરી ભવિષ્યમાં મોક્ષપંથે પ્રયાણ કરવાના છે અને પૂર્ણતાને પામવાના છે તેમને પુરુષાર્થહીનતાની વાતો કેવી રીતે ગમે ? કાનજીસ્વામી પુરુષાર્થહીનતાભર્યા મિથ્યા વચનો કદી સહન કરી શકતા નહિ અને બોલી ઉઠતા : 'જે પુરુષાર્થી છે તેને અનંત ભવ હોય જ નહિ અને કેવળીએ પણ તેના અનંત ભવ દીઠાં

જ નથી. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ જ નડતું નથી; તેને પાંચે સમવાય આવી મળે છે.' કાનજીસ્વામીનો એક જ જીવનમંત્ર છે : પુરુષાર્થ.. પુરુષાર્થ.. પુરુષાર્થ... અહો..! ધન્ય છે તેમના જીવનમંત્રને.. પુરુષાર્થને.. શૂરવીરતાને..

કાનજીસ્વામી પોતાની વાત દૃષ્ટાંતથી સિદ્ધ કરવા કહે : 'ગજસુકુમારનો જ દાખલો જુઓને ! ગજસુકુમાર શ્રીકૃષ્ણ સાથે શ્રી નેમિનાથ ભગવાનના સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળવા ગયા. ભગવાનની વાણી સાંભળતા જ ગજસુકુમારનો પુરુષાર્થ અંતરથી જાગી ઉઠ્યો અને ભગવાનને કહ્યું કે મને ભગવતી દીક્ષા આપો. હું આજે જ મુનિપણું ગ્રહણ કરવા ઇચ્છું છું અને દ્વારિકાના સ્મશાનમાં ધ્યાન કરવાની મારી ભાવના છે.' તો ભગવાનની વાણી કેવી હશે ? શું તે વાણી એવી હશે કે અમે જોયું હશે તેમ થશે; તમે પુરુષાર્થ નહિ કરી શકો. શું આવી પુરુષાર્થવિહીન વાણી ભગવાનની હશે ? સર્વજ્ઞ ભગવાન રાગ અને અજ્ઞાનનો નાશ કરી વીતરાગ અને સર્વજ્ઞ થયા છે, તેથી તેમની વાણીમાં પણ રાગ, અજ્ઞાન અને ભવના છેદની તથા પૂર્ણ થવાની જ વાત આવે છે અને તેને આગમ કહે છે. માટે જેના જ્ઞાનમાં સર્વજ્ઞ ભગવાન બેઠા તેનો પુરુષાર્થ જાગી ઉઠે છે અને તેને ભવ હોતા નથી. અરે..! તેના ભવ ભગવાને જોયા જ નથી. ભગવાને તમારા ભવ જોયા હશે, અમારા નહિ. અમારે હવે ભવ કેવા ?

જેમનું વીર્ય અંદરમાં ઉછાળા મારે છે એવા કાનજીસ્વામી આગળ કહે : 'ભગવાને દીઠું હશે ત્યારે પુરુષાર્થ થશે, આપણે શું કરી શકીએ ? – આવી શ્રદ્ધા અમને માન્ય નથી તથા આવી શ્રદ્ધાવાળા સંપ્રદાય અને ગુરુ પણ અમને ન જોઈએ.' – આમ કહીને સંપ્રદાય, ગુરુ વગેરે બધાને છોડીને ઉપાશ્રયની બહાર જવા નીકળે છે ત્યાં ગુરુ હીરાચંદજી મહારાજ કહે : 'કાનજી ! આવી શ્રદ્ધા કદાચ કોઈને હોય તો તે ન નડે.' (અર્થાત્ કોઈ મૂર્તિને માને તો તે શ્રદ્ધા નડે, પણ આવી શ્રદ્ધા નડે નહિ). કાનજીસ્વામી તુરત જ કહે : 'ના, આવી શ્રદ્ધા જ નડે.' આમ સ્પષ્ટપણે જણાવી, બધાને છોડી, બાજુના ગામમાં એકલા ચાલ્યા જાય છે પણ પછી બીજે દિવસે મોટા શેઠિયાઓ તેમને સમજાવવા જાય છે અને મનાવીને ઉપાશ્રયમાં પાછા લાવે છે. કાનજીસ્વામી પાછા તો આવે છે, પરંતુ આ દિવસથી સંપ્રદાય, ગુરુ વગેરે બધા ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય છે અને અંતરંગમાંથી પોકાર ઉઠે છે કે હવે સત્ય તો મારે જ ગોતવું છે – ગોતવાનું રહે છે.

સંવત ૧૯૭૨ નું ચોમાસુ રાણપુર કરે છે. ત્યાં ૫૦ દિવસ એટલે કે અષાઢ સુદ–૧૫ થી ભાદરવા સુદ–૫ સુધી વ્યાખ્યાન આપે છે.

## સંવત ૧૯૭૩

આ વર્ષનું ચોમાસુ દામનગરમાં કરે છે. એક વેળાએ જીવાભિગમ સૂત્ર શાસ્ત્ર વાંચતા વાંચતા એમ આવે છે કે, શાશ્વત પ્રતિમાઓ છે તે જિનની ઊંચાઈના પ્રમાણમાં છે. આથી શંકા પડે છે : સ્થાનકવાસી તો પ્રતિમાને માને નહિ અને શાસ્ત્રમાં તો છે, આ શું ? તેથી એકાંત–ખાનગીમાં ગુરુભાઈ મૂળચંદજીને પૂછે છે : 'મહારાજ ! શાસ્ત્રમાં ભગવાન તો શાશ્વત પ્રતિમાને જિનની ઊંચાઈના પ્રમાણમાં કહે છે અને ગોંડલવાળાએ પ્રસિદ્ધ કરેલ પુસ્તકમાં તેને જક્ષની પ્રતિમા કહી છે.' ગુરુભાઈ કહે : 'એ શાશ્વત પ્રતિમા છે તો તીર્થંકરની, એ કાંઈ જક્ષની નથી પણ આપણે પ્રતિમાને માનીએ નહિ એટલે તીર્થંકરની પ્રતિમાને બદલે જક્ષની પ્રતિમા છે એમ લખ્યું છે.' કાનજીસ્વામી આ સાંભળી અકળાય છે અને મનમાં થાય છે કે, અરે..! આ શું ? અંદરમાં માનવું કાંઈક અને બહારમાં કહેવું કાંઈક ? ના, ના, ના. આ સાચો પંથ નથી. આ શ્રદ્ધા ખોટી અને માર્ગ પણ ખોટો. શાસ્ત્રમાં જિનપ્રતિમા સંબંધી આવું વિરુદ્ધ નિરૂપણ વાંચતા અને સિદ્ધાંતની વિપરીતતા જોતા તેના ઉપરથી વિશ્વાસ ઉઠી જાય છે.

કાનજીસ્વામી આગળ કહે : 'અમે સંપ્રદાયમાં આવી ગયા એટલે તેને જ માનશું એમ નથી. અમે તો જે સત્ય હશે તેને જ માનશું. સંપ્રદાયમાં સત્ય નહિ લાગે તો ક્ષણમાં છોડી દઈશું.' આવી ચર્ચા થવા છતાં તેમની સામે કોઈ કાંઈ બોલતું નથી. કેમ કે બધાને ડર છે કે કાંઈક બોલશું તો તેઓ સંપ્રદાય હમણાં જ છોડી દેશે.

સંપ્રદાયમાં ઘણા વિષયો ઉપર ઘણીવાર ચર્ચા ચાલે છે. લોકો–શેઠિયાઓ પણ–કાનજીસ્વામીથી ડરે છે. તેઓ કહે : 'તેમને કાંઈ કહેશો નહિ. તેમની સાથે વિધિસર વાત કરજો. નહિતર તેઓ હમણાં સંપ્રદાય છોડી દેશે.' કાનજીસ્વામી પણ ચર્ચા સમયે ઘણીવાર કહે છે : 'હું વાડામાં આવી ગયો છું માટે વિપરીત માનીશ એવું કાંઈ છે નહિ. તમે એમ ન જાણશો કે અમારા વાડામાં આવી ગયા છે તો એ જાશે ક્યાં ? અમને અસત્ લાગશે તો છોડી દઈશું. અમને કાંઈ દુનિયાની દરકાર નથી. અમે વાડામાં આવ્યા માટે વાડાની વાત સાચી છે એમ નથી. અમે અમારું કરવા આવ્યા છીએ.'

દામનગરમાં જ એક પ્રસંગ બને છે : સંપ્રદાયની રીત પ્રમાણે પાતરા રંગવામાં અને તેને સૂકવવામાં ઘણો સમય જતો. આ સહન થતું નથી, ગમતું નથી. જે કાર્ય કરવામાં મન ન માને તે શા માટે કરવું ? શી રીતે કરી શકાય ? એકવાર તો ગુરુ સમક્ષ બોલી

જવાય છે : 'આ શું ? સ્વાધ્યાય છોડીને પાતર રંગવા ?' ગુરુને તેમના પર અથાગ પ્રેમ. એટલે અતિ મીઠાશથી કહે : 'તો પછી પાતરા વિનાના સાધુ શોધી–ગોતી લાવજે.' ગુરુને મનમાં એમ કે શું પાતરા વિનાના કાંઈ સાધુ હોતા હશે ? અહો..! કોને ખબર વિધિનો શું સંકેત છે ! આ જ કાનજીસ્વામી સમય જતાં પાતરા વિનાના શ્રી કુંદકુંદાચાર્યદેવને શોધી–ગોતી લાવ્યા જ ને ? અને તેમનો માર્ગ પણ પ્રવર્તાવ્યો ને ?

## સંવત ૧૯૭૪

અમરેલીમાં રાજકોટવાળા પ્રાણજીવન માસ્તર સાથે ચર્ચા થાય છે કે આકાશના એક પ્રદેશમાં જીવના કેટલા પ્રદેશ રહે ? ત્યારે ઉત્તર આપે છે : 'આત્મા ક્યારેય સંખ્યાત પ્રદેશમાં ન રહે. તે અસંખ્ય પ્રદેશમાં જ રહે. તેને રહેવા માટે અસંખ્ય પ્રદેશ જ જોઈએ. હા, આકાશના એક પ્રદેશમાં અનંત આત્માના અનંત પ્રદેશ રહી શકે, પણ પૂર્ણ એક આત્મા રહી શકે નહિ.' – આમ જ્યાં કહે છે ત્યાં ગુરુભાઈ કહે : 'આવું ક્યાંથી કાઢ્યું ?' તેમને કહે : 'કાઢ્યું શું ? આ તો વસ્તુનું સ્વરૂપ છે અને શાસ્ત્રમાં પણ જોઈ લ્યો ને !' કોઈપણ સિદ્ધાંતના ઊંડાણમાં ઉતરીને, તેના મૂળ સુધી પહોંચીને તથા તેને ઝીણવટ રીતે તપાસીને પછી જ જાહેરમાં કહેવાની તેમની કળા કોઈ અલૌકિક છે.

દીક્ષા પછી થોડા જ વખતમાં તેમનું આત્માર્થીપણું, તર્કથી વસ્તુને સ્વીકારવાની કળા વગેરે ઘણા સદ્‌ગુણો જોઈને લોકો કહે : કાનજીસ્વામી વાંચે.. કાનજીસ્વામી વાંચે. ગુરુ હીરાચંદજી મહારાજ પણ તેમને સભામાં વ્યાખ્યાન વાંચવા માટે વાત્સલ્યભાવથી વારંવાર કહેતા પણ કાનજીસ્વામી નમ્રતાથી છતાં દ્રઢતાથી કહેતા : 'મહારાજ ! હું વાંચવા નથી આવ્યો, હું તો મારા આત્માનું કરવા આવ્યો છું અને તે માટે મેં દીક્ષા લીધી છે.' ગુરુ સમજાવવા માટે કહેતા : 'તું સભામાં વાંચીશ તો તને નવા નવા તર્ક ઉઠશે, નવું નવું જાણવા મળશે.' પોતે ઉત્તરરૂપે ધીરેથી છતાં મક્કમતાથી કહેતા : 'મને વાંચવાનું કહેવું નહિ. મારે તો મારા આત્માનું હિત કરવું છે. હું વાંચું ને સભા બેસે તે માટે નીકળ્યો નથી.' આમ જો કે વ્યાખ્યાન વાંચવાની અનિચ્છા હોવા છતાં ન છૂટકે કોઈ-કોઈવાર લોકાના અતિશય પ્રેમપૂર્વકના આગ્રહથી જાહેરમાં વ્યાખ્યાન વાંચવું પડતું. પણ હવે ૧૯૭૪ માં ગુરુ હીરાચંદજી મહારાજ કાળધર્મ પામતા, ગુરુભાઈ દીક્ષાકાળ અપેક્ષાએ મોટા છે તોપણ, સકળસંઘ વિનંતી કરે છે : 'સાહેબ ! હવે આપ જ વ્યાખ્યાન વાંચો.' આ રીતે તેમની ઉપર વ્યાખ્યાન આપવાનું કાર્ય આવી પડે છે અને નિયમિતપણે દરરોજ જાહેરમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કરે છે.

## સંવત ૧૯૭૫

વીંછીયામાં કાનજીસ્વામી ફરમાવે છે : 'અલ્પજ્ઞાન અર્થાત્ ઓછી ધારણા તે દોષ નથી; પણ વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષ તે દોષ છે.' દોષ શું છે તે ખ્યાલમાં આવ્યું ?

## સંવત ૧૯૭૬

ઇ. સ. ૧૯૨૦ એટલે કે આ વર્ષના પ્રસંગો જોઈએ. સંપ્રદાયમાં તેઓશ્રીની છાપ પ્રભુ સમાન છે. કાનજીમુનિ કહે એટલે જાણે કે ભગવાને કહ્યું એમ સ્વીકારાય છે. જોબાળા ગામે રોચકાવાળા ઉજમશીભાઈ કહે : 'મહારાજ ! આપની વાત એવી આવે છે કે જાણે આપની પાસે કોઈ દેવી ન હોય ?' ઉત્તર મળે છે : 'ભાઈ ! જેમ જંબુદ્વીપના જંબુવૃક્ષમાં અનાઢ્ય નામના દેવનો વાસ છે તેમ બહુશ્રુત જ્ઞાનીના અર્થાત્ સમ્યગ્જ્ઞાનીના જ્ઞાનમાં તીર્થંકર–સર્વજ્ઞ વસ્યા છે.' અહો..! શું સમ્યગ્જ્ઞાનીની દશા !

નારણભાઈ એક સાધ્વીને પ્રશ્ન કરે છે : 'તમે ભવિ છો કે અભવિ ?' જવાબ : 'કાનજીસ્વામી નામના એક સાધુ બહુ પ્રસિદ્ધ છે તેમને પૂછો. તેમની પાસેથી ખુલાસો મળશે.' તેથી તેઓ રાણપુરના જૂના ઉપાશ્રયમાં આવે છે. ત્યાં સાત-આઠ સાધુ બેઠા હોય છે. કાનજીસ્વામી કોણ છે તેની કાંઈપણ ઓળખાણ-પીછાણ હતી નહિ. સીધા કાનજીસ્વામી પાસે જાય છે અને પ્રશ્ન કરે છે : 'તમે ભવિ છો કે અભવિ ?' દઢતાથી ઉત્તર મળે છે : 'ભવિ છીએ કે અભવિ–એ શું પૂછો છો ? અમારે સંસાર જ નથી. અમારે ભવ આદિ કાંઈ નથી.'

આ જ સાલમાં વઢવાણમાં એક સાધુને પૂછે છે : 'સામાયિક શું છે ? દ્રવ્ય–ગુણ કે પર્યાય ? ત્રસ કે સ્થાવર ?' ઉત્તર મળે છે : 'મારા ગુરુએ શીખવ્યું નથી.' જુઓ ! સાધુપણું લેવા છતાં પણ હજુ આટલી પણ ખબર નથી !

એ જ વર્ષમાં એટલે કે ૧૯૭૬ માં કોઈ સત્યથી વિરુદ્ધ સંપ્રદાયની મતાગ્રહની વાત કરવા લાગે છે. અત્યંત કડક શબ્દોમાં કાનજીસ્વામી કહે : 'હું આ જ સ્થિતિમાં અર્થાત્ સ્થાનકવાસી સાધુ તરીકે જ રહું એમ બંધાયેલ નથી. માટે સત્ય શું છે તે વાત કરો, કોઈ પક્ષ–સંપ્રદાયની નહિ.'

દીક્ષાના આ વર્ષો દરમ્યાન શ્વેતાંબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કરે છે. ૩૨ સૂત્ર દર વર્ષે અને 'ભગવતી સૂત્ર' તો ૧૭ વાર વાંચે છે. આ બધું વાંચન કરતી વખતે પણ તેમનું લક્ષ તો સત્યની ખોજમાં જ રહે છે. આ વર્ષનું ચોમાસુ અધિક માસ હોવાથી પાંચ મહિનાનું હોય છે. દામનગરમાં આ પાંચ મહિના દરમ્યાન શ્વેતાંબરના ૪૫ આગમ ટીકા સહિત વિચારપૂર્વક વાંચે છે. સાત થી આઠ હજાર શ્લોકો મોઢે કરી લે છે, યાદ રાખી લે છે. એકવાર તો એક દિવસમાં દસ હજાર શ્લોકો વાંચે છે. દિવસમાં દશ-દશ કલાક વાંચન કરે છે, છતાં જે પરમાર્થ સત્યની શોધમાં છે તે હજુ મળતું નથી.

'કોઈ જીવ તીર્થંકરને દવા અને સાધુને આહાર આપે તો તેનો સંસાર ટળે એ વાત બરાબર છે ને ?' – આવો પ્રશ્ન તેમને સંવત ૧૯૭૭ માં ગોંડલમાં થાય છે. તેનો ઉત્તર આપતા કહે : 'ભાઈ ! સંપ્રદાયમાં છીએ એટલે શું કહીએ ? બાકી તીર્થંકરને રોગ હોય, તેઓ દવા લે અને સાધુને આહાર આપવાથી ભવ ટળે વગેરે આવી બધી વાતો સત્ય નથી.'

આ જ વર્ષમાં દીક્ષા લીધા પછી પ્રથમવાર ભાવનગર આવવાનું થાય છે. લોકો કહે, 'ધર્મના ગાંધી' આવ્યા છે. આહાર લેવાની ક્રિયા એવી કડક છે કે લોકો રાડ પાડે છે. જરાસરખી ભૂલ થાય તો આહાર લીધા વિના પાછા ચાલ્યા જાય છે. લોકો રડે છે કે અમારે ત્યાં આવ્યા ને પાછા ગયા.

આ જ વર્ષમાં બોટાદમાં પોરબંદરના એક ભાઈ કહે : 'તેથી દેહ એક જ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...' આ પંક્તિમાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે હું એક ભવે મોક્ષ જવાનો છું. તો, શ્રીમદ્જી છદ્મસ્થ હતા અને ગૃહસ્થાશ્રમમાં હતા છતાંપણ આવી વાત કરે છે ? શું પંચમ આરાનો ગૃહસ્થાશ્રમી જીવ આવું જાણી શકે ?' તેનું સમાધાન કરતા કહે : 'અરે..! આત્મા ન જાણી શકે એ પ્રશ્ન જ નથી. ભગવાન આત્મા બધું જાણી શકે છે. મતિજ્ઞાન વડે ઉપયોગ લાગુ પડી ગયો તો આત્મા એટલું બધું જાણી લે કે ક્યારે કેવળજ્ઞાન થશે. માટે શ્રીમદ્જીએ કહ્યું છે તે બરાબર છે. ભાઈ ! આત્માના જ્ઞાનની તાકાત કેટલી છે તેની લોકોને ખબર નથી.'

બોટાદમાં ICS પરીક્ષા પાસ કરેલ ભાઈ દર્શન કરવા આવે છે. તેમને પૂછે છે : 'ભાઈ ! આત્મા વિશે કાંઈ વાંચ્યું છે ?' ઉત્તર મળે છે : 'વાંચ્યું છે ખરું, પણ આત્મા છે કે નહિ તે અંગે હજી નિર્ણય કર્યો નથી.' લ્યો, આ મોટા ભણીને આવ્યા ! હજુ આત્મા છે કે નહિ તેનો નિર્ણય પણ નથી તો પછી તે કેવો છે ને કઈ રીતે પ્રાપ્ત થાય તે વાત તો ક્યાં રહી ?

આ જ વર્ષે વાંકાનેરમાં એક અદ્ભુત પ્રસંગ બને છે. કાનજીસ્વામી બપોરના ૧૨ વાગે

ઉપાશ્રયમાં બેઠા છે. અહીંયાં સૌપ્રથમવાર ૐકારમય દિવ્યધ્વનિનો નાદ સંભળાય છે. તેમને થાય છે, આ શું છે ? શેનો અવાજ સંભળાય છે ? તે કાંઈ સમજાતું નથી. તે ઉપરાંત દીક્ષા લીધા પછી સ્વપ્નમાં અલૌકિક દૃશ્ય દેખાતું. તેમાં એકવડિયો, ઊંચા દેહવાળો અને ઝરીના વસ્ત્રધારી રાજકુમાર વારંવાર દેખાતો. પણ તે કોણ છે ? તેની સમજ પડતી નથી.

તથા કોઈવાર તો 'હું તીર્થંકર છું' એમ પણ અંદરમાંથી આવતું. આથી પોતે આશ્ચર્યમાં ગરકાવ થઈ જતા અને ઊંડા વિચારમાં ઉતરી જતા કે હું તો મનુષ્ય છું, છતાં આ શું આવે છે ? આ બધી વાતનો ક્યાંય મેળ ખાતો નથી, ઉકેલ મળતો નથી અને સમજણ પડતી નથી.

જો કે પછીથી સંવત ૧૯૯૩ માં ચૈત્ર વદ આઠમને દિવસે ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીને સોનગઢમાં જાતિસ્મરણ જ્ઞાન થતાં બધો મેળ બેસી જાય છે કે કાનજીસ્વામી ગતભવમાં મહાવિદેહક્ષેત્રમાં રાજકુમાર હતા અને ભવિષ્યમાં ધાતકીખંડમાં તીર્થંકર થવાના છે.

## સંવત ૧૯૭૭

આ વર્ષનું ચોમાસુ રાજકોટમાં કરે છે.

આ રીતે દીક્ષા લીધાને સાત વર્ષ વીતે છે. તે દરમ્યાન શ્વેતાંબર ગ્રંથોનો અભ્યાસ ઘણો થાય છે. જેમ જેમ અભ્યાસ થાય છે તેમ તેમ અંતરમાં શંકા-પ્રશ્નો વધારે ને વધારે ઉત્પન્ન થવા લાગે છે, પરંતુ ઉત્તર મળતો નથી, સમાધાન થતું નથી. પોતાનો સ્વભાવ પણ એવો કે તર્કની કસોટી ઉપર ખરી ઉતર્યા પહેલા કોઈપણ વાત માનવી નહિ. તર્ક અને બુદ્ધિની એરણ પર સત્યને ચકાસે અને પછી જ માને. ન્યાય-વિવેક વિના માત્ર અંધશ્રદ્ધાથી જ કોઈ વાત માને નહિ. તેથી મનના પ્રશ્નો નિરુત્તર જ રહે છે અને એટલે જ તો સત્યપ્રાપ્તિની જિજ્ઞાસા-ઝંખના ઉગ્રથી ઉગ્રતર થતી જાય છે.

જ્ઞાનપિપાસાની સાથે સાથે સંપ્રદાય પ્રમાણેનું ચારિત્ર પણ ઘણું કડક રીતે પાળે છે. પોતાના માટે બનાવેલ અનાજનો એક દાણો કે પાણીનું એક બિંદુ પણ તેઓ લેતા નથી. શાસ્ત્રના નિયમ પ્રમાણે નિર્દોષ આહાર-પાણી ન મળે તો ઉપવાસ કરી લે છે. તેઓશ્રીને આહાર આપવાની ઉત્કંઠા બધાને રહે છે. પણ આહાર આપતી વેળાએ જરાસરખી પણ ભૂલ થઈ જાય તો આહાર લેતા નથી. સંપ્રદાયના સાધુપણામાં તેમને માત્ર શાસ્ત્રઅભ્યાસ અને તત્ત્વવિચારની જ લગની લાગી છે. તેથી તેમની દશા બાહ્યભાવોથી એવી ઉદાસીન

રહે છે કે સરસ-નીરસ આહાર પ્રત્યે પણ લક્ષ રહેતું નથી. જો કે તેઓશ્રી સામાન્યપણે સાદો ને નિર્દોષ આહાર જ લે છે.

તેમનું જીવન આત્માભિમુખ અને જગતથી સાવ ઉદાસ છે. તેમની આ જ્ઞાન-વૈરાગ્યમય દશાથી પ્રભાવિત થયેલા ભક્તોને એટલો બધો ભક્તિભાવ ઉછળે છે કે આહારના સમયે ઘરે ઘરે ભાવિકોના ટોળા ઉભરાય છે અને તેઓશ્રીના પધારવાની આતુરતાપૂર્વક રાહ જુએ છે. જ્યારે તેઓશ્રી આહાર લેવા માટે પધારે ત્યારે 'પધારો ! પધારો !' એમ કહીને ભક્તો આહારદાનનો લાભ આપવા ભાવભીની વિનંતી કરે છે. જેના ઘરે તેઓશ્રી આહાર લે છે તેને તો આજે જાણે કે કલ્પવૃક્ષ આંગણે ફળ્યું હોય એવો આનંદ થાય છે. ભક્તોના હૃદયસિંહાસને તેઓશ્રી બિરાજે છે. ભાવિકોને તેમના પ્રત્યે અત્યંત ભક્તિભીનું બહુમાન છે. છતાં તેઓશ્રી તો તે પ્રત્યે પણ તદ્દન નિસ્પૃહ ને ઉપેક્ષાવૃત્તિવાળા છે.

તેઓશ્રી એક પછી એક એમ અનેક ગામોમાં વિહારયાત્રા કરે છે. વિહાર કરતાં કરતાં પણ સંપ્રદાયની રીત પ્રમાણેની દરેક ક્રિયાઓનું પાલન ચુસ્ત રીતે કરે છે. આથી જ દિવસે દિવસે તેમની ખ્યાતિની સુવાસ ચોમેર ફેલાવા લાગે છે. તેમના પ્રખર આત્માર્થીપણાની, તીવ્ર જ્ઞાનપિપાસાની અને ઉગ્ર–કડક ચારિત્રની ખ્યાતિ–પ્રસિદ્ધિ આખા સૌરાષ્ટ્રમાં એટલી બધી ફેલાઈ જાય છે કે લોકો તેમને બહુમાનથી 'કાઠિયાવાડના કોહિનૂર' તરીકે બિરદાવે છે. જ્યાં જ્યાં તેઓશ્રી પધારે છે ત્યાં ત્યાં લોકોના ટોળેટોળાં તેમના દર્શન માટે અને તેમનું વ્યાખ્યાન સાંભળવા માટે ઉમટી પડે છે. ભક્તો તેમને પ્રભુતુલ્ય માને છે અને પૂજે છે.

આવી પ્રસિદ્ધિ અને પ્રભાવ વચ્ચે પણ જે સનાતન સત્યની શોધમાં તેઓ છે તે હજુ મળ્યું નહિ હોવાથી અવિરત ઉલ્લસિત પુરુષાર્થપૂર્વક તેની શોધ ચાલુ જ રાખે છે. સત્યપ્રાપ્તિ અર્થે મનોમંથન કર્યા જ કરે છે. સંપ્રદાયના શાસ્ત્રોમાં આવતી વિપરીત વાતો સાથે મેળ બેસતો નથી અને અનેક સૈદ્ધાંતિક પ્રશ્નો ઉદ્‌ભવે છે તેના ઉત્તર મળતા નથી. તેથી તેમને પોતાને અંતરમાં ખટક રહ્યા કરે છે કે મારે જે જોઈએ છે, જે પ્રાપ્ત કરવું છે, તે આ નથી.

કોઈપણ કાર્ય કરતી વખતે તેમનો ઝુકાવ સત્યની શોધ તરફ જ રહે છે. છતાં જે સત્યને પોતે શોધી રહ્યા છે તે હજુ સુધી મળ્યું નથી અને જે મળ્યું છે તેમાં સત્ય દેખાતું નથી. તેનાથી પ્રશ્નો–શંકાઓનું સમાધાન થતું નથી. તેથી ખૂબ ગડમથલ ચાલે છે. ક્યાંય ચેન પડતું નથી. તો પણ થાક્યા–હાર્યા વિના, નિરાશ થયા વિના ઉમંગભાવે સત્યની શોધ ચાલુ જ રાખે છે. પરંતુ એ પણ ખરું જ છે ને ? કે, જ્યાં સત્યની ખરેખરી શોધ છે ત્યાં પ્રાપ્તિ પણ છે. જો સાચી ભાવના હોય તો ફળ્યે જ છૂટકો. ભાવના સાથે કુદરત બંધાયેલી છે. જો તીવ્ર ઝંખના જાગી હોય–લગની લાગી હોય–તો વસ્તુ પ્રાપ્ત થાય જ.

તો પછી સત્ય મેળવવાની લગની લાગી હોય અને તે પ્રાપ્ત ન થાય એમ કેમ બને ? ભારતના અનેક ભવ્ય જીવોના મહાપુણ્યોદયને સૂચવતો, વીરશાસનના ઉદ્ધારનો એક પવિત્ર પ્રસંગ કાનજીસ્વામીના જીવનમાં બને છે કે જે તેઓશ્રીનું સમગ્ર જીવન અને જીવનદિશા જ બદલી નાખે છે.

## સંવત ૧૯૭૮

ઇ. સ. ૧૯૨૨, ૩૨ વર્ષની ઉંમરે ફાગણ માસમાં કુદરતની કોઈ ધન્ય પળે દામનગરમાં શ્રી સમયસારજી નામનું મહાન શાસ્ત્ર દામોદર શેઠ, પૂર્વભવના પ્રબળ સંસ્કારી એવા કાનજીસ્વામીના હસ્તકમળમાં મૂકે છે. જેમનો માર્ગ ભરતક્ષેત્રમાં પ્રવર્તાવવાનું સૌભાગ્ય કાનજીસ્વામીના લલાટે લખાયું છે એવા ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય કળિકાળ સર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ દ્વારા વિરચિત ગ્રંથાધિરાજ શ્રી સમયસાર મહાભાગ્યે હાથમાં આવતા તેમ જ વાંચતા જ કાનજીસ્વામીનો આત્મા અંતરથી પોકારી ઉઠે છે અને સહજપણે તેમના હ્રદયોદ્ગાર સરી પડે છે : 'શેઠ ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' અહો ! કેવા પૂર્ણતાના ભણકારા આવે છે ! અહા..! જે જોઈતું હતું, જે પ્રાપ્ત કરવા માટે અંતરની ઊંડી ઝંખના રહ્યા કરતી હતી, જે દુઃખમુક્તિના યથાર્થ માર્ગની ખોજ દિનરાત ચાલતી હતી તે પ્રાપ્ત થતાં અંતરમાં અપૂર્વ આનંદ થાય છે. કેમ ન થાય ? શું તરસ્યાને અમૃતપાન કરતાં અને ભૂખ્યાને મીઠાં ભોજન મળતાં આનંદ થતો નથી ? તૃપ્તિ થતી નથી ?

ભવનો અંત કરવો છે એવું ધ્યેય રાખી નિર્દોષ પરાક્રમી દીક્ષિતજીવન ગાળતા કાનજીસ્વામી હવે કોની વાટ જુએ ? સમયસારજીના હર–એક વાક્યમાં અને પંક્તિમાં ભરેલા અમૃતનું પાન કરવા, સવારના એકવાર વ્યાખ્યાન આપી અને આહાર કરી, દરરોજ ગામની બહાર ચાલ્યા જાય છે. ત્યાં એક ઊંડા ખાડામાં બેસી, એકાંતમાં સ્વાધ્યાય કરે છે અને છેક સાંજે પાછા ફરે છે. સમયસારનું આ અધ્યયન એક અલૌકિક અનુભવ છે. તેઓશ્રીના અંતરચક્ષુ સમયસારમાં છલોછલ ભરેલા સરોવરને શોધી કાઢે છે. એક પછી એક ગાથાનો ગહન અભ્યાસ કરતા જાય છે અને ઘૂંટડા ભરી-ભરીને ભવભ્રમણનાશક અમૃત પીતા જાય છે. અધ્યાત્મના ગૂઢ રહસ્યોથી ભરેલા આ પરમાગમના એક-એક શબ્દમાં, વાક્યમાં રહેલા અપૂર્વ અને અલૌકિક ચૈતન્યભાવોને જ્ઞાનબળ વડે બહાર કાઢે છે અને અંતર આત્મામાં ઉતારે છે. તેમનો આત્મા આનંદથી ઉલ્લસિત થાય છે, નાચી ઉઠે છે. તેમના હર્ષનો પાર રહેતો નથી.

જેમ ઝવેરીની નજર હીરામાં રહેલી ચમકને પારખી લે છે તેમ સમયસારમાં ગૂંથાયેલ મોક્ષમાર્ગના–સ્વાનુભૂતિના–ઊંડા અને ગંભીર ભાવોને તેઓશ્રી ઓળખી લે છે અને તેમાં કહેલા ભાવોનું ઊંડું મંથન કરે છે. સમયસાર વાંચે છે ત્યારથી જ પર્યાય ક્રમસર–ક્રમબદ્ધ થાય છે તેમ અંદરથી આવે છે. સમયસારના ઉપોદ્‌ઘાતના ત્રીજા–ચોથા પાના ઉપર એમ વાંચવામાં આવે છે કે 'આ શાસ્ત્ર પ્રમાણિત છે. કેમ કે શ્રી કુંદકુંદાચાર્ય મહાવિદેહક્ષેત્રમાં ગયા હતા અને ત્યાંથી આ વાત લાવ્યા છે.' શ્રી કુંદકુંદાચાર્યના વિદેહગમન સંબંધી આ ઉલ્લેખ વાંચતા જ તેમના આત્મામાં પડેલા ભૂતકાળના સંસ્કાર ઝણઝણી ઉઠે છે અને અંતરના ઊંડાણથી 'એ વાત સાચી છે' એમ સહર્ષ સ્વીકાર આવે છે. તુરત જ તે વાક્યની નીચે લીટી (Under line) કરે છે. જો કે ત્યારે વિશેષ કાંઈ ખબર નથી, છતાં પૂર્વના સંસ્કાર છે ને ? તેથી સહજપણે આવું થયું.

હવે અત્યાર સુધી અનુત્તર રહેલા પ્રશ્નોના ઉત્તર ધીરે ધીરે મળવા લાગે છે, શંકાનું સમાધાન થવા લાગે છે અને પ્રતીતિ થાય છે કે સત્ય આમાં જ છે. સમયસારની તર્કબદ્ધ સ્વાનુભવપૂર્વકની વાતો સત્યની એરણ પર ખરી ઉતરે છે. સમયસારના ઊંડાણભર્યા અભ્યાસથી તેમના અંતર્જીવનમાં બધો ફેરફાર થવા લાગે છે. પરમ પવિત્ર પરિવર્તન આવે છે, ભૂલી પડેલી અને અટવાયેલી પરિણતિ નિજઘર નિહાળે છે. જ્ઞાનના વહેણ જ્ઞાનસમુદ્ર જ્ઞાયક તરફ વળે છે. તેમની જ્ઞાનકળા હવે અપૂર્વ રીતે ખીલવા લાગે છે. દૈદિપ્યમાન થાય છે. આ રીતે ભરતક્ષેત્રનું કેવળજ્ઞાનરૂપી સૂર્ય એવું સમયસાર તેમના ઉપર અદ્‌ભુત, અપૂર્વ, અલૌકિક, અચિંત્ય, અનુપમ ઉપકાર કરે છે. ભારતભરમાં આ શતાબ્દિમાં સમયસારનો મહિમા ગુંજી રહ્યો છે તે ખરેખર કાનજીસ્વામીનો જ અસાધારણ પ્રતાપ છે.

હવે પછી તો એક પછી એક દિગંબર શાસ્ત્રો મળવા લાગે છે. આ જ વર્ષમાં પ્રવચનસારજી મળે છે કે જેની ૮૦ મી ગાથાનો ભાવ વગર વાંચ્યે જ ૧૯૭૨ માં ખ્યાલમાં આવ્યો હતો. પછી દામોદર શેઠ પાસેથી અષ્ટપાહુડ મળે છે. સમયસાર નાટક હાથમાં આવે છે અને સમ્યગ્જ્ઞાનદીપિકા, અનુભવપ્રકાશ બોટાદમાં મળે છે. પ્રત્યેક શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરે છે. જેના ફળસ્વરૂપે જાહેર પ્રવચનોમાં અનેક સૈદ્ધાંતિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થવા લાગે છે અને 'દિનદુની રાત ચૌગુની' ની જેમ તેમની ખ્યાતિ વિસ્તરવા લાગે છે. આ જ વર્ષથી દ્રવ્ય-ગુણ-પર્યાય વિશેની વાત જાહેરમાં કહેવાની શરૂ કરે છે.

આ સાલમાં અર્થાત્ સંવત ૧૯૭૮ માં જન્મધામ ઉમરાળામાં કાનજીસ્વામીને બીજીવાર ૐકાર નાદ સંભળાય છે. ફરીવાર આ જ વર્ષમાં વૈશાખ વદ આઠમે વીંછીયામાં ૐકાર ધ્વનિ સંભળાય છે. પહેલા આખો ૐકાર આવે છે અને ત્યારબાદ અર્ધો ૐકાર આવે છે. તેની સાથે સાડાબાર કરોડ વાજા પણ સંભળાય છે. સ્થાનકવાસી સંપ્રદાય ૐકારને માને

નહિ, તેથી આશ્ચર્ય થાય છે કે આ શું આવ્યું ? કાનજીસ્વામી નારણભાઈને પૂછે છે : 'આ શું આવ્યું ?' નારણભાઈ બહુ તર્કવાળા હોવાથી તુરત જ કહે : 'તમે ભગવાન પાસેથી તેમની વાણી સાંભળીને આવ્યા લાગો છો.' પૂર્વભવમાં સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી હતી તેના જ પડઘા સંભળાયા ને !!

અહીં જ વીંછીયામાં આનંદઘનજીની ચોવીસી અર્થ સહિત વાંચે છે.

આ જ વર્ષની વાત છે. ચુડામાં પ્રવચન પૂર્ણ થયા પછી એક પોલીસ પ્રશ્ન કરે છે : 'જેમ આપ કહો છો તેમ જો બધા કરવા લાગશે તો પછી આ સંસારના કામ કોણ કરશે ?' સમાધાનકારી પ્રત્યુત્તર મળે છે : 'જેને કરોડપતિ થવું હોય તે એમ વિચાર ન કરે કે મારી જેમ બધા કરોડપતિ થઈ જશે તો વાસણ સાફ કરવાવાળા કોણ રહેશે ?' કેવો ન્યાયપૂર્ણ ઉત્તર !

સંવત ૧૯૭૯ માં રાણપુરમાં ગુરુભાઈ મૂળચંદજી કહે : 'જીવ મોહકર્મના ક્ષયોપશમથી સ્વર્ગમાં જાય.' ત્યારે પોતે કહે : 'ના. મોહકર્મના ક્ષયોપશમથી તો સમ્યગ્દર્શન થાય; જીવ સ્વર્ગમાં ન જાય. સ્વર્ગમાં તો મોહકર્મના ઉદયથી જાય.' ગુરુભાઈ સાધુપણામાં હોવા છતાં પણ આવી ખબર ન હતી. એ વખતે કેવી ધાર્મિક પરિસ્થિતિ હશે તેનો અંદાજ આવે છે ને ?

આ જ વર્ષમાં જેઠ વદ ૩-૪ ના દિવસે અમરઋષિને પ્રશ્ન કરે છે : '૩૨ સૂત્રમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય શબ્દ ક્યાં છે ?' પરંતુ ઉત્તર ન મળતો નથી.

આ જ વર્ષમાં અમરેલીમાં હંસરાજભાઈ કામાણી કહે : 'શાસ્ત્રમાં આત્માના અસંખ્ય પ્રદેશ કહ્યા છે તે કલ્પના છે.' ઉત્તર મળે છે : 'ના, તે કલ્પના નથી; યથાર્થ છે. આત્માના પ્રદેશ અસંખ્ય જ છે અને તેવી રીતે આકાશના પ્રદેશ અનંત જ છે. પણ એકપણાની અપેક્ષાએ તે અનેકપણાને–પ્રદેશભેદને–વ્યવહાર કહ્યો છે. માટે તે કલ્પના નથી.'

એક વિશેષ ન્યાયપૂર્ણ વાત થાય છે : અઢી દ્વીપની બહાર અસંખ્ય સમ્યગ્દષ્ટિ તિર્યંચ છે. તે ત્યાંથી એક સમયમાં ૮ મા દેવલોકમાં ઉત્પન્ન થાય છે, પણ એક સરખી આયુષ્યની સ્થિતિવાળા હોતા નથી. કારણ કે જો એકસરખી સ્થિતિવાળા હોય તો, ત્યાંથી મનુષ્યપણામાં એક સાથે જન્મે, પણ એવું તો બની શકે નહિ. (મનુષ્ય અસંખ્ય હોય જ નહિ, સંખ્યાતા હોય).

આ સાલનું ચોમાસુ બોટાદમાં થાય છે. બોટાદમાં જૈનોની સંખ્યા ઘણી–ત્રણસો ઘર, તેમાંય કાનજીસ્વામી વ્યાખ્યાન આપવા બેસે એટલે મકોડાની જેમ હજારો માણસો ઉમટી

પડે. પ્રતિષ્ઠા–આબરુ મોટી છે ને ! ઉપાશ્રયમાં તો માણસો ન સમાય, લોકોને શેરીમાં બેસવું પડે છે. તેથી ઉપાશ્રયની બારી આગળ પાટ રાખી વ્યાખ્યાન આપે છે, જેથી બધાને–અંદર ઉપાશ્રયમાં બેઠેલાને અને બહાર શેરીમાં બેઠેલાને પણ–સંભળાય.

એ સમયે લોકો એમ માનતા કે જૈનકુળમાં જન્મ્યા એટલે આપણને સમકિત–સાચી શ્રદ્ધા તો છે જ, હવે ચારિત્ર લેવાનું બાકી છે. – આ વાતનો નિષેધ કરવા સંવત ૧૯૮૦ ના કારતક સુદ તેરસે બોટાદમાં ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં આવેલ સંક્ષેપરુચિનો અર્થ કરતા પ્રવચનમાં કહે છે, કદાચ અધિક જ્ઞાન ન હોય, પણ જો આત્માની સાચી શ્રદ્ધા થઈ હોય તો તે સંક્ષેપ રુચિ છે. પરંતુ સંપ્રદાયમાં જન્મ્યા એટલે સાચી શ્રદ્ધા ને સંક્ષેપ રુચિ છે એમ નથી. સંપ્રદાયની દૃષ્ટિ રાખીને કોઈ એમ માને કે અમે સમકિતી તો છીએ, હવે વ્રતાદિ પાળશું તો ચારિત્ર થશે. – આમ માનવું તે મિથ્યાશ્રદ્ધા છે. વિશેષ જ્ઞાન ન હોય ને સંપ્રદાયદૃષ્ટિ હોય તે સાચી શ્રદ્ધા ને સંક્ષેપ રુચિ છે એમ નથી. સંક્ષેપ (–અલ્પ) જાણપણું હોય, પણ તે સત્ય હોય તો સંક્ષેપ રુચિ છે. – આવી ન્યાયપૂર્ણ સુંદર વાત પણ ગુરુભાઈને ગમતી નથી !! સત્યના પક્ષમાં આવવું અને અસત્યનો પક્ષ છૂટવો એ બહુ આકરું કામ છે.

તે ઉપરાંત પ્રવચનમાં એમ પણ કહે છે : ‘આત્માનો અનુભવ કરવો એ જ વસ્તુ અર્થાત્ કરવાયોગ્ય કર્તવ્ય છે. અને રાગ, એ આત્માનો વિભાવ છે.’ આ વાત સાંભળી પ્રતિક્રમણાદિ ક્રિયા બહુ કરનાર ઠાકરશીભાઈ ગોપાણી કહે : ‘આવું ક્યાંથી કાઢ્યું ? જૈનમાં ‘અનુભવ કરવો’ એવી વાત તો હોય નહિ ને ? અને વિભાવ એટલે વળી શું ?’ લ્યો, આવા શબ્દોની પણ સંપ્રદાયના લોકોને હજુ ખબર નથી !!

આ જ સાલમાં અહીં–બોટાદમાં બનારસથી સંસ્કૃત, વ્યાકરણ ભણીને આવેલા મોટા એક પંડિતને પ્રશ્ન પૂછે છે : ‘સંજોગી ભવસ્થ કેવળી એટલે શું ?’ જવાબ મળે છે : ‘સમ જોગી કેવળી.’ સંજોગવાળા ભવમાં રહેલા કેવળી. પોતે કહે : ‘ભાઈ ! એ ‘સંજોગી’ શબ્દ જ ખોટો છે. સંજોગી ભવસ્થ કેવળી ન કહેવાય, સજોગી ભવસ્થ કેવળી કહેવાય.’ આ વાતચીત ઉપરથી મનમાં એમ નિર્ણય થાય છે કે આ તત્ત્વજ્ઞાન કાંઈ પંડિતાઈનો કે ભાષાજ્ઞાનનો વિષય નથી. આ તો ગુરુગમે જાણીને, સમજીને, અનુભવ કરવાયોગ્ય છે. માત્ર અનુભવનો વિષય છે.

આ જ વર્ષમાં એટલે કે ૧૯૮૦ માં ગીરધરભાઈ વોરા અને ગુરુભાઈ મૂળચંદજી વચ્ચે ચર્ચા થાય છે. તેથી તે બન્ને કાનજીસ્વામી પાસે આવે છે. ગીરધરભાઈ કહે : ‘શ્રાવકને મુનિપદની ને કેવળજ્ઞાનની ભાવના ન હોય. શું ખાતા-પીતા અને અન્ય કાર્ય કરવા છતાં પણ આવી ભાવના હોય ?’ કાનજીસ્વામી ઉત્તર આપે છે : ‘હા. શ્રદ્ધા-જ્ઞાનમાં તે સમયે

પણ મુનિપદ ને કેવળજ્ઞાનની ભાવના હોય છે.'

આ સાલનું ચોમાસુ બોટાદમાં કરે છે.

## સંવત ૧૯૮૧

ગઢડામાં પ્રશ્ન થાય છે : 'નિગોદમાં / એકેન્દ્રિયમાં દર્શનમોહનીય કર્મની સ્થિતિ વધારેમાં વધારે ૧ સાગરની હોય છે અને ત્યાંથી બહાર નીકળે ત્યારે તે અંતઃક્રોડાક્રોડીની થઈ જાય છે. તો સ્થિતિ વધી કેમ ? જો કર્મથી રાગ ડિગ્રી ટુ ડિગ્રી થતો હોય તો સ્થિતિ વધી કેમ ?' ઉત્તર આપે છે : 'ભાઈ ! જીવના પર્યાયની યોગ્યતા એવી છે કે કર્મની સ્થિતિ ઓછી હોવા છતાં સ્વતંત્ર ઊલટા પુરુષાર્થથી તેને વધારે છે. એકેન્દ્રિયમાંથી બહાર નીકળે છે ત્યારે વીર્યનો ક્ષયોપશમ વધે છે ને ? તો, તે ઊલટો-વિપરીતપણે વધે છે અને તેથી કર્મની સ્થિતિ પણ વધી જાય છે.'

આ જ વર્ષે એક શેઠ કેશવલાલભાઈ મણિયાર લીંબડી પાસેના ગામે પૂછે છે : 'મહારાજ ! અમારા જેવા પૈસાવાળાનું ધર્મમાં કાંઈ સ્થાન છે કે નહિ ? તેનો ધર્મમાં કોઈ અધિકાર ખરો કે નહિ ?' ઉત્તર મળે છે : 'ના, બિલકુલ સ્થાન કે અધિકાર નથી. તેમજ પૈસા ક્યાં તમારા છે ? પૈસા તો જડ છે. તેનાથી ધર્મ ક્યાં થાય છે ?' સંયોગની મમતાવાળાનું સ્થાન સ્વભાવમય ધર્મમાં કેમ હોય ?

બોટાદ પાસેના ગામે વાત સાંભળવા મળે છે કે, ગુરુભાઈ એવી પ્રરૂપણા કરે છે કે 'જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય તે ભાવ ધર્મ છે.' ખુલાસો કરતા કાનજીસ્વામી કહે : 'બિલકુલ એ વાત સાચી નથી. શું ધર્મથી બંધ થાય ?'

સંવત ૧૯૮૧ નું ચોમાસુ ગઢડા ગામમાં કરે છે. ત્યાં કાશી-બનારસથી ભણીને આવેલા હંસરાજભાઈ કામાણી કહે : 'જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ થાય તેટલું આત્મામાં જ્ઞાન થાય.' તુરત જ પ્રબળ પુરુષાર્થના પ્રેરક કાનજીસ્વામી કહે : 'ના, ના. લાખ વાતેય કર્મથી જ્ઞાનનો ક્ષયોપશમ ન થાય. જેટલો પુરુષાર્થ કરે તેટલું જ્ઞાન પ્રગટ થાય.'

## સંવત ૧૯૮૨

કાનજીસ્વામીની જીવનગાથામાં ઇ. સ. ૧૯૨૬ નું વર્ષ જોઈએ. જીવનમાં પ્રથમવાર જામનગર આવવાનું થાય છે. લોકાશાના ઉપાશ્રયે તારાચંદભાઈ વારીયા સાથે ચર્ચા થતાં તેઓ કહે : 'મન, વચન ને કાયાની સરળતા તે ધર્મ છે.' વસ્તુસ્વરૂપના સિદ્ધાંતના મર્મજ્ઞ કાનજીસ્વામી કહે : 'ના, એ તો ધર્મ નથી, પરંતુ દયા, દાન, વ્રતાદિ પણ ધર્મ નથી તેમ જ સામાયિકાદિની બાહ્યક્રિયાથી પણ ધર્મ ન થાય; તેનાથી તો શુભભાવ–પુણ્યબંધ થાય.' તે કહે : 'મહારાજ ! આ બધું તમે કહો છો, પરંતુ આ તો લોકોને આકરું પડશે.' ઉત્તર આપે છે : 'તમારે ત્યાંથી પુનાતર તરફથી 'જ્ઞાનસાગર' નામનું પુસ્તક છપાયું છે તે જુઓ. તેમાં કહ્યું છે કે, મન, વચન અને કાયાની સરળતાથી શુભનામકર્મ બંધાય છે. માટે મન-વચન-કાયાની સરળતા એ ધર્મ નથી.' કાનજીસ્વામીએ 'જ્ઞાનસાગર' સંવત ૧૯૬૮ માં વાંચેલું.

નારણભાઈ સાથે એકવાર ચર્ચા થતાં કાનજીસ્વામી કહે છે : 'જેમ જેમ જીવમાં શુભભાવ વધે છે તેમ તેમ પુદ્‌ગલકર્મમાં શાતા–પુણ્યનો રસ વધે છે. છતાં, જીવ–પુદ્‌ગલ બન્નેનો સ્વભાવ સ્વતંત્ર છે.'

આ જ સાલમાં પંચાસ્તિકાય, વઢવાણમાં પુરુષાર્થસિદ્ધિ ઉપાય, સ્વાત્માનુભવમનન અને રાજકોટમાં પંડિતપ્રવર ટોડરમલજી કૃત શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક મળે છે અને વાંચે છે. તે વાંચતા વાંચતા એવી તો ધુન ચડે છે કે ખાવું, પીવું કે એવી કોઈ અન્ય પ્રવૃત્તિ જરાય ગમતી નથી. અરે...! તેનો સ્વાધ્યાય છોડી વ્યાખ્યાન આપવું પણ રુચતું નથી. તેઓ કોઈપણ શાસ્ત્ર સાથે રાખતા નહિ તેમ જ કોઈની પાસે કાંઈ માગતા પણ નહિ. સહજપણે મળે કે કોઈ આપે તો વાંચવા માટે લેતા–આવી વૃત્તિ છે.

આ જ વર્ષનું એટલે કે ૧૯૮૨ નું ચોમાસુ વઢવાણમાં હોય છે. ત્યાં એક ચાકળામાં સૂત્ર લખેલું : 'તારે તે તરે.' તે ઉપરથી વકીલ સુખલાલભાઈ કહે : 'તરે તે તારે એમ ન કહો, તારે તે તરે એમ કહો.' તત્ત્વસાધક કાનજીસ્વામી પ્રશ્ન કરે છે : 'ભાઈ ! કેટલાને તારે તો તરે ? માટે તારે તે તરે એમ નહિ, પણ પોતે તરે તો બીજાને તારવામાં નિમિત્ત થાય.' ઉપાદાન–નિમિત્તનો ખુલાસો જોયો ?

બીજા એક ભાઈ કહે : 'પહેલા થોડું કમાઈ લઈએ, પછી ધર્મ કરશું.' તેમને કહે : 'તમે આ શું કહો છો ? આટલી પૈસાની મમતા ?'

## સંવત ૧૯૮૩

એક વ્યક્તિ કહે : 'ક્ષયોપશમભાવ બંધનું કારણ છે એમ આખી રાત્રિ વિચાર કરીને નક્કી કર્યું છે.' તેમને પૂછ્યું : 'ક્ષયોપશમભાવ બંધનું કારણ કઈ રીતે છે ?' તે ભાઈ કહે : 'જુઓ ! મનુષ્યપણાની પ્રકૃતિ ક્ષયોપશમભાવથી બંધાય છે.' સમાધાન કરતા કાનજીસ્વામી કહે છે : 'ના, ના. મનુષ્યપણાની પ્રકૃતિ તો ઉદયભાવથી બંધાય છે.'

આ વર્ષમાં સંપ્રદાયમાં અંદરોઅંદર તીથિ અંગે તકરાર થાય છે. આ વિષે પોતાનો પ્રતિભાવ આપતા કાનજીસ્વામી કહે : 'આ બધી ધર્મના માલ વગરની તકરાર છે.'

એકવાર મોરબીવાળા મગનભાઈ દફ્તરી, કહે : 'તમે મતિ-શ્રુતને પ્રત્યક્ષ કહો છો, પણ શાસ્ત્રમાં પરોક્ષ કહ્યા છે ને ?' તેનો ઉત્તર આપતા કહે : 'ભાઈ ! આત્માને જાણવામાં મતિજ્ઞાન પ્રત્યક્ષ છે. સ્વસંવેદનમાં તે પ્રત્યક્ષ થઈ જાય છે. પછી ભલે પરને જાણવામાં પરોક્ષ હોય.'

આ વર્ષે ભાવનગરથી વિહાર કરતાં સોનગઢ આવવાનું થાય છે. અહીંયાં ચારિત્રવિજય નામના સાધુ સાથે વાતચીત થાય છે. તેઓ કહે : 'પુણ્ય એને કહીએ કે જે ભોગવાય.' કાનજીસ્વામી કહે : 'અનુકૂળ સામગ્રી મળે તે પુણ્યનો ઉદય છે, પણ તે ઉદયને ભોગવવો તે પાપ છે.' સામગ્રી મળવી તે જુદી વાત છે અને તેને ભોગવવાનો ભાવ થવો તે જુદી વાત છે. — આ ભેદ ખ્યાલમાં આવ્યો ને ?

એકવાર પ્રશ્ન પૂછાય છે : 'શાસ્ત્રમાં ઉદીરણાની વાત આવે છે ને ?' ક્રમબદ્ધ સિદ્ધાંતના પ્રકાશક એવા તેઓશ્રી જવાબ આપે છે : 'ઉદીરણા આદિ થાય તેથી શું થયું ? ઉદીરણાનો અર્થ કાંઈ એવો નથી કે આડું-અવળું થાય.' અનિયત જેવું કાંઈ છે જ નહિ એ વાતની પ્રતીતિ થાય છે ને ?

આ સાલનું અર્થાત્ ૧૯૮૩ નું ચોમાસુ દામનગરમાં થાય છે. અહીંયાં દામોદર શેઠ અને વીરજીભાઈ વારીયા વચ્ચે ચર્ચા થાય છે. તેમાં દામોદર શેઠ કહે : 'લોકાલોક છે માટે જ્ઞાન છે.' જ્યારે વીરજીભાઈ કહે : 'એમ નથી.' – આમ ચર્ચા થાય છે. પછી આ પ્રશ્ન લઈને તેઓ બન્ને કાનજીસ્વામી પાસે આવે છે. વસ્તુસ્વતંત્રતા–સ્વાધીનતાના પ્રેમી કાનજીસ્વામી કહે : 'લોકાલોક છે માટે જ્ઞાનપર્યાય છે એમ બિલકુલ નથી. જ્ઞાનપર્યાય પોતાના કારણે સ્વતંત્રપણે ઉભી થાય છે.'

આ જ અરસામાં અહીંયાં દામોદર શેઠ સાથે ચર્ચા થાય છે. શેઠ કહે : 'કાળલબ્ધિ પાકશે ત્યારે મોક્ષ થશે, કેવળજ્ઞાન તેના કાળે થશે, આપણે પુરુષાર્થ શું કરવો ?' 'પુરુષાર્થ'– એ જેમનો જીવનમંત્ર છે એવા કાનજીસ્વામી કહે : 'કાળલબ્ધિ શું ચીજ છે ? જુઓ ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં પંડિત ટોડરમલજી શું કહે છે ? તેઓ તો એમ કહે છે કે જે સમયે કાર્ય થાય તે કાળલબ્ધિ છે અને તે વખતે જે ભાવ હોય તે ભવિતવ્ય છે, પરંતુ તે કોઈ વસ્તુ નથી.' શેઠ દલીલ કરે છે : 'શું ટોડરમલજી કેવળી થઈ ગયા ? શું તેમને કેવળજ્ઞાન થયું હતું, જેથી આમ કહે છે ?' કાનજીસ્વામી સમાધાન કરાવે છે : 'ભાઈ ! તેઓ કેવળી ન હતા, તેમને કેવળજ્ઞાન થયું ન હતું, પરંતુ યથાર્થ વાત તો કરે છે ને ? તો તે વાત સાંભળો. શેઠ ! વાદવિવાદ ન કરો, કેમ કે ખોજી જીવે છે અને વાદી મરે છે.' 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' – આ વાત ખ્યાલમાં આવે છે ને ?

અહીંયાં દામોદર શેઠ કહે : 'જીવ મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી જ મૂર્તિપૂજા હોય, સમકિત થયા પછી મૂર્તિપૂજા ન હોય.' સ્થાનકવાસી સંપ્રદાય મૂર્તિને માને નહિ તેથી તેઓ આમ કહે છે. કાનજીસ્વામી કહે : 'ના, સમકિતીને જ સાચી મૂર્તિપૂજા હોય; મિથ્યાદૃષ્ટિને નહિ. કારણ કે (૧) મૂર્તિ એ સ્થાપના છે. (૨) સ્થાપના એ નિક્ષેપનો ભેદ છે, (૩) નિક્ષેપ એ નયનો વિષય છે અર્થાત્ જેને નય હોય તેને જ નિક્ષેપ લાગુ પડે, (૪) નય ભાવશ્રુતજ્ઞાનનો અંશ–ભેદ છે અને (૫) ભાવશ્રુતજ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય; મિથ્યાદૃષ્ટિને નહિ. માટે સાચી મૂર્તિપૂજા સમ્યગ્દૃષ્ટિને જ હોય છે.

બીજી રીતે કહીએ તો, જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે તેની સાથે ભાવશ્રુતજ્ઞાન પણ થાય છે. ભાવશ્રુતજ્ઞાનના બે ભેદ પડે છે. નિશ્ચયનય અને વ્યવહારનય. અર્થાત્ જ્ઞાનનો ભેદ નય છે અને જ્ઞેયનો ભેદ નિક્ષેપ છે, તો વ્યવહારનયનો વિષય નિક્ષેપ છે. નિક્ષેપનો એક ભેદ સ્થાપના – મૂર્તિ છે. માટે વ્યવહારનયનો વિષય એવી ભગવાનની સ્થાપના – મૂર્તિ આદિ સમકિતીને જ હોય છે. યથાર્થમાં સમકિતીને જ વ્યવહારથી સ્થાપના નિક્ષેપ પૂજ્ય છે. તમે તેને તદ્દન ઉડાવી દો–ઉથાપી નાખો એ ન ચાલે. અમે સંપ્રદાયમાં આવી ગયા–રહ્યા છીએ માટે સંપ્રદાયની દૃષ્ટિ જ અમારે માનવી એવું અમને નથી. અમે તો અંદરમાં કસોટી કરીને સત્ય હશે તે માનીશું.'

## સંવત ૧૯૮૪

બગસરા : શ્રીમદ્‌જીના ભક્ત કલ્યાણજીભાઈ મોક્ષમાર્ગ પ્રકાશક વાંચવા આપે છે અને

કહે છે : 'મહારાજ ! આ શાસ્ત્ર સાથે લઈ જાવ.' કાનજીસ્વામી તે વાંચે તો છે પણ સાથે લઈ જવાની ના પાડે છે, કેમ કે તેઓ શાસ્ત્ર સાથે રાખતા નથી. પરંતુ તેનો સાતમો અધિકાર બહુ જ ગમ્યો હતો, તેથી સાથે રહેતા જીવણલાલજી પાસે લખાવી લે છે. પોતે કોઈ પ્રવૃત્તિમાં પડતા નથી.

બગસરામાં એકવાર કહે છે : 'મારગ તો આ છે. જો તે પ્રાપ્ત ન થઈ શકે તો, શ્રદ્ધા તો અવશ્ય કરવી કે મારગ આ જ છે.' આ સાંભળી કાળીદાસભાઈ કહે : 'આપ મુક્તિની વાત કરો છો, પણ અમારે તે જોઈતી નથી.' તેમને પ્રશ્ન પૂછે છે : 'તો તમારે શું જોઈએ છે ?' તે ભાઈ ઉત્તર આપે છે : 'અમદાવાદના માણેકચોકમાં ઝવેરી થવું છે.' તેમને કહે છે : 'અરે..! આવી ભાવના ! આવી માગણી ! ત્યાં વજન ઉપાડવીવાળા ગધેડા કે ઘોડા થાવ તો 'ના' નહિ.'

સંવત ૧૯૮૩ માં વીરજીભાઈએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી કાનજીસ્વામીને આપવા માટે દામોદર શેઠને દામનગર મોકલી હતી. પરંતુ દામોદર શેઠે કાનજીસ્વામીને ન આપી. પછી આ સાલમાં અમરેલીમાં તે રહસ્યપૂર્ણ ચિઠ્ઠી મળે છે.

આ જ વર્ષમાં ફરમાવે છે : 'આ આત્માનો જાણવાનો સ્વભાવ છે. તેથી કોઈ એમ કહે કે મારે હિંસાના ભાવને જાણવા નથી, દુઃખ જોવું નથી; તો તેનો અર્થ એ થયો કે મારું જ્ઞાન ઢંકાઈ જાવ, જ્ઞાનનો વિકાસ રોકાઈ જાવ, જ્ઞાન ઉપર પડદો પડી જાવ. –આમ માનવું તે જ જ્ઞાનની હિંસા છે.'

આ જ વર્ષમાં વઢવાણમાં નારણભાઈ સાથે વાતચીતમાં કહે છે : 'પાત્રા લેવાનો ભાવ મુનિને ન હોય. સ્ત્રીને મોક્ષ થાય તે વાત બેસતી નથી.'

એકવાર અંદરજી નામના ભાઈ કહે : 'શ્રીમદ્જી એકલા હોવા છતાં અમારો કોટ, અમારી ટોપી એમ શા માટે કહેતા હતા ?' સમાધાન કરતા કહે : 'આ રીતે કહેવામાં એવો ધ્વનિ છે કે અમારો એટલે કે મારો નથી એવો કોટ.' શું જ્ઞાનીની વિચક્ષણતા !

આ જ વર્ષમાં દામનગરમાં 'દ્રવ્યસંગ્રહ' નામનું શાસ્ત્ર વાંચવામાં આવે છે. તે પછી રાણપુરમાં ચોમાસુ કરે છે. ચોમાસા દરમ્યાન ચર્ચા થાય છે : 'કાળદ્રવ્ય, અન્ય દ્રવ્યના પરિણમનમાં નિમિત્ત છે, છતાં હેય છે અર્થાત્ લક્ષ કરવાયોગ્ય નથી.' બીજી ચર્ચા એ થાય છે : 'દરેક પર્યાય પોતાના કાળે થાય છે એવી શ્રદ્ધા કોને હોય ? કે જે પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થાય તેને. જ્ઞાનસ્વભાવની સન્મુખ થયા વિના 'પર્યાય પોતાના કાળે થાય છે' એવો નિર્ણય થઈ શકે નહિ.' અહો ! તત્ત્વચિંતકના જીવનમાં તત્ત્વની ચર્ચા-વાર્તા સિવાય અન્ય કાર્ય શું હોઈ શકે ?

આ સમય દરમ્યાન ઉપાશ્રય સામે એક ગરીબ માણસ ખાટલો ભરવાનું કામ કરતો હોય છે. તેવામાં ખાવાનો સમય થતાં પત્નિ ને બાળકો સૂકો રોટલો ને છાશ લઈને આવે છે. બધા ખાવા બેસે છે. તે માણસ સૂકો રોટલો ને છાશ એવા રસથી ખાય છે કે જાણે કે ચક્રવર્તી જમવા બેઠો ન હોય ?

રાણપુરના આ ચોમાસા દરમ્યાન એમ સાંભળવામાં આવે છે : 'ઉત્કૃષ્ટ સંવરથી તીર્થંકર પ્રકૃતિ બંધાય અને જઘન્ય સંવરથી નિર્જરા થાય.' સત્યને જ સ્વીકારનાર તેઓશ્રીના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવે છે : 'શું ઉત્કૃષ્ટ ભાવથી બંધ થાય ને નીચા ભાવથી નિર્જરા થાય ? અને જો આવું હોય તો, આ તો બંધને નિર્જરાની અપેક્ષાએ સારો ઠરાવ્યો. પણ આવું કેમ હોઈ શકે ? તેમ જ શું સંવરથી કર્મબંધ થાય ?' તેઓશ્રીનો વિચાર ન્યાયપૂર્ણ છે ને ?

અહીંયાં રૂગનાથ ખત્રી કે જે વેદાંતી છે તે પ્રશ્ન કરે છે : 'આત્મા પરને જાણે છે તો પરમાં પ્રવેશ કર્યા વિના કેવી રીતે જાણે ?' તેમને અદ્વૈતપણું સિદ્ધ કરવું છે ને ? એટલે આવો પ્રશ્ન કરે છે. અનેકાંતના રહસ્યને સમજનારા કાનજીસ્વામી ઉત્તર આપે છે : 'આત્મા અગ્નિને જાણે છે કે નહિ ?' (હા). 'તો તે અગ્નિનું જ્ઞાન, અગ્નિમાં પ્રવેશીને થાય છે કે દૂર રહીને ?' (અગ્નિનું જ્ઞાન તેમાં પ્રવેશ્યા વિના થાય છે). 'માટે જેમ અગ્નિનું જ્ઞાન તેમાં પ્રવેશ્યા વિના દૂર રહીને થાય છે, તેમ લોકાલોકાનું જ્ઞાન પણ તેમાં પ્રવેશ કર્યા વિના થાય છે. નહિતર લોકાલોક અને જ્ઞાન-બન્ને એકમેક થઈ જાય.' જ્ઞેય અને જ્ઞાનની ભિન્નતા જુઓ !!

આ સમય દરમ્યાન વીરજીભાઈ પ્રશ્ન કરે છે : 'આ જેટલા પ્રકૃતિના પરમાણુઓ છે એ તો સ્વતંત્ર જડની પર્યાય છે, પરંતુ આત્મામાં તેને નિમિત્ત થાય એવા પ્રકારો – એવા ભાવ છે કે નહિ ?' કાનજીસ્વામી સમાધાન કરાવે છે : 'હા, આત્મામાં છે ને ! જેટલા પ્રકારે, પ્રમાણે જડ કર્મ પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગરૂપે બંધાય છે તેટલા પ્રકારે, પ્રમાણે તેને નિમિત્ત થાય એવો વિકૃતભાવ-તેવી પોતાની યોગ્યતા-પોતાને લઈને જીવની પર્યાયમાં છે. છતાં કર્મનું અને જીવનું-બન્નેનું પરિણમન જુદેજુદું છે.'

ફરીવાર, વીરજીભાઈ વારીયા એક પ્રશ્ન કરે છે : 'કર્મને લઈને નિગોદના જીવની હીણી દશા છે ને ? કર્મના જોરને કારણે જીવો નિગોદમાં રહ્યા છે ને ?' દરેક દ્રવ્યની સ્વતંત્રતા-સ્વાધીનતાને જાહેર કરનાર કાનજીસ્વામી કહે : 'ના, પોતાના કારણે જીવો નિગોદમાં રહ્યા છે. કર્મને લઈને કાંઈ રહ્યા નથી.' તેમની પ્રચંડ પ્રભાવક વાણીમાં પૂર્ણ દ્રવ્ય સ્વતંત્રતાનો આવો મધુરો સુર સદા ગુંજતો રહે છે. કોઈ કોઈ વાર આ વાતનો વિરોધ પણ થાય છે, છતાં તેઓશ્રી અતિ નીડરતાપૂર્વક નિઃશંકપણે તેનું પ્રતિપાદન કરે છે. તેઓશ્રી સિંહગર્જના જેવી વાણી દ્વારા, મોટો રાજા હોય કે શેઠ હોય, બધાને નિર્ભયપણે સત્ય કહી દે છે. કોઈને

રાજી રાખવા કાંઈ પણ કહેતા નથી. જગતના માન-સન્માન-ખ્યાતિ-પૂજા-લાભથી તદ્દન નિસ્પૃહ, ઉદાસીન રહીને કેવળ આત્મલક્ષી જીવન જીવે છે.

## સંવત ૧૯૮૫

હવે ઇ. સ. ૧૯૨૯ ના પ્રસંગોનું અવલોકન કરીએ. લાઠીમાં આચાર્યકલ્પ ટોડરમલજી લિખિત 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' વાંચવામાં આવે છે. તે વાંચતા તેમાં એટલો બધો રસ આવે છે કે રાત્રિના સમયે ચંદ્રના અજવાળે પણ વાંચે છે.

અહીંયાં એક બાવો ગાય છે : 'લગ રહા હૈ તેરે નયનોમેં રામરસ...' તે ઉપરથી અધ્યાત્મરસિક એવા પોતે પંક્તિ રચે છે : 'લગ રહા હૈ અંતર જ્ઞાનનેત્ર મેં ચૈતન્યરસ...' તે ઉપરાંત 'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...' એ પંક્તિ ઉપરથી આત્મપ્રેમી એવા પોતે રચે છે : 'જૈનજન તો તેને રે કહીએ, જે આત્માની સંભાળ રાખે રે...' અહો..! શું ચૈતન્યનો રંગ !!

પોષ મહિનાની બોટાદની વાત છે. 'ઉત્તરાધ્યયન' નો ૧૪ મો અધ્યયન પ્રવચનમાં ચાલે છે. ૧૫૦૦ જિજ્ઞાસુ સાંભળવા આવે છે. તેના એક શ્લોકનો અર્થ કરતા ફરમાવે છે : 'હે માતા ! રજા દે. અમે આજે જ ચારિત્રધર્મ અંગીકાર કરશું. માતા ! અમે કોલકરાર કરીએ છીએ કે હવે બીજો ભવ નહિ કરીએ, બીજી માતા નહિ કરીએ. હે જનેતા ! સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કરતાં કઈ ચીજ પ્રાપ્ત નથી થઈ ? બધી સંસારી ચીજ અનંતવાર પ્રાપ્ત થઈ છે. એક ચારિત્ર પ્રાપ્ત થયું નથી. માતા ! અમારા પ્રત્યેનો રાગ છોડો. અમે મુનિપણું લઈને વનવાસમાં ચાલ્યા જશું.' આ પ્રવચન સમયે એવી ધુન લાગે છે કે લોકો કહે : 'કાનજી મહારાજ ફરતે કેવળજ્ઞાન આંટા મારે છે.' 'ભાઈ ! અમારી ફરતે કેવળજ્ઞાન ફરતું નથી, પણ હવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાને બહુ વાર નથી એમ સમજવું.' તે ઉપરાંત લોકો એમ પણ કહે છે : 'કાનજીસ્વામી એટલે કાન પકડાવે તે.'

આ જ મહિનામાં અહીં એકવાર સભામાં વ્યાખ્યાન આપતી વેળા સિંહનાદ કરે છે : 'જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય તે ભાવ ધર્મ નથી. કારણ કે ધર્મથી બંધ ન થાય અને જેનાથી બંધ થાય તે ભાવ ધર્મરૂપ હોય નહિ. માટે જે ભાવથી બંધ થાય તે ધર્મ નથી. મીઠાશથી કહીએ તો તે ભાવ અધર્મ છે.' તેમ જ બીજી વાત એ કહે છે : 'પંચ મહાવ્રતના ભાવ આસ્રવ છે.' અહો ! આવી વાત કહેવાનું સામર્થ્ય તીર્થંકરદ્રવ્ય સિવાય કોનું હોય ?

આ વાત સાંભળવામાં આવતા એક સાધુથી સહન ન થઈ એટલે 'વોસરે.. વોસરે..' એમ કહેતા કહેતા ઉઠીને ચાલ્યા જાય છે. પરંતુ સભા તો ખૂબ જ શાંતિથી કાનજીસ્વામીની તર્કપૂર્ણ સૈદ્ધાંતિક વાત સાંભળતી રહે છે. લોકોને તેમની ઉપર ઘણો પ્રેમ છે ને ! તેથી તેઓ જે કાંઈ કહે છે તે વાત લોકો શાંતિથી સાંભળે છે.

વઢવાણમાં વીરજીભાઈ વારીયા સાથે ચર્ચા થાય છે. પોતે નાનો છતાં સૂક્ષ્મ સિદ્ધાંત કહે છે : 'પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને તથા ત્રણકાળ ત્રણલોકને એક સમયની જ્ઞાનપર્યાય જાણી લે છે. માટે એક જ્ઞાનપર્યાયનું અસ્તિત્વ જ બધાને સિદ્ધ કરવા માટે બસ છે.'

શાસ્ત્રમાં એવી વાત આવે છે કે અજ્ઞાની શાસ્ત્રની વાત કહે, બોલે છે, ધારે છે ને પ્રરૂપે પણ છે, પરંતુ તે વાતને જાણે છે એમ નથી. આ કથન ઉપરથી વીરજીભાઈ સાથે એકવાર વાતચીત થાય છે કે, 'જુઓ ! આ શું કહે છે ? કે, અજ્ઞાની સાચું–યથાર્થ જાણતો નથી, પણ શ્રુતજ્ઞાની–સમ્યગ્જ્ઞાની જ સાચું જાણે છે.'

લીંબડી સંપ્રદાયના મોહનલાલજી નામના સાધુએ 'મોહનમાળા' નામનું એક પુસ્તક લખેલું. તે પુસ્તક સંવત ૧૯૮૦ માં મોકલેલું પરંતુ આ પુસ્તક વિષે તેમની સાથે વઢવાણમાં ચર્ચા આ સાલમાં થાય છે. તે પુસ્તકમાં એવું લખેલું : 'અભવિને જ્ઞાનના ત્રણ જ આવરણ હોય. તેને મનઃપર્યયજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ ન હોય. કારણ કે તેને મનઃપર્યય અને કેવળજ્ઞાન થવાનું નથી.' તત્ત્વનિષ્ણાત કાનજીસ્વામી કહે : 'આ શું લખ્યું છે ? તમારી આ વાત ખોટી છે. અભવિનો જીવ પણ કેવળજ્ઞાનસ્વભાવી છે, કેવળજ્ઞાનનો કંદ છે. માટે તેન પણ જ્ઞાનના પાંચેય આવરણ હોય છે. તેને કેવળજ્ઞાન પ્રગટવાનું નથી એ બીજી વાત છે, પણ હોય તો પાંચેય આવરણ.'

આ જ પુસ્તકમાં મોહનલાલજીએ એમ પણ લખેલું : 'અભવિને મોહનીયકર્મની ૨૬ પ્રકૃતિ અને જે જીવ મોક્ષ જવાનો છે તે ભવિને ૨૭ પ્રકૃતિ હોય.' કાનજીસ્વામીની દીક્ષા થોડાંક વર્ષોની હોવા છતાં પણ પ્રતિષ્ઠા ઘણી છે. તેથી તેઓ કહે : 'ના, ભવિ હો કે અભવિ હો, અનાદિથી જે સમકિત પામ્યો નથી તે મિથ્યાદષ્ટિને મોહનીયકર્મની ૨૬ પ્રકૃતિ હોય. પછી સમકિત થતાં દર્શનમોહનીયના ત્રણ ટુકડા થાય છે.' અહો..! શું ન્યાયસંગત તર્ક ! ત્યારે બીજા સાધુ મોહનલાલજીને કહે : 'કાનજીમુનિ શું કહે છે તે સાંભળો, કેમ કે લોકો તેમનું માનશે, તમારું નહિ.' અહા..! અંદરમાં પૂર્વના સંસ્કાર છે તેથી અંતરથી આ વાત આવે છે.

## સંવત ૧૯૮૬

કાનજીસ્વામીની જીવનગાથામાં આ વર્ષ નિહાળીએ. ઢસાના ઉપાશ્રયમાં પાટ પાસે કબાટ હોય છે. કબાટ ઉપર નજર પડતાં તેને ખોલે છે. જુએ છે તો આખા કબાટમાં બીજું કાંઈ નહિ. માત્ર એક પોથીની સ્ટાઈલમાં છપાયેલ મોક્ષમાર્ગ પ્રકાશક જ હોય છે. કાનજીસ્વામી પૂછે છે : 'આ પુસ્તક અહીંયાં ક્યાંથી ? કેવી રીતે આવ્યું ? કોણ મૂકી ગયું છે ?' ઉત્તર મળે છે : 'મહારાજ ! ખબર નથી. આપને જોઈતું હોય તો લઈ જાવ.' પછી આ શાસ્ત્ર બહુ ગમતું હોવાથી સાથે લઈ લે છે. નહિતર ત્યાં સુધી ઘણા લોકો કહે તોપણ કોઈ શાસ્ત્ર સાથે રાખતા નહિ.

કાનજીસ્વામી પાસે ઘણા લોકો – અરે..! શ્વેતાંબરના ગૃહસ્થો પણ – આવીને કહે છે કે 'મહારાજ ! કાંઈક આજ્ઞા કરો.' અર્થાત્ પાંચ-પચીસ હજાર રૂપિયા ખર્ચવાનું કહો. રાણપુરમાં કરોડપતિ એવા નાગરભાઈ પુરુષોત્તમના ભાઈ ઉજમશીભાઈ આવું કહે છે ત્યારે તેમને કાનજીસ્વામી કહે : 'ભાઈ ! અમે કોઈને કહેતા નથી કે આ લાવો, પૈસા આપો-ખર્ચો. એ અમારું કામ નહિ.'

આ વર્ષે ભાવનગર પધારવાનું થાય છે. ત્યાં બહેનશ્રી ચંપાબેન તેમના પ્રવચનો સાંભળીને પછી ઘરે જઈને યાદ કરીને લખી લેતા. એકવાર તેમના ઘરે આહાર લેવા જવાનું બને છે. બહેનશ્રીને જોઈને જ તેઓશ્રી કહે છે : 'આ કોઈ અલૌકિક વ્યક્તિ છે. આ બેન જુદી જાતના છે.' જ્ઞાનકળા કોને ન પારખી લે ?

ભાવનગરમાં એક વાત કરે છે : 'જિનકલ્પી હો કે સ્થવિરકલ્પી હો, બન્ને વસ્ત્રરહિત હોય છે.'

આ વર્ષનું ચોમાસુ અમરેલીમાં થાય છે. તે દરમ્યાન જાહેર પ્રવચન વખતે ઝીણી વાત આવે છે. ત્યાંના અગ્રણી રામજીભાઈ કામાણી કહે : 'મહારાજ ! આવી ઊંચી વાત અમારી હોજરી પચાવી નહિ શકે. આવી વાત પચાવવી કઠણ પડે છે.' સુદૃષ્ટાંત સહિત પ્રત્યુત્તર મળે છે : 'ભાઈ ! દરરોજ રોટલા ખાતા હો અને તેમાં કોઈ મિષ્ટાન્ન આપે તો શું એમ કહો કે અમારી હોજરી પચાવી નહિ શકે ? શું એમ કહીને મિષ્ટાન્નની ના પાડો છો ? તો પછી આવી વાત નહિ પચે એમ કેમ કહો છો ?' – કેવો સોંસરવટ ઉતરી જાય એવો ઉત્તર !!

અહીંયાં અનુયોગ દ્વાર ઉપર ચર્ચા થાય છે. તે વખતે પોતે દઢતાથી કહે : 'મતિ-શ્રુતજ્ઞાની અમુક વાત ન જાણી શકે એમ છે જ નહિ.' હા, કેવળી સર્વને પ્રત્યક્ષ જાણે ને મતિ-શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે. આમ, પ્રત્યક્ષ–પરોક્ષનો તફાવત છે, પણ જાણે બધુંય. ઢીલી-ઢીલી વાતને તેઓશ્રી સ્વીકારતા જ નથી.

આ વર્ષનું ચોમાસુ અમરેલીમાં કરે છે.

## સંવત ૧૯૮૭

કારતક વદ એકમના દિવસે ચિત્તળ ગામમાં પધારવાનું થાય છે. તે દિવસે દુકાનના ભાગીદાર કુંવરજીભાઈના પુત્રનું સગપણ કરવામાં આવે છે. તે સંબંધમાં આણંદજીભાઈ પ્રશ્ન કરે છે : 'મહારાજ ! આ સગપણ કર્યું છે તો પૂર્વે તે બન્ને પતિ ને પત્નીનો કાંઈ સંબંધ હશે કે નહિ ?' ઉત્તર : 'ના. એક પત્નીનો જીવ ક્યાંયથી – થોરમાંથી પણ આવ્યો હોય અને બીજો પતિનો જીવ પણ ક્યાંયથી–બાવળમાંથી પણ આવ્યો હોય.' – આવું પણ બને છે. માટે સંબંધમાં આવેલા જીવોને પૂર્વે સંબંધ હોય જ એમ જરૂરી નથી.

આ વર્ષથી અર્થાત્ ૪૨ વર્ષની વયથી મનમાં વિચારો ઘોળાવા લાગે છે કે હવે પરિવર્તન કરવું છે. તેમને અંતરમાં ખાતરી થઈ ચૂકી છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ મારગ છે અને સાચો ધર્મ છે. તેથી અંતરંગમાં શ્રદ્ધા કાંઈક અને બહારમાં વેષ કાંઈક એવી સ્થિતિ તેમને બહુ ખટકે છે. તથા આ વેષમાં ધર્મનું સાચું સ્વરૂપ ખુલ્લી રીતે મૂકી શકાતું નથી. એ વાત પણ અંતરમાં ખૂંચે છે. એટલે વીંછીયામાં નવા ઉપાશ્રયમાં પોતાના મોટાભાઈ ખુશાલભાઈને – કે જેમણે દીક્ષા આપેલી તેમને એક બાજુ લઈ જઈને, સંપ્રદાય પરિવર્તન કરવાની ભાવના જણાવી દે છે : 'ભાઈ ! આ માર્ગ સાચો નથી. સાચો માર્ગ બીજો છે. ગમે તેમ થાવ હું હવે આ માર્ગમાં – સંપ્રદાયમાં રહેવાનો નથી, છોડી દેવાનો છું. હું હવે આમાં નહિ રહી શકું. મને તો માર્ગ કોઈ બીજો દેખાય છે. આ દીક્ષા ખોટી છે; આ સાધુપણું નથી.' ખુશાલભાઈને નાનાભાઈ એવા કાનજીસ્વામી ઉપર અનહદ પ્રેમ. તેથી તેઓ અનુમોદન આપતા કહે : 'મહારાજ ! આપની ખ્યાતિ–આબરુ બહુ છે. તો આ માર્ગ ખોટો હોય તો આપણે તેમાં ન રહેવું. ધીરે ધીરે, હળવે હળવે છોડવું. એકદમ છોડવું નહિ.'

આ વર્ષનું ચોમાસુ પોરબંદર કરવા તે તરફ વિહાર કરે છે. પોરબંદરથી છ માઈલ દૂર એક ગામડું આવે છે. ત્યાં આહાર માટે માત્ર સાધારણ રોટલા ને છાશ જ મળે છે.

ભોજન સમયે પોરબંદરના ગૃહસ્થો કાનજીસ્વામી માટે ઊંચી ઊંચી જાતના ભોજન લઈને સામે આવે છે. પોતે કહે છે : 'તમો અહીંયાં અમારા માટે લાવ્યા છો પણ અમારા માટે બનાવેલું અમને ખપે નહિ. અમારાથી લેવાય નહિ. જે રોટલા ને છાશ મળ્યા છે એ બસ છે.' તેઓ કહે : 'પણ મહારાજ ! આ હલકા રોટલા ને છાશ જ લેશો ?' ઉત્તર : હા. જુઓ ! આવી સખત ક્રિયા હતી.

આ જ વર્ષે પોરબંદરમાં એક ભાઈ કહે : 'ખોટું બોલતા જીભ કપાય જાય તો માનું કે ખોટું બોલવામાં પાપ છે.' ઉત્તર આપતા કાનજીસ્વામી કહે : 'ભાઈ ! જીભ એ પુદ્ગલની પર્યાય છે અને ખોટું બોલવાનો ભાવ એ જીવની પર્યાય છે. તેથી ખોટું બોલવાથી જીભ કપાય એમ કેમ બને ? હા, ખોટું બોલવાના ભાવથી જીવની શાંતિ કપાય છે, માટે તે પાપ છે.' જેવા ભાવ કરે તેવું ફળ બહારમાં તુરત જ મળે એવો કોઈ નિયમ નથી.

એકવાર એક ભાઈ કહે : 'મૂર્છા એ પરિગ્રહ છે એ વાત તો બરાબર, પરંતુ વસ્ત્ર ક્યાં પરિગ્રહ છે ?' તેમને વસ્ત્રસહિત મુનિપણું મનાવવું હતું એટલે આ પ્રકારે કહે છે. સત્યનું ઉદ્ઘાટન કરતાં કાનજીસ્વામી કહે : 'ભાઈ ! વસ્ત્ર લેવાનો–રાખવાનો ભાવ જ મૂર્છા છે. તેથી જ્યાં વસ્ત્ર લેવાનો–રાખવાનો ભાવ છે ત્યાં મુનિપણું હોતું જ નથી.'

વળી બીજા ભાઈ કહે : 'બધાની એકતા કરો.' અર્થાત્ બધા સંપ્રદાયને એક કરો. સમાધાનકારી ઉત્તર મળે છે : 'ભાઈ ! દેડકાની સાંધણે ઘી ન તોળાય. તેમ વિચારની એકતા વિના વર્તનની એકતા ન થાય.' કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, સત્ય તો સત્ય જ રહે છે.

અહીં જ બહેનશ્રી વિનયથી હાથ જોડીને કહે છે : 'વજુભાઈએ શાતા પૂછાવી છે.' આ રીતે પહેલી વાર તેમનો અવાજ સાંભળે છે.

## સંવત ૧૯૮૮

પોરબંદર : પ્રવચનમાં દૃષ્ટાંત આપતાં ફરમાવે છે : 'પાંચ પાંડવો રાજાને જીતવા અને દ્રૌપદીને પરત લાવવા માટે જ્યારે જાય છે ત્યારે બોલે છે કે કાં તો એ રાજા જીતશે ને કાં તો અમે જીતશું.' – આમ કહીને જાય છે. પણ હારીને પાછા આવે છે, કેમ કે 'એ જીતશે' એમ કહેલું તે ઉપાડ જ ખોટો હતો. પછી શ્રીકૃષ્ણ 'આજે હું છું ને તે નથી' એમ કહીને જાય છે ને જીતીને – દ્રૌપદીને લઈને – આવે છે. તેવી રીતે આ પાંચ ઇન્દ્રિયોથી રાગને જીતી શકાય નહિ. હારી જવાય. અતીન્દ્રિય આનંદમય, વીતરાગસ્વરૂપ આત્મારૂપી

શ્રીકૃષ્ણ વડે રાગ જીતાય છે. પુરુષાર્થનો ઉપાડ જ વિપરીત કે ઢીલો હોય તો કાર્યસિદ્ધિ ક્યાંથી થવાની ?

આ જ વર્ષમાં જેચંદભાઈ સાથે ચર્ચા થાય છે. તે કહે : 'જુઓ ! પ્રવચનસારજીની ગાથા ૨૩૧ માં એમ કહે છે કે અક્રમે શરીર પાડી નાખીને...?' ઉત્તર : 'ભાઈ ! એ ક્રમબદ્ધ જ છે. તેના ક્રમમાં જ શરીર પડે છે. ત્યાં અક્રમનો અર્થ એ છે કે હઠ કરીને...'

જામનગરમાં એક વાર પોતે કહે છે : 'આલોચના, પ્રત્યાખ્યાન અને પ્રતિક્રમણ એક જ છે.' જિજ્ઞાસાપૂર્વકનો પ્રશ્ન થાય છે : 'પણ શાસ્ત્રમાં એ ત્રણ કહ્યા છે તો તેમાં ભેદ છે ને ?' સુંદર સર્વાંગ સમાધાન કરતાં કાનજીસ્વામી કહે : 'તેઓ છે તો એક જ, પણ કથન પદ્ધતિમાં ત્રણ ભેદ પડે છે.' એટલે કે ચારિત્રની એક જ પર્યાયના ત્રણ નામ છે.

અહીં વીરજીભાઈ સાથે ચર્ચા વખતે કહે છે : પર્યાયનું લક્ષ (ધ્યેય) દ્રવ્ય છે.

આ વર્ષનું ચોમાસુ જામનગરમાં કરે છે. ઘણાં લોકો કાળદ્રવ્યને ઉપચાર માને છે તે સંબંધમાં તેઓશ્રી સ્પષ્ટતા કરે છે : 'જેણે કાળદ્રવ્ય માન્યું નથી તેનો અર્થ એ થયો કે તેને અનુભવનો સ્વકાળ પ્રગટ્યો નથી. તેને સ્વકાળરૂપ નિર્મળ પરિણમન થયું જ નથી.' કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત છે ને ? તેથી આમ કહે છે. અહો..! શું સિદ્ધાંતમાં કોઈ જ પ્રકારે બાંધછોડ હોય ?

હું એક સ્વતંત્ર–સ્વાધીન પદાર્થ છું. મારું કાર્ય કરવામાં મને કોઈ રોકી શકે નહિ. મારી જેમ વિશ્વના સર્વ પદાર્થો પણ સ્વતંત્ર છે. – આવી વિશ્વ સ્વાતંત્ર્યની વાત તેમના અંતરમાં વણાઈ ગઈ છે અને પ્રવચનમાં પણ વારંવાર ફરમાવે છે. જામનગરમાં આ ચોમાસા વખતે પં. હિંમતભાઈ શાહ પ્રશ્ન કરે છે : 'મહારાજ સાહેબ ! બે જીવોને ૧૪૮ કર્મપ્રકૃતિ સંબંધી સર્વ ભેદ-પ્રભેદોના પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ-અનુભાગ બધુંય બરાબર એક સરખું હોય તો તે જીવો તે ક્ષણે સરખા ભાવ કરે કે ભિન્ન ભિન્ન પ્રકારના ?' જવાબ મળે છે : 'ભિન્ન ભિન્ન પ્રકારના.' પૂરક પ્રશ્ન થાય છે : 'બન્ને જીવોની શક્તિ તો પૂરી છે અને આવરણ બરાબર સરખા છે, તો પછી ભાવ ભિન્ન ભિન્ન પ્રકારના કેમ કરી શકે ?' તુરત જ દઢતાથી ઉત્તર મળે છે : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે.'

## સંવત ૧૯૮૯

માગશર સુદ દસમે જામનગરની નજીક આવેલા ચેલા ગામે એક સ્વપ્ન આવે છે. તેમાં

એમ આવે છે કે 'એક મોટી હુંડી મળે છે, પણ તે હૂંડી આ દુકાને એટલે કે પોતે જે સંપ્રદાયમાં છે તેમાં વટાવી શકાય એવી નથી. તે માટે તો શાહુકારની દુકાન એટલે કે વીતરાગ માર્ગના સંતો શોધવા પડશે.' – આ સ્વપ્ન પછી બે વર્ષ જેટલા અલ્પ સમયમાં તેઓશ્રી પરિવર્તન કરે છે. સ્વપ્નાઓ પણ ભાવિના સૂચક હોય છે ને ?

જેમ જેમ દિગંબર શાસ્ત્રો મળે છે અને ઊંડો અભ્યાસ થાય છે, તેમ તેમ સત્યશોધક કાનજીસ્વામીના અંતરમાં સત્ય વસ્તુસ્વરૂપ શું છે તે સમજાતું જાય છે. સાચા મોક્ષમાર્ગનો ખ્યાલ આવે છે. સત્ય માર્ગનો ખ્યાલ આવવાથી તેમના તે સમયના પ્રવચનોમાં એવા અલૌકિક, અદ્‌ભુત, અપૂર્વ, આધ્યાત્મિક સિદ્ધાંતો – ન્યાયો સ્ફુરિત થાય છે કે જે ક્યારેય બીજે ક્યાંય સાંભળવામાં આવ્યા ન હોય. તેઓશ્રી ગમે તે શાસ્ત્ર વાંચતા હોય તો પણ અન્ય પ્રવચનકાર કરતા જુદા જ પ્રકારના નવીન સિદ્ધાંતો કાઢે છે જે વાતની ગંધ પણ સંપ્રદાયમાં નથી એવી અત્યંત સ્પષ્ટ સૈદ્ધાંતિક વાતો સાંભળવાથી અન્ય સાધુઓ અને શ્રોતાઓ આશ્ચર્યચકિત રહી જાય છે.

જડ–ચેતન ભિન્ન છે. શુભરાગથી વીતરાગતાની જાતિ જુદી છે. દરેક પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, સ્વાનુભૂતિ પ્રગટ કરવાયોગ્ય છે, શુભભાવ પણ બંધનું જ કારણ છે, વીતરાગભાવ જ મોક્ષમાર્ગરૂપ છે તેમ જ કલ્યાણમૂર્તિ, ભવનો અંત કરનાર એવા સમ્યગ્દર્શનનો અપૂર્વ મહિમા છે વગેરે હજારો દિગંબર જૈન સિદ્ધાંતો અંતરમાં સ્પષ્ટ થાય છે અને પ્રવચનોમાં પણ તેનું યથાર્થ પ્રતિપાદન નિરંતર થવા લાગે છે.

સંપ્રદાયના લોકોની માન્યતા એવી કે, 'આપણે જૈનમાં જન્મ્યા છીએ એટલે સમકિતી તો છીએ અને થોડાંક વ્રતાદિ પાળીએ છીએ એટલે શ્રાવક પણ છીએ.' આવી માન્યતાની સામે સમકિત ઉપર અત્યંત ભાર મૂકતા કાનજીસ્વામી મેઘગર્જના સમાન વાણી વડે ફરમાવે છે : 'સમકિત મહાદુર્લભ ચીજ છે. આ જીવે અનંતવાર હજારો રાણીઓ છોડી બાહ્ય મુનિવ્રત પાળ્યા છે અને શરીરના ચામડાં ઊતરડીને કોઈ ખાર છાંટે તો પણ આંખનો ખૂણો લાલ ન થાય એવી ક્ષમા પણ રાખી છે, પરંતુ એકવાર પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. સમકિત લાખો–કરોડો જીવોમાં કોઈક વિરલાને જ પ્રાપ્ત થાય છે. સમકિત એ કોઈ જુદી જ વસ્તુ છે. સમકિત વિનાની બધી જ બાહ્ય – શારીરિક અને માનસિક – ક્રિયાઓ એકડા વિનાના મીંડાં જેવી છે. સમ્યગ્દર્શનરત્ન બહુમૂલ્ય છે. તે પ્રાપ્ત થતાં કલ્યાણ થયા વિના રહે જ નહિ. કદાચ તે પ્રાપ્ત ન થયું અને સમ્યગ્દર્શનનું તેમ જ સમ્યગ્દષ્ટિનું માહાત્મ્ય આવ્યું તો પણ ઘણો લાભ થશે. સમકિત વગરનું બાહ્યનું સર્વ જાણપણું માત્ર અજ્ઞાન છે. સમ્યગ્દર્શન થતાં આત્મસાક્ષાત્કાર થાય છે અને સિદ્ધ ભગવાન જેવા સુખનો અનુભવ થાય છે.' –

આ રીતે સમ્યગ્દર્શનનું અદ્‌ભુત ચમત્કારિક માહાત્મ્ય અનેક યથાર્થ યુક્તિઓથી, પ્રમાણોથી અને સચોટ દૃષ્ટાંતોથી સુંદર રીતે લોકોને બતાવે છે. અરે..! તેમનો પ્રિય અને મુખ્ય વિષય જ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે પ્રથમ તત્ત્વની સાચી સમજણ કરવાની ખાસ જરૂર છે. આત્મતત્ત્વની સાચી સમજણ વિના દયા, દાન, વ્રત, તપ વગેરે બધું નિરર્થક છે. એમ તેઓશ્રી સ્પષ્ટપણે ભારપૂર્વક વારંવાર પ્રતિપાદન કરે છે. સાચી સમજણ કરવાનો ઉપદેશ આપીને તેમ જ ગૃહીત મિથ્યાત્વ ઉપર વજ્રપ્રહારો કરીને તેઓશ્રી સૌરાષ્ટ્રમાં એક જુદા જ પ્રકારનું ધાર્મિક વાતાવરણ ઊભું કરે છે. અહા..! વિજળી પડે ને પહાડના ટુકડા થઈ જાય એવી જોરદાર તેમની વાણી છે. આવી તેમની પ્રભાવશાળી ને કલ્યાણકારી વાણી અનેક જીવોને આકર્ષે એ સ્વાભાવિક છે. તેઓ શું કહે છે એ જાણવા અન્ય સાધુ-સાધ્વી પણ ઉત્સુક રહે છે.

વીતરાગ ધર્મ પર તેમની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તો પણ પોતાની સત્ય માન્યતામાં એકલા ટકી રહેવાની અજબ દૃઢતા તેમ જ અંતરના જોરવાળી ન્યાય ભરેલી વાણી ભલભલા નાસ્તિકોને વિચારતા કરી દે છે અને આસ્તિક બનાવે છે. તેમનો દિવ્ય સિંહનાદ લાયક જીવોના હૃદયના ઊંડાણમાં પહોંચીને તેમના વીર્યને ઉછાળે છે. અહા..! સત્ય ને ન્યાયના જોરે આખા જગતને પડકાર ફેંકનાર એ અધ્યાત્મશૂરવીરની નિર્ભય-નિઃશંક બનાવતી ગર્જના જેમણે જેમણે સાંભળી છે તેમના કાનમાં હજુ પણ ગુંજે છે. તેઓશ્રી શાસ્ત્રોના સિદ્ધાંતોનું પ્રતિપાદન યુક્તિ-ન્યાય અને દૃષ્ટાંતો વડે કરે છે તેમ જ શાસ્ત્રોના અંતરંગ ભાવો બહાર કાઢીને અલૌકિક આધ્યાત્મિક તારણો તારવે છે. તેથી તેમના દૃઢ શ્રદ્ધાન, વિશાળ જ્ઞાન, કડક ચારિત્ર અને મધુરા રણકાર-ટહુકાવાળી વાણીની સુવાસ આખા જૈનજગતમાં ફેલાઈ જાય છે.

કાનજીસ્વામી એકવાર ફરમાવે છે : 'જે કોઈ જીવ જેવડો અને જેવો પોતે છે તેવો પોતાને ન માનતા તેને રાગવાળો કે અલ્પજ્ઞ માને છે તે પોતાના જીવને આળ આપે છે અને તેથી તે એવી જગ્યાએ ઊપજે છે કે જ્યાં તેને બીજા જીવો પણ 'જીવ' તરીકે માનતા નથી.'

આ વર્ષના જેઠ મહિનાની ચોટીલાની આ વાત છે. સામાન્યપણે કાનજીસ્વામી કોઈ સાધુની સાથે ઉપાશ્રયમાં ઉતરતા જ નથી. કેમ કે તેઓશ્રી કોઈને પણ સાચા સાધુ માનતા જ નથી. એટલે ચોટીલામાં આગમન થતાં તેઓશ્રી બીજી જગ્યાએ ઉતરે છે. પરંતુ પછી દીક્ષાપર્યાયમાં અને ઉંમરમાં મોટા એવા ગુલાબચંદજી સાધુ કહેવરાવે છે : 'કાનજીસ્વામીને કહો કે મારી સાથે ઉતરે, મને આનંદ થશે.' તેથી કાનજીસ્વામી તેમની સાથે ઉતરે છે

અને ગુલાબચંદજી રાજી થાય છે. પછી તેમની સાથે વાતચીત થતાં ગુલાબચંદજી કહે : 'શાસ્ત્રમાં જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ એમ કહ્યું છે ને ? તો એટલે શું ?' શાસ્ત્રના યથાર્થ જાણનાર કાનજીસ્વામી ઉત્તર આપે છે : 'એ જ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાન અને ક્રિયા એટલે રાગની ક્રિયા એમ નહિ. પરંતુ રાગ વિનાના આત્માનું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે અને આત્મામાં રમણતા–એકાગ્રતા તે જ સાચી ક્રિયા છે. આવા જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. લ્યો, આનું નામ જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ છે.' ગુલાબચંદજી કબુલે છે કે વાત તો સાચી લાગે છે. તે પછી કાનજીસ્વામી જ આગળ કહે : 'શાસ્ત્રમાં પ્રતિમાની અને તેની પૂજાની વાત આવે છે.' ગુલાબચંદજી કહે : 'હા છે, મને ખબર છે. પણ હવે શું કરીએ ? જાવું ક્યાં ? મારી આખી જિંદગી શંકામાં જ ગઈ છે કે જો આ વાત શિષ્યો વાંચશે કે શાસ્ત્રમાં મૂર્તિ છે તો તેમની અમારી ઉપરની શ્રદ્ધા જ ઉઠી જશે.' અરે..રે..! અંતરમાં શ્રદ્ધા કાંઈક રાખવી અને બહારમાં કહેવું કાંઈક ?

શતાવધાની સ્થાનકવાસી સાધુ રતનચંદજીએ એક શબ્દકોષ બનાવેલો. તેમાં 'ચૈત્ય' શબ્દ આવતાં તેનો અર્થ 'પ્રતિમા' કરેલો નહિ. કાનજીસ્વામી આ અંગે પૂછે છે : 'આમ કેમ કર્યું ?' ઉત્તર : 'ચૈત્યનો અર્થ પ્રતિમા થાય છે ખરો, પણ હું શું કરું ? હું શેમાં છું ?' અહો..! સંપ્રદાયની દૃષ્ટિ છોડવી–તેમાંથી બહાર નીકળવું–ભારે પુરુષાર્થ માગે છે.

આ જ વર્ષમાં ખસ ગામમાં ફરમાવે છે : 'નિમિત્ત પરાણે કોઈપણ કાર્ય કરાવે નહિ.'

આ વર્ષનું ચોમાસુ રાજકોટમાં કરે છે. દશાશ્રીમાળીની ભોજનશાળામાં વ્યાખ્યાન થાય છે, જેમાં પરદેશી રાજાનો અધિકાર વંચાય છે, જે સાંભળવા ત્રણ ત્રણ હજાર માણસો ઉમટે છે.

આ સાલના પર્યુષણથી પરિવર્તન કરવા સંબંધી વિચારોમાં વિશેષ દઢતા થાય છે કે હવે ત્વરાથી પરિવર્તન કરવું છે.

## સંવત ૧૯૯૦

વઢવાણમાં સ્વયં ફરમાવે છે. 'આત્માનું જ્ઞાન એક સમયમાં સર્વને જાણે એવી તાકાતવાળું છે છતાં આ જીવે અનાદિકાળથી લઈને ક્રમે ક્રમે કરીને અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણ્યા છે, પણ અક્રમે એટલે કે યુગપત્ અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણ્યા નથી.' અહીં વ્યાખ્યાન સમયે ત્રણ ત્રણ હજાર માણસો આવે છે.

બોટાદમાં પોષ મહિનાની વાત છે. ગુરુ હીરાચંદજી મહારાજના કાળધર્મ પછી કાનજીસ્વામી લગભગ એકલા વિચરતા. અહીં ઘણા વખતે ગુરુભાઈ મૂળચંદજી મળે છે. કાનજીસ્વામી પ્રવચનમાં કહે છે : 'સોનાની કટકી પણ ઘણા રજકણોની બનેલી છે. તે એક વસ્તુ નથી.' આ સાંભળી એક ભાઈ કહે : 'આત્મા કેટલા રજકણોનો બનેલો છે ?' – અરે..! જુઓ તો ખરા ! કેવું અજ્ઞાન ! વળી એક ભાઈ કહે : 'ભગવાન લોકાલોકનું નાટક જોવે છે માટે ઘણો આનંદ છે અને આપણે એક-બે નાટક જોઈએ છીએ માટે થોડો આનંદ છે.' અરે..! કેવી મૂર્ખતા.

કાનજીસ્વામી ઉજમશીભાઈને પ્રશ્ન કરે છે : 'સામાયિક કરો છો ?' 'હા.' પૌષધ કરો છો ? હા. ચોવીહાર કરો છો ? હા. રાત્રિભોજન કરો છો ? ના. પછી વાત આગળ ચાલતા કાનજીસ્વામી કહે : 'આ શરીર, વાણી એ જગતના જડ રજકણોથી બનેલા છે. તે આત્માનું કાર્ય નથી.' તે ભાઈ કહે : 'તો પછી મહારાજ ! આત્મા કેટલા રજકણોનો બનેલો છે ?' લ્યો, આ સામાયિક કરવાવાળા આવો પ્રશ્ન કરે છે !

વીંછિયામાં લક્ષ્મીચંદભાઈ નામના વકીલ કે જેઓ ૬૦ વર્ષથી સામાયિક, પ્રતિક્રમણ આદિ કરે છે, તેઓ એકવાર પૂછે છે : 'આત્મા કેટલા રજકણોનો બનેલો હશે ?'

રાજકોટ : એકવાર અહીં કોઈ પ્રશ્ન કરે છે : 'અમે ભવિ છીએ કે અભવિ ?' નિઃશંકતાના નિધાન કાનજીસ્વામી જવાબ આપે છે : 'આવો પ્રશ્ન જ ન કરવો. શંકા જ રાખવી નહિ કે હું ભવિ છું કે અભવિ. હું ભવિ જ છું એમ વિશ્વાસ રાખવો, શ્રદ્ધા કરવી.'

રાજકોટના રોકાણ દરમ્યાન ષટ્ખંડાગમ શાસ્ત્ર છપાતું હતું તેનો એક છપાયેલો ફર્મો આવે છે અને જીવનમાં પ્રથમવાર આ પરમાગમના દર્શન થાય છે.

રાજકોટના રોકાણ દરમ્યાન પંડિત લાલન મળે છે. તેમણે લખેલું કે : '૧૮૦૦ સામાયિક કરવી, ૩૬૦૦ સામાયિક કરાવવી અને ૫૪૦૦ સામાયિક અનુમોદવી. તેમાં આખા વર્ષની સામાયિક આવી જશે.' તેમને કહે છે : 'આ શું વિપરીત લખ્યું છે ? ગપ મારો છો ?'

એક ભાઈ કહે : 'મહારાજ ! પેટમાં રોટલા પડ્યા વિના ધર્મ કેમ થાય ?' તેમને સમજાવતા કાનજીસ્વામી કહે : 'ભાઈ ! પેટમાં રોટલા પડ્યા પછી એ પ્રશ્ન થશે કે રોટલા પચ્યા વિના ધર્મ કેમ થાય ? તે પછી પેટ સાફ થયા વિના ધર્મ કેમ થાય એ પ્રશ્ન થશે. અને પછી ફરીને ભૂખ લાગતા એ જ પ્રશ્ન થશે કે પેટમાં રોટલા પડ્યા વિના ધર્મ કેમ થાય ? તો, તમને ધર્મ કરવાનો અવસર ક્યારે મળશે ?'

ચૈતન્યવિહારી ગુરુદેવશ્રીને સંવત ૧૯૯૦માં આવેલ એક મંગલ સ્વપ્ન તેઓશ્રીના જ

શબ્દોમાં.

ૐ સહજસ્વરૂપ પરમ સદ્‌ગુરુવે નમઃ

આસો સુદ પાંચમ. રાત્રે શ્રીમદ્‌ આવી મારી પાસે બેઠા હતા. મારી સામું જોઈ રહ્યા હતા.

આસો સુદ નોમ. મંગળવાર, રાતના ૧। વાગે, અમૃત ચોઘડીયે આવેલું સ્વપ્ન : શ્રીમદ્‌ રાજચંદ્ર મારી પાસે આવી મારા મોઢામાં પાણીની ત્રણ ચમચી અનુક્રમે નાખી. મેં તે ત્રણ ચમચીનું પાણી મોઢામાં એકઠું કરી, પછી પી ગયો. તુરત જાગૃત થયો. અદ્‌ભુતતા લાગી અને વિચાર આવ્યો : ભેદરત્નત્રયનું પાન કરાવી અભેદ રત્નત્રય અનુભવાયો.

અહીંયાં એક ભાઈની મરણ સમયની અંતિમ સ્થિતિ હોવાથી કાનજીસ્વામી દર્શન આપવા પધારે છે. તે ભાઈ કહે : 'માંગલિક સંભળાવો.' કાનજીસ્વામી માંગલિક ફરમાવે છે. માંગલિક સાંભળી તે ભાઈ કહે : 'આપે આ શું કહ્યું તે સમજાવો.' પ્રેમથી, મીઠાશથી કાનજીસ્વામી કહે : 'અરિહંત, સિદ્ધ આદિનું શરણ લેવું એ સાચું શરણ નથી. તેમણે કહેલા ધર્મનું એટલે કે આત્માનું શરણ લેવું એ સાચું શરણ છે.' આ વાત સાંભળી તે ભાઈ ખુશ થાય છે. કલ્યાણકારી મંગલમય સત્ય વાત સાંભળવા મળતા કોને હર્ષ ન થાય ?

આ સાલનું ચોમાસુ સદરના ઉપાશ્રયમાં રાજકોટમાં થાય છે. સંપ્રદાય પરિવર્તન પહેલાના આ છેલ્લા ચોમાસા દરમ્યાન પરમ અધ્યાત્મ પરમાગમ શ્રી સમયસારજીની ૧ થી ૯૯ ગાથા ઉપર જાહેર પ્રવચનો ભાદરવા સુદ ૮ થી સંવત ૧૯૯૧ ના કારતક સુદ ૧૫ સુધી આપે છે. દિવસના એકવાર થતા આ પ્રવચનોમાં એકવાર ફરમાવે છે : 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' પૂર્ણતા એટલે મોક્ષ, સાધ્યદશા. સ્વયંના ઘણા જ ઊંડા મંથનમાંથી નીકળેલું આ સૂત્ર મુમુક્ષુ જીવ માટે દિશાબોધ સમાન છે તેમ જ કેવી રીતે શરૂઆત કરવી તેનું સૂચક છે. કાનજીસ્વામીએ આદિપુરાણ, તત્ત્વાર્થ રાજવાર્તિક આદિ દિગંબર શાસ્ત્રો પણ અગાઉ વાંચેલા. છતાં લોકોને વિશ્વાસ હોવાથી વિરોધ થયેલો નહિ. ઊલટાનું તેઓ કહેતા મહારાજને ઠીક લાગતું હશે તો જ વાંચતા હશે. એ પ્રવચનોમાં અધ્યાત્મ મંત્રો દ્વારા ગામેગામ અનેક સુપાત્ર જીવોના હૃદયમાં સત્‌ના બીજ રોપ્યા છે અને આત્મ-આરાધનારૂપ માર્ગનો ખૂબ પ્રચાર-પ્રસાર કર્યો છે. તેઓશ્રીનું આ કાર્ય સંપ્રદાયના અનેક સાધુઓને અને શ્રાવકોને વિચારતા કરી દે છે.

આ રીતે આપણે જોયું કે દીક્ષાપર્યાયના ૨૧ વર્ષના – સંવત ૧૯૭૦ થી ૧૯૯૦ અર્થાત્‌ ઇ. સ. ૧૯૧૩ થી ૧૯૩૪ સુધીના – લાંબા ગાળા દરમ્યાન કાનજીસ્વામી સ્થાનકવાસી સાધુ તરીકે બોટાદ, વઢવાણ, અમરેલી, પોરબંદર, જામનગર, રાજકોટ, લાઠી, દામનગર વગેરે

સૌરાષ્ટ્રના અનેક મુખ્ય મુખ્ય શહેરોમાં ચાતુર્માસ કરે છે અને બાકીના સમયમાં હજારો નાના-મોટા ગામોમાં વિહાર કરીને પોતાની વાણીરૂપી ગંગાથી પાવન કરે છે. આ એકવીસ વર્ષમાં કાનજીસ્વામી સૌરાષ્ટ્રના લગભગ દરેક સ્થાનકવાસી જૈનના હૃદયમાં સ્થાન પામી ચૂક્યા છે. તેમની પાછળ આખું સૌરાષ્ટ્ર ઘેલું બન્યું છે. જે ગામમાં તેઓશ્રીનું ચાતુર્માસ હોય ત્યાં બહારગામના હજારો જિજ્ઞાસુ દર્શન કરવા અને વાણી સાંભળવા આવે છે. હજારો લોકો ઉપર તેઓશ્રીની વાણીનો જાદુ છવાઈ જાય છે અને તેઓશ્રીના કલ્યાણકારી તલસ્પર્શી ઉપદેશ, ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન તથા આદર્શ જીવન પ્રત્યે બહુમાન પ્રગટે છે. તેઓશ્રીના પ્રતાપે શારીરિક ક્રિયાકાંડમાં ફસાયેલ અધ્યાત્મમાર્ગ ફરીને ઉદ્યોત પામે છે.

નાનપણથી જ કાનજીસ્વામીનું જીવન વૈરાગી, ચિંતનમય, પ્રતિભાશાળી અને સાધ્યલક્ષી છે. તેઓશ્રી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને સ્થાનકવાસી સાધુની દીક્ષા ગ્રહણ કરીને ઉચ્ચસ્થાનને પામે છે. છતાં ભવ પરિભ્રમણના નાશનો સાચો ઉપાય આ નથી; સાચો માર્ગ કોઈ જુદો જ છે એમ શાસ્ત્ર-અભ્યાસ અને ઊંડી વિચારણા કરીને શોધી કાઢે છે. શરીરના કે રાગના ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી; વાસ્તવિક મોક્ષમાર્ગ તો સ્વાનુભૂતિમય છે. સ્વાનુભૂતિમાં જ સમ્યગ્દર્શનનો જન્મ થાય છે. પછી તેની વૃદ્ધિ થાય તે શ્રાવકપણું છે અને તેની વિશેષ વૃદ્ધિ તે મુનિપણું છે. – આ મૂળ મારગ છે. તો પણ સંપ્રદાયમાં આનાથી વિપરીત દિશામાં જ પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે એમ તેઓશ્રીને વારંવાર અંતરમાં લાગ્યા કરે છે.

અસાધારણ પ્રતિષ્ઠા–પ્રતિભાના સ્વામી એવા આ મહાપુરુષ બે દશકા જેવા દીર્ઘ કાળ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં સાધુના વેશમાં રહે છે. આ કાળ દરમ્યાન ઉત્તમ સાધુ તરીકેની તેમની ખ્યાતિ ખૂબ ફેલાય છે. સંપ્રદાયના સાધુઓમાં તેમનું નામ અગ્રસ્થાને ગણવામાં આવે છે. સામાન્યપણે વેપાર-ધંધાથી નિવૃત્ત થયેલા વૃદ્ધ માણસો જ ધર્મ કરે એવી માન્યતા લોકોમાં ફેલાયેલી હોય છે. પરંતુ કાનજીસ્વામી જે ગામમાં પધારે ત્યાં વડિલો, યુવાનો, શિક્ષિત વકિલો, ડૉક્ટરો અને શાસ્ત્ર-અભ્યાસીઓ પણ તેમની અદ્ભુત ન્યાયો ભરેલી અધ્યાત્મ–અમૃતવાણી સાંભળવા ઉમટી પડે છે. હજારો માણસો તેમની અંતર ખુમારી જોઈ દિગ્મૂઢ થઈ જાય છે અને મોરલીના નાદે જેમ સર્પ ડોલે તેમ મંત્રમુગ્ધ થઈ તેમના પ્રવચનોમાં ડોલવા લાગે છે. જે શહેર કે ગામમાં તેઓશ્રી પધારે છે ત્યાં ઘરે ઘરે ધર્મની ચર્ચા થવા લાગે છે અને આખા ગામમાં ધર્મમય વાતાવરણ થઈ જાય છે. અરે..! રસ્તા ઉપર પણ જિજ્ઞાસુ જીવો ધર્મની અર્થાત્ આત્મહિતની વાતો કરે છે. અન્ય દિવસોમાં સૂનકાર રહેતો ઉપાશ્રય આ દિવસોમાં સવાર, બપોર અને સાંજ એમ લગભગ આખો દિવસ ધર્મચર્ચાથી ગુંજી ઉઠે છે. કાનજીસ્વામીની તત્ત્વજ્ઞાન ભરેલી વાણી સાંભળવાથી કેટલાય સુપાત્ર વૈરાગી જીવોનું ચિત્ત વેપારાદિ બાહ્ય પ્રવૃત્તિમાં ચોટતું નથી. તેથી તેઓશ્રીની શીતળ છાયામાં રહીને ધર્મલાભ મેળવે

છે. તેઓશ્રીના પ્રવચનોમાં આગળ જગ્યા મળે અને બરાબર સંભળાય તે માટે ઘણા લોકો પ્રવચન સમય અગાઉ કલાક-દોઢ કલાક વહેલા આવીને બેસે છે. પ્રવચન સમયે ઉપાશ્રય તો ચિક્કાર ભરાય છે જ, શેરીમાં પણ માણસો સમાતા નથી. જે ગામમાં પ્રવચન હોય તેની આજુબાજુના ગામોના જિજ્ઞાસુઓ પણ કીડિયારાની જેમ ઉભરાય છે. તેથી મોટા શહેરોમાં તેમના વ્યાખ્યાનો મોટા ભાગે વિશાળ જગ્યામાં રાખવામાં આવે છે. કોઈ અતિ જિજ્ઞાસુ તેમના પ્રવચનોની ટૂંકી નોંધ પણ લખી લે છે.

આ રીતે આપણને સહજપણે ખ્યાલમાં આવે છે કે તેઓશ્રીનું સ્થાન કેવું અજોડ છે. એક બાજુ આવી સ્થિતિ છે, તો બીજી બાજુ સમયસારાદિ દિગંબર શાસ્ત્રોના ઊંડા અવગાહનથી તેમના અંતર આત્મામાં વાસ્તવિક સત્ય માર્ગ તો સ્વાનુભૂતિપ્રધાન પરમ વીતરાગ સનાતન દિગંબર ધર્મ જ છે એમ ઘણા વખતથી લાગ્યા કરે છે અને એવી પ્રતીતિ પણ અંતરંગમાં થઈ ચૂકી છે. સમયસારમાં વર્ણવેલ વસ્તુસ્વરૂપ અને દિગંબર નિર્ગ્રંથ માર્ગ જ સાચો લાગે છે. છતાંપણ બહારમાં વેશ સ્થાનકવાસી સાધુનો છે અને તેના આચાર સ્વીકાર્યા છે. – આ વિષમ પરિસ્થિતિ અસહ્ય લાગે છે, ખટકે છે તેમ જ બાહ્ય સંપ્રદાયનો વેષ સત્‌માર્ગની પ્રભાવનામાં બાધારૂપ લાગે છે. આવી દશા હવે વધારે સમય સહન થઈ શકતી નથી. તેથી છેવટે લાંબી વિચારયાત્રા અને અનેક મનોમંથન બાદ દૃઢ નિશ્ચય સાથે સંવત ૧૯૯૦ માં ૪૫ વર્ષની ઉંમરે જાહેર કરે છે : 'હવે હું સંપ્રદાયમાં રહેવાનો નથી.' જેમનું વીર્ય સત્ય મેળવવા માટે અંદરથી ફાટફાટ થાય છે તેમને કોણ રોકી શકે ? ધન્ય છે તેમની શૂરવીરતાને !

જેઓ સ્વરૂપના સાધક છે, જેમને પૂર્ણતા પ્રાપ્ત કરવી છે, જેમને પૂર્ણ વીતરાગ થવાના કોડ છે તેઓ લોકોના કે સંપ્રદાયના બંધનમાં કેવી રીતે રહી શકે ? જે મહાત્મા કોઈપણ પ્રકારની આશા વગર મુક્તપણે – નિરપેક્ષપણે વિચરે છે તેઓ કોઈપણ જાતના પ્રતિબંધમાં કેવી રીતે બંધાય ? અને જો બંધાય તો સિંહને વાડામાં પૂરવા જેવું થાય. પરંતુ એ તો અશક્ય છે. આમ, સંપ્રદાયમાં આદર-સન્માન, ખ્યાતિ-કીર્તિ, ઉચ્ચ-આસન આદિ બધું જ પ્રાપ્ત કરવા છતાં કાનજીસ્વામી સત્યને ખાતર પરમ નિસ્પૃહતાથી સંપ્રદાયને તિલાંજલી આપવા તૈયાર થાય છે અને તે માટે યોગ્યસ્થાનની વિચારણા શરૂ કરી દે છે.

સંપ્રદાય છોડવાના નિર્ણયથી સંપ્રદાયમાં–લોકોમાં ઘણો ખળભળાટ મચી જાય છે. જે સ્થાનકવાસી સંપ્રદાય કાનજીસ્વામીનું નામ ગૌરવથી લે છે તેમાં આ નિર્ણયથી ભારે ઉહાપોહ થાય એ સ્વાભાવિક છે. સંપ્રદાયનો કોહિનૂર હીરો, સૂત્રધાર, મહારથી, મુખ્ય આધાર સંપ્રદાય છોડવાની વાત કરે એ તો કેમ જીરવાય ? ચોતરફ લોકોના હૃદયમાં વિનિપાત સર્જાય છે. સંપ્રદાયના હઠાગ્રહી-મતાગ્રહી બાળજીવો અજ્ઞાનને લીધે નિંદાની ઝડીઓ વરસાવે છે અને ચોમેર અનેક પ્રકારના વિરોધનો વંટોળ ફૂંકાય છે. વિરોધીઓ કહે : 'જોઈએ તો ખરા

કાનજીસ્વામી કેમ પરિવર્તન કરે છે ?' બીજી તરફ જેમને કાનજીસ્વામીની ન્યાયયુક્ત વાત બેસી ગઈ છે, જેમના હૃદયમાં તેઓશ્રી અગ્રસ્થાને બિરાજે છે અને જેઓ તેમની પાછળ ઘેલા બન્યા છે એવા તેમના ભક્તોને તેમના ઉપર અપાર શ્રદ્ધા છે. તેઓ તથા સરળ સ્વભાવના મધ્યસ્થ જનો એમ વિચારે છે : 'કાનજીસ્વામી સંપ્રદાય છોડવા માગે છે તેની પાછળ જરૂર કોઈ કારણ–રહસ્ય હશે. તેઓશ્રી જે કાંઈ કરશે તે સમજીને જ કરશે, તે યોગ્ય હશે તો જ કરતા હશે.' છતાં આ તો આખો વાડો–સંપ્રદાય છોડવાની વાત છે ને ? એટલે ખળભળાટ તો થાય છે અને તો પણ તેઓશ્રી પોતાના નિર્ણયમાં મેરુ સમાન અડગ રહે છે. વિરોધ કરનાર પ્રત્યે પણ તેઓશ્રી પોતાના મનમાં સમભાવ રાખે છે. સર્વ જીવો પ્રત્યે કરુણાભાવ ધારણ કરીને મનને અવિચલિત રાખે છે.

## સંવત ૧૯૯૧

સંવત ૧૯૯૦ માં રાજકોટનું ચોમાસુ પૂર્ણ કરીને તેઓશ્રી માગશર મહિનામાં રાજકોટથી જામનગર પધારે છે. અહીંયાં ગ્રંથાધિરાજ સમયસારજીની ૧૦૦ મી ગાથા ઉપર પ્રવચનો આપે છે. અહીંથી વિહાર કરીને નજીકના ધુવાણ ગામે માગસર વદ–૧૦ આવે છે. અહીંયાં એક પારસીનો પુત્ર – કે જે નાસ્તિક છે – તેની સાથે વાતચીત થાય છે : 'આ આકાશના ક્ષેત્રનો અંત ક્યાં છે ? ચાર બાજુ, ચાર ખૂણા અને ઉપર, નીચે એમ દશે દિશાએ ચાલ્યા જાવ તો પણ તેનો અંત ક્યાંય આવે છે ? અને જો અંત આવે તો પછી શું ? શું કોઈ નદી, તળાવ, દિવાલ કે વાડ છે ? કદાચ તે હોય તો તેના પછી શું ? પછી.. પછી.. કરતા.. કરતા શું આકાશનો ક્યાંય અંત છે ? તો આકાશ જેમ છે.. છે.. છે... તેમ તેને જાણનાર જ્ઞાન પણ અમાપણે છે.. છે.. છે..'

ધુવાણથી વિહાર કરીને પરિવર્તન માટેના યોગ્યસ્થળની શોધ કરવા ગઢડા વગેરે ગામોમાં જવાનું થાય છે. ત્યાંથી ફાગણ મહિનામાં જન્મધામ ઉમરાળા આવે છે. તેમણે દીક્ષા ઉમરાળામાં લીધી હતી ને ? તેથી મનમાં થયું કે પરિવર્તન માટે ઉમરાળા પસંદ કરીએ તો યોગ્ય ગણાશે. પરંતુ અહીં પણ વિરોધ થાય છે.

અહીં ભાવનગરના પુરુષોત્તમભાઈ કામદાર (દાસભાઈ) સમયસાર ગાથા–૨૧૬ માંથી પૂછે છે : 'વેદ્યવેદકભાવ એક સાથે કેમ ન હોય ?' સમાધાન : 'ભાઈ ! જ્યારે વેદનાર ભાવ (વેદક) છે ત્યારે વેદાવાયોગ્ય ભાવ કે સામગ્રી નથી અને જ્યારે વેદાવાયોગ્ય ભાવ

(વેદ્ય) થાય છે કે સામગ્રી આવે છે ત્યારે પહેલાનો વેદકભાવ હોતો નથી. આ રીતે નાશવાન એવા વેદક-વેદ્ય ભાવનો સંબંધ બનતો નથી. માટે જ્ઞાની સામગ્રીને–ભોગને ઇચ્છતો નથી.'

કાનજીસ્વામી સંપ્રદાય પરિવર્તન ન કરે તે માટે ઘણા લોકો અનેક પ્રકારે પ્રેમભાવે વિનવે છે. તેઓશ્રીને સમજાવવા પણ ઘણા આવે છે. કોઈ તો વળી આચાર્યપદવી આદિ ભિન્ન ભિન્ન પ્રલોભન પણ આપે છે. કેટલાક કહે : 'સાહેબ ! આપ ગમે તે–ભલે દિગંબર શાસ્ત્રો–વાંચો તેનો સંઘને કોઈ વાંધો નથી, પણ આ વેશ ઉતારશો નહિ, સંપ્રદાય છોડશો નહિ.' છતાં કાનજીસ્વામી કોઈપણ લાલચમાં આવ્યા વિના નિસ્પૃહપણે, નિઃશંકપણે, નિર્ભયપણે પોતાના નિર્ણયમાં અડોલ–મક્કમ–અફર રહે છે. તેમના નિર્ણયની દઢતા જોઈને કેટલાક તો ભય પણ બતાવે છે : 'જો સંપ્રદાય છોડશો તો લોકો તમારી પાસે નહિ આવે, કોઈ તમારી વાત નહિ સાંભળે. અરે..! આહાર-પાણી પણ નહિ મળે.' – આવી ધમકી પણ મળવા લાગે છે. પણ આવી ધમકીથી–વાતોથી કોણ ડરે ? કોઈ પ્રલોભનથી લલચાય કે કોઈ ભયથી ડરે એવા કાનજીસ્વામી છે જ નહિ. તેમનો એવો સ્વભાવ જ નથી. તેઓ તો સિંહ સમાન નીડર, સાગર સમાન ગંભીર, સ્વાભિમાની અને ઉદાસીનતાથી ભરપૂર વૈરાગી મહાપુરુષ છે. તેઓશ્રી પોતાના નિર્ણયમાંથી ભયથી ડગતા નથી અને લાલચમાં ફસાતા નથી.

ઉમરાળાથી વિહાર કરી વરતેજ જતા, ધારુકા થઈ ઇ. સ. ૧૯૩૫ માં અર્થાત્ સંવત ૧૯૯૧ ના ફાગણ વદ ત્રીજના દિવસે સોનગઢ સ્ટેશન પધારે છે. અહીં સોનગઢના રહીશ હીરાચંદભાઈ દામાણી કહે : 'સાહેબ ! અમારું મકાન ખાલી છે. આપને યોગ્ય લાગે તો આમાં જ રહીને પરિવર્તન કરો.' આવી વિનંતી થતાં સોનગઢ ગામમાં પધારે છે. શત્રુંજય જેવી પવિત્ર તીર્થભૂમિના સાન્નિધ્યમાં આવેલ શાંત વાતાવરણથી શોભાયમાન અને જાણે પ્રકૃતિએ ગોદમાં લીધું હોય એવા સોનગઢને જોતાં જ મન શાંત થાય છે, ઠરે છે. 'અહીંના જેવું એકાંત શાંત સ્થળ બીજે ક્યાં મળવાનું હતું ? વળી, અહીંયાં કોઈ મોટો જૈન સમાજ નથી, માત્ર બે-ત્રણ જૈનોના ઘર છે. તેથી જો હું અહીંયાં પરિવર્તન કરીશ તો લોકોને નિરર્થક કષાય નહિ થાય.' – એમ વિચાર આવે છે અને 'હવે અહીંયાં જ પરિવર્તન કરવું' એવો નિર્ણય થાય છે. સોનગઢમાં અન્યત્ર બે દિવસ રહીને ફાગણ વદ પાંચમે હીરાભાઈના મકાનમાં પદાર્પણ કરે છે. તે મકાનનું નામ છે 'સ્ટાર ઑફ ઇન્ડિયા.'

જ્યાંથી કહાન–અધ્યાત્મસૂર્યની કાંતિ જગતભરમાં ફેલાવાની છે એવા સોનગઢમાં હીરાચંદભાઈ દામાણીના 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં સંવત ૧૯૯૧ ના ચૈત્ર સુદ તેરસે એટલે કે શાસનનાયક મહાવીર ભગવાનના જન્મકલ્યાણકના મંગલમય દિને મંગળવારે અર્ધ ચંદ્રાકાર પીઠવાળા આસન પર કાનજીસ્વામી બેસે છે અને સામે મોટા પાટલા ઉપર ભગવાન પાર્શ્વનાથનું ચિત્રપટ બિરાજમાન કરે છે. (જેનો આ ફોટો છે તે પ્રતિમાજી

શ્રવણબેલગોલાની બાજુમાં આવેલ જિનનાથપુરમ્‌ના દિગંબર જિનમંદિરમાં પદ્માસને બિરાજી રહ્યા છે). પછી આ ચિત્રપટ સમક્ષ બપોરે સવા વાગે સંપ્રદાયનું ચિહ્ન એવી મુહપત્તિ ઉતારી, પાટલા પર મૂકી, તેનો ત્યાગ કરે છે એટલે કે પરિવર્તન કરે છે. તેઓશ્રી સ્થાનકવાસી સંપ્રદાય છોડે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી. હું સનાતન દિગંબર જૈનધર્મનો અવ્રતી શ્રાવક છું.' આ પ્રમાણે ૪૫ વર્ષની વયે તે સહૃદયી વીરપુરુષ, જે કોઈપણ પ્રકારના ઉપસર્ગો આવી પડે તે બધાને સહન કવાની તૈયારી સાથે, પોતાના આત્મહિત માટે એક ઐતિહાસિક મહાપરાક્રમી કાર્ય કરે છે.

કાનજીસ્વામીએ સ્થાનકવાસી સંપ્રદાયમાં જન્મ લીધો તે જ સંપ્રદાયના સાધુ થઈને તેના ગ્રંથોનું ખુબ અધ્યયન કર્યું. પરંતુ તેમાંથી સત્ય હાથ લાગ્યું નહિ. ત્યાં દિગંબર ધર્મના શાસ્ત્રો મળે છે અને તેનું સૂક્ષ્મતાથી અધ્યયન કરતાં તેમાં પ્રતિપાદિત તત્ત્વ યુક્તિ–ન્યાયથી યથાર્થ લાગે છે. તેથી દિગંબર જૈનધર્મ અંગીકાર કરે છે, સ્વીકારે છે, જેના ફળ સ્વરૂપે સાંપ્રદાયિક તત્ત્વોનો તીવ્ર વિરોધ ઉઠે છે. આવી પરિસ્થિતિમાં પણ તેઓશ્રી તો નિશ્ચળ–સ્થિર રહે છે. – આ તેમના તીવ્ર પુરુષાર્થનું પ્રત્યક્ષ પ્રમાણ છે. તેમ જ પરિવર્તન સમયે કોઈપણ વ્યક્તિ પ્રત્યક્ષ વિરોધ કરવા સોનગઢ આવતું નથી. આ જ બતાવે છે કે તેમના પુણ્ય કેવા સાતિશય છે !!

સંપ્રદાય ત્યાગનારાઓને અનેક પ્રકારની મુશ્કેલી–તકલીફોનો સામનો કરવો પડે છે. તેમના ઉપર નિંદાની ઝડીઓ વરસે છે. અપમાન થાય છે, આહાર-પાણી મળતા નથી, આદિ ઘણી બધી વિપત્તિઓ આવી પડે છે. – આ બધું કાનજીસ્વામીના ખ્યાલમાં હતું. છતાં પણ તે શૂરવીર અને નિઃકાંક્ષ મહાપુરુષ તેની કાંઈપણ પરવા કરતા નથી અને પરિવર્તન કરે છે. અહો..! જેના રોમરોમમાં વીતરાગપ્રણીત સનાતન દિગંબર જૈનધર્મ પ્રત્યે એટલે કે યથાર્થ સન્માર્ગ પ્રતિ શ્રદ્ધા-ભક્તિ ઉછળે છે તે મહાત્મા સંપ્રદાયના રાગમાં તણાઈને સત્‌ને કેમ ગૌણ કરે ? સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં, સત્‌ની સાધનામાં સર્વ પ્રકારની અનુકૂળતાની મીઠાશ એટલે કે રાગ અને પ્રતિકૂળતાની ખારાશ એટલે કે ડર–ભય અત્યંત છૂટી જાય છે.

આ રીતે હજારોની માનવમેદનીમાં ગર્જતો અધ્યાત્મ કેસરીસિંહ માત્ર સત્‌ને ખાતર જગનતા ખ્યાતિ, લાભ, પૂજા વગેરેને, જેમ સર્પ કાંચળી છોડે તેમ, છોડીને તેનાથી તદ્દન નિરપેક્ષ થઈને સોનગઢ જેવા એકાંત સ્થાનમાં આવીને વસે છે.

આ પુરુષાર્થી પુરુષ અનાદિકાળથી અનંત અનંત અજ્ઞાની જીવોની બંધમાર્ગે ચાલી જતી વણજારમાંથી છૂટા પડે છે. તેનાથી મુખ ફેરવે છે અને કોઈપણ ખટક-અટક વગર નિઃશંકપણે સત્‌ના પંથે પ્રયાણ શરૂ કરે છે. મૂજ્યશ્રી કાનજીસ્વામીનું સંપ્રદાય પરિવર્તન એટલે

અધ્યાત્મપ્રધાન શુદ્ધ દિગંબર જૈનધર્મની સાતિશય પ્રભાવનાનો સૂર્યોદય. તે સૂર્યના તેજસ્વી કિરણો શરૂઆતમાં સૌરાષ્ટ્ર પૂરતાં મર્યાદિત રહે છે. પરંતુ પછી તો તેની ક્ષિતિજો વિસ્તાર પામે છે અને પ્રભાવનાપ્રકાશ ગુજરાત અને ભારતભરમાં ફેલાય છે. અરે..! તે પ્રકાશ વિદેશમાં પણ ઉજ્જવળતા પાથરે છે.

અહા..! આ પરિવર્તન પ્રસંગે કોને ખબર હતી કે આ અપૂર્વ કાર્ય અનેકાનેક ભવ્ય જીવોના જીવનનો ઉદ્ધાર કરશે, જીવનદિશા બદલી નાખશે અને સન્માર્ગ તરફ દોરી જશે, કોને ખ્યાલ હતો કે આ કાનજીસ્વામી ભગવાન મહાવીરે પ્રકાશેલા વસ્તુસ્વરૂપના સિદ્ધાંતોને સ્વાનુભવપૂર્વકના શ્રુતજ્ઞાનની લબ્ધિ વડે સૂર્યસમાન સ્પષ્ટ કરી વીતરાગશાસનના સ્થંભ બનશે. તેમ જ કોને કલ્પના પણ હતી કે આ પરિવર્તન વીતરાગમાર્ગને આ ભરતક્ષેત્રમાં પંચમકાળના અંત સુધી ટકાવવામાં નિમિત્ત બનશે ?

આ પરિવર્તન પ્રસંગે પોતાની અંતરંગ સ્થિતિ કેવી છે તે બતાવતું એક નિવેદન પોતે સ્વહસ્તાક્ષરમાં લખે છે, જે આ પ્રમાણે છે :

**નિવેદન**

**ૐ શાંતિ** **ૐ શાંતિ**

**શ્રી પરમ સહજસ્વરૂપ જિનેન્દ્ર વીતરાગાય નમઃ**

**વર્તમાન સ્થિતિનું પરિવર્તન.**

**આમાં મારા આત્મહિતના વિશેષ વૃદ્ધિના કારણો મને ન લાગતાં સંવત ૧૯૮૯ ના પર્યુષણમાંથી ફેરફાર કરવાની વિશેષવૃત્તિ જણાઈ. જો કે ૮૭ થી તે સામાન્યપણે વિચારો આવતા હતા. તેના કારણોમાં ધર્મની વિશાળતાનું સ્વરૂપ બહાર મૂકતાં અચકાવું પડતું તે ચિત્તમાં આઘાતરૂપ લાગતું. તેમ જ બહારની કેટલીક મતની સંકુચિતતાને લીધે, જે સ્થિતિમાં છઉં તેમાં વિરુદ્ધતા ન થાય તો ઠીક. તેમ થઈ કેટલોક વખત વીત્યો. ૮૭ ની સાલથી નિવૃત્તિ લેવી, પ્રતિબંધ ઓછા કરવા તેમ વારંવાર વિચારો આવ્યા કરતા હતા. તેમાં ૮૯ પછી તુરત જ નિવૃત્તિ લઈ ક્યાંક વિશેષ રોકાવું તેવા ઘણા જ વિચારો આવતા. પણ ક્યાં રહેવું તે નક્કી થતું નહિ. પછી તેમ વિચારો થયા કે ૯૦ ની સાલ રાજકોટ રહેવું, પછી નિર્ણય ઉપર આવવું. હવે મારું હિત વર્તમાન સ્થિતિમાં વિશેષ વૃદ્ધિરૂપ ન લાગતાં આ પરિવર્તન થાય છે. મને આ સંપ્રદાયમાં દીક્ષિત થયા ૨૧ વરસ થયા. તેમાં મારી યથાશક્તિએ સૂત્રો-ગ્રંથો વાંચી, વિચારી, જાણીને મને આ રીતે હવે અનુકૂળતા જણાઈ તે માટે આ પરિવર્તન છે.**

આ રીતે આપણે જોયું કે કાનજીસ્વામી જન્મથી લઈને તેર વર્ષની ઉંમર સુધી ૧૩ વર્ષ (સંવત ૧૯૪૬ થી ૧૯૫૯ અર્થાત્ ઇ. સ. ૧૮૯૦ થી ૧૯૦૩ સુધી) ઉમરાળામાં રહે છે.

પછી ૨૨ વર્ષની ઉંમર સુધી એટલે બીજા નવ વર્ષ (સંવત ૧૯૬૦ થી ૧૯૬૮ સુધી) પાલેજમાં રહે છે.

ત્યારબાદ દોઢ વર્ષ (સંવત ૧૯૬૮ થી ૧૯૬૯ સુધી) ગુરુ પાસે અભ્યાસ વગેરેમાં પસાર થાય છે.

પછી ૨૪ વર્ષની ઉંમરથી ૪૫ વર્ષની ઉંમર સુધી એટલે કે ૨૧ વર્ષ અને ચાર મહિના (સંવત ૧૯૭૦ થી ૧૯૯૧ અર્થાત્ ઇ. સ. ૧૯૧૩ થી ૧૯૩૫ સુધી) સ્થાનકવાસી સંપ્રદાયમાં સાધુ તરીકે રહે છે અને હવે ૪૫ વર્ષની વયે સંવત ૧૯૯૧ માં પરિવર્તન કરે છે.

ડૉ. હુકમચંદજી ભારિલ્લ દ્વારા તારીખ ૨૭-૬-૧૯૭૭ ના રોજ લેવાયેલ એક ઇન્ટરવ્યુમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પોતાના સંપ્રદાય પરિવર્તન વિશે કહે છે : 'અમે દિગંબર ધર્મને સત્યપંથ જાણીને, માનીને અંગીકાર કર્યો છે. ધર્મ શ્રદ્ધાની વસ્તુ છે. તેને કોઈના છાપ–મુદ્રાની જરૂર નથી. અમને ન તો કોઈએ દિગંબર બનાવ્યા છે અને ન કોઈ અમને દિગંબર મટાડી શકશે. અમે અમારી શ્રદ્ધાથી દિગંબર બન્યા છીએ અને અમારી શ્રદ્ધાથી જ દિગંબર બની રહીશું.'

પૂજ્ય ગુરુદેવશ્રીએ જે મકાનમાં પરિવર્તન કર્યું તે માનવવસ્તિથી થોડું દૂર હોવાથી આજુબાજુના કોલાહલ વિનાની નિરવ શાંતિનો અનુભવ ત્યાં થાય છે. દૂરથી પણ કોઈ આવતું હોય તો પગરવ સંભળાય છે. થોડા મહિનાઓ સુધી આવા નિર્જન, એકાંત, શાંત મકાનમાં દર્શન કરવા આવેલા બે-ચાર મુમુક્ષુઓ સાથે સમયસારાદિનો સ્વાધ્યાય કરતા તેઓશ્રીને જોતા. તેમના પ્રવચનોમાં ઉભરાતી હજારોની માનવમેદની નજર સમક્ષ તરવરતી અને તે જાહોજલાલીને નિઃકાંક્ષભાવે, નિસ્પૃભાવે, નિરપેક્ષભાવે છોડનાર તે મહાપુરુષની સિંહવૃત્તિ, નિર્માનતા આગળ હૃદય ઢળી પડતું.

સંપ્રદાયનો મોહ છોડવો અતિ દુષ્કર છે. સત્‌ને સ્વીકારનારા ત્રણે કાળે ઓછા જ હોય છે. છતાં સાંપ્રદાયિક વ્યામોહ અને સમાજનો ભય છોડીને પૂજ્યશ્રી કાનજીસ્વામી પરિવર્તન પછી શું કરે છે તે જોવાની જિજ્ઞાસાથી ઘણા જીવો સોનગઢ આવે છે. પૂજ્યશ્રી કાનજીસ્વામી તો કોઈપણ પ્રત્યે પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ રાખ્યા વિના શાંતભાવે નિરંતર પોતાના સ્વાધ્યાયમાં, ચિંતનમાં, મનનમાં જ મગ્ન રહેલા દેખાય છે. તેઓશ્રીની આવી ઉપેક્ષાવૃત્તિ અને સ્વાધ્યાયમય જીવન જોઈને તેમ જ અપૂર્વ દેશના સાંભળીને સુપાત્ર જીવો ઠરી જાય છે. તેમના ચરણકમળમાં મસ્તક ઝુકાવે છે, તેમનું શરણ–આશ્રય અંગીકાર કરે છે. સ્વયં તે જીવો સંપ્રદાય પરિવર્તન

કરે છે અને તૂટેલો ભક્તિનો પ્રવાહ ફરીને ઉછળે છે. કોઈ કોઈ જીવો તો પશ્ચાતાપ પણ કરે છે : 'ગુરુદેવ ! અમે આપની ઘણી અશાતના કરી છે. અમને ક્ષમા આપજો.' કરુણાસાગરને તેમના પ્રત્યે કરુણા–કૃપાદૃષ્ટિ સિવાય બીજું શું હોય ? જેમ જેમ તેઓશ્રીના પવિત્ર–નિર્મળ જીવન અને અધ્યાત્મમય વાણીની વાત ફેલાય છે તેમ તેમ વધારે ને વધારે જીવોને તેઓશ્રી પ્રત્યે પુનઃબહુમાન જાગે છે અને સાંપ્રદાયિક મોહને કારણે દબાઈ ગયેલી ભક્તિ ફરીને જાગે છે. આત્મહિતાર્થી જીવોના જીવન–આધાર સોનગઢમાં વસે છે તો આત્માર્થીઓ પણ સોનગઢ તરફ ખેંચાય છે અને ધીમે ધીમે સત્સંગાર્થી જીવોનો પ્રવાહ સોનગઢ તરફ વહેવા લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તન પછી સાંપ્રદાયિક વિરોધને અવગણીને સૌ પ્રથમ સોનગઢ આવનાર કોઈ અગ્રણી હોય તો તે છે બોટાદના રાયચંદભાઈ ગાંધી. તેઓ આશરે ૬૦ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંઘ સાથે પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન કરવા અને પર્યુષણ કરવા સોનગઢ આવે છે. આ રીતે ધર્મપ્રેમી જિજ્ઞાસુઓ માટે સોનગઢ આવવાનો માર્ગ ખુલ્લો થાય છે. ઘણા જિજ્ઞાસુઓ આવવાથી પહેલા જ પર્યુષણમાં 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નાનું પડે છે અને તેથી ગુરુકુળ હાઈસ્કુલની મોટી જગ્યામાં પ્રવચન કરવા પડે છે.

ભક્તિ ગીત... લો રોકો તુફાન ચલા રે...

# કહાન ગુરુદેવ જયવંત વર્તો ! જયવંત વર્તો !!